

કુમાર

૯૧મો અંક
અ ષા ઢ - ઓ ગ ણી સ સો સ ત્યા ર

આવતી કાલનાં નાગરિકોમાં નવા વિચાર અને નવી વાંછાઓ પ્રગટાવતું માસિક







કમળ તળાવડી	ચિત્રકાર : શ્રી રમેન્દ્રનાથ ચક્રવર્તી ત્રિરંગી મુખચિત્ર	
સર્જકશ્રેષ્ઠ આંગળાં (કાવ્ય)	કૃષ્ણલાલ શ્રીધરાણી	૨૪૧
ગિજલસ		૨૪૨
ગુજરાત સંસ્કાર અને સંસ્કૃતિ	સુરેશ દીક્ષિત	૨૪૪
શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાય	ઇ.ત.	૨૪૯
રખેવાળ (વાર્તા)	તનસુખ ભટ્ટ	૨૫૪
નાગપુજા	ચિત્રકાર : રસિકલાલ પરીખ	૨૫૬
મોઢેરાનું પ્રાચીન ખંડિત સૂર્યમંદિર (ફોટો)		૨૫૭
હિંદનાં શિલ્પ-સ્થાપત્ય	હરિપ્રસાદ મ. દેસાઇ	૨૫૭
સ્મરણયાત્રા	દત્તાત્રેય બા. કાલેલકર	૨૬૩
મહારાષ્ટ્ર જૂનું અને નવું	બાળ કાલેલકર	૨૬૬
આવળ (બાળવિભાગ)	ગિજુભાઇ	૨૭૦
વાનરો (કાવ્ય) ,,	મોહિનીચન્દ્ર	૨૭૦
અમેરિકાના પત્રો	અનંત	૨૭૧
ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ		૨૭૩
જ્ઞાનલીલા		૨૭૫
માધુકરી		૨૭૬
છેલ્લું પાનું		૨૮૦

તંત્રી રવિશંકર રાવળ; મુદ્રક–પ્રકાશક બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી–કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

જાહેર ખબર માટેના મુંબાઇ ખાતેના સોલ એજન્ટ મેસર્સ રાવલ બ્રધર્સ મૂળજી જેઠા બિલ્ડિંગ પ્રિન્સેસ સ્ટ્રીટ

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

સર્જકશ્રેષ્ઠ આંગળાં

[રેશમનું કામ કરનારા નાગોડ જાતના કારીગરોએ તેઓની પાસેથી બળાત્કારે કામ ન કરાવવામાં આવે તે ખાતર પોતાનાં આંગળાં કાપી નાખ્યાં હતાં.—બોલ્ટ્સ]

• ઉપજાતિ–વંશસ્થ •

'બેટા! અહીં એ છરી કાં ન આણે?'
વદી જરી વૃદ્ધ નમી ઊભો થયો;
પડી મૂકી શાળ અપૂર્ણ વાણે,
ધરી ભીનાં નેન નીચાં શરમી ગયો.

ત્રિભંગથી રહેજ છટા પ્રસારી,
ભરી બધે સ્વાંગ સુવર્ણ રંગના,
સંધ્યા તણા કેશ જરા સમારી,
ડૂબે રવિ શાશ્વત કાલગંગમાં.

'બેટા! અહીં એ છરી કાં ન આણે?'
વદી ફરી વૃદ્ધ હસી ઊભો રહે;
પડી મૂકી શાળ અપૂર્ણ વાણે,
અનંત આરે કંઈ શોધવા ચહે.

ગ્રહી છરી; ઓષ્ઠ સુમંદ ધ્રૂજે;
લહી રહે પાંચ સુરેખ આંગળાં;
ને આંખમાં ભાવ અકથ્ય ઝૂઝે,
ધીમે ધીમે શબ્દ સરંત પાંગળા:

'જનો તણી લાજ તમે વિદારી,
ઢાંક્યાં તમે લોક ધ્રૂજંત ટાઢમાં;
ઢાંકી જરા સુંદરતા પ્રસારી,
લૂછ્યા બીના દેહ તમે અષાઢમાં.

'દિલ્હી તણી એ નવયૌવનાઓ
સજી સુવસ્ત્રો શબનમ્ સમાં વણી;
કૃતાર્થ ભાવે સજી નૂર્જહાંઓ
હવા સમાં ચીર ઝીણાં વણીવણી.

'પરંતુ એવી તમ સૌ કળાએ
ગુલામ શો આજ મને કરી મૂક્યો.
કલા તણી સુંદર સર્જનાએ
હીણો કર્યો આજ મને.' વદી ઝૂક્યો.

રહી ગયા હસ્ત વહંત પાંગળા:
નીચે પડ્યાં સર્જકશ્રેષ્ઠ આંગળાં!

કૃષ્ણલાલ શ્રીધરાણી



વિદ્યાર્થીઓ ભવિષ્યના ધુમ્મસમાં નજર નાખી શકે તો તેમને સ્પષ્ટ જણાશે કે તેમને માટે અગાઉ નહિ જોએલો એવો સખત હરીફાઇનો, મોંઘવારીનો ને લાચારીનો સમય તોળાઈ રહ્યો છે. આ આફતમાંથી તેમને બચાવવાને આજે કોઈ સંસ્થાને, રાજ્યને કે મંડળને લેશ પણ પ્રવૃત્તિ સૂઝતી નથી અથવા તે તરફ ધ્યાન આપવાને વેળા નથી. દેશની સ્થિતિ અને પ્રજાની શક્તિની તુલના કર્યા વિના યુનિવર્સિટી ખર્ચાળ અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓનાં આયુષ્ય અને સમય પીંખ્યે જ જાય છે અને વિદ્યાર્થીઓને સંસારમાં ભૂખ્યા નિરાધાર હાલતમાં છૂટા મૂકી, નીંભર થઈ પોતાના વૈભવી પ્રોફેસરો ને સેનેટરોના વાણીવિલાસ માટે દેશનું દ્રવ્ય ઉડાડ્યે જાય છે. યુનિવર્સિટીના આવા વલણની અસર બાળવર્ગની કેળવણીથી માંડી છેવટની મોટી ડિગ્રીઓ સુધી છૂટી થતી નથી. ડિગ્રીઓ લઇ નીકળેલા કોઇક જ જુવાને સ્વતંત્ર ધંધા સ્થાપ્યાના કે સ્વતંત્ર આજીવિકા શરૂ કર્યાના દાખલા મળશે.

આવી નિરાધારતાનાં કારણોમાં સામાજિક રિવાજો, જ્ઞાતિમર્યાદાઓ અથવા લોકાપવાદ થોડાંઘણાં કારણભૂત થતાં હશે, પરંતુ જો કેળવણીનું બળ સાચું હોય તો એ બધાંને નાબૂદ કરી સંસારમાં બળવાન વિચારવાન ઉદાર સમાજ સ્થાપી શકાય. તેને બદલે આજે તો લગભગ બધા જ નિરૂપાય નિઃસહાય જેવા બની, જીવનનાં કર્મની વાતો દફતરે બાંધી, ઘાંચીના બેલની માફક કાયદા, રાજ્ય કે સરકારના કોઈ ખાતામાં ધોંસરૂં ચડાવી જીવનપંથ ક્યારે પૂરો થાય તેની ગણતરી કરતા થઈ જાય છે. એવાઓથી નથી સમાજનું વાતાવરણ બદલાતું કે નથી પ્રજાના માર્ગના અંતરાયો કપાતા. નવી કેળવણી, નવી દૃષ્ટિ કે નવા અખતરા તરફ તેઓ પણ શંકા અને ભયની નજરે જોયા કરે છે, અને જેમ સાસુ બનેલી વહુ વધારે કઠોર સાસુ બને છે તેમ તેઓ વધારે કડક માબાપ કે નિષ્ઠુર અધિકારી નીવડે છે. એવાઓ જ બાળકો, વિદ્યાર્થી કે કન્યાઓનાં વાતાવરણ રૂંધે છે, યોગ્ય સ્વતંત્રતા ને તાલીમના વિરોધીઓ બને છે, દેશના મહેનતુ વર્ગ તરફ શેઠાઇભરી વર્તણૂક રાખે છે ને પોતાની ક્લબો કે મંડળીઓ મારફત સમાજ ને દેશ પર ચાલતા અંધ શાસનમાં હાથ આપી પોતાનો સ્વાર્થ સાધી લેતા હોય છે.

> કોઇ તમને નોકરી કે કામ ન આપે તો તમે શું કરો ? એ પ્રશ્ન દરેક વિદ્યાર્થીએ અભ્યાસ દરમ્યાન જ પોતાની જાતને પૂછીને તેનો યોગ્ય ઉત્તર વિચારી રાખવો.

વિદ્યાર્થીઓની હિલચાલો પર અંકુશ મૂકવામાં, તેમને દાબી દેવામાં અથવા દરેક રીતે તેમનાથી ચડિયાતા અને ડાહ્યા ગણાવામાં જક્ક પકડી રાખનારા અધિકારીઓ, શિક્ષકો અને માબાપો આજથી દસ પંદર કે વીસ વર્ષ પહેલાંનું પોતાનું વિદ્યાર્થીજીવન સંભારે. તેમના પર ચાલતો શાળા, સમાજ અને કુટુંબનો ખોટો દોર, અપમાનો તથા અન્યાયભર્યા આરોપો અને ધમકીઓ તેઓ ભૂલી ગયા ન હોય તો આજના વિદ્યાર્થી તરફ તેમણે દિલસોજી અને સદ્ભાવભર્યું વર્તન બતાવવું જોઇએ; તેના જીવનના કોયડા ઉકેલવામાં સાથ અને સાધન આપવાં જોઇએ. પોતાની વગ, પૈસા અને શક્તિ વિદ્યાર્થી માટે વાપરવાને સમાજ તત્પર ન થાય ત્યાં સુધી જનસમાજનાં પૂર ચડવાનાં નથી.

વિદ્યાર્થીઓ ભલે શાળાઓનાં બારણાંની પૂજા કરવા રોજ આંટા મારે, પણ તેમની ઉપાસનામાં ઉગ્ર તપશ્ચર્યા અને લાગણી ઉપજે નહિ, ત્યાં સુધી એ સમય અને મહેનત ફળવાનાં નથી. શાળાનાં વર્ષોનો સરવાળો કરતાં ફળ રૂપે તેને માત્ર ભાષાજ્ઞાન કે ગણિતનાં મૂળતત્ત્વો મળતાં હશે, પણ તેના વ્યવહાર માટે તો તેને પાછાં બીજાં વર્ષો ખર્ચવાનાં રહે છે જ. શાળા છોડનારો વિદ્યાર્થી સંસારના કયે આરે જઇ ઊભો રહે તો તેને સંસાર તરવાનું સાધન મળશે એ કોઇ કહી શકતું નથી. ક્યાંથી કહી શકે ?— કોઈ જાણતું જ નથી !

મૅટ્રિક થઇને શું કરશો, અથવા બી. એ. થઇને શું કરશો એ સવાલ દરેક જણની સામે અણઉત્તર ઊભો જ છે. કોઇને ભવતરનો હિસાબ કરવાની સૂઝ પડતી નથી, એટલે નિશાળ કે કૉલેજમાં જવા આવવાને બહાને વખત કાઢી નંખાય છે. પણ છેવટે તો 'હવે શું ?'નો ડોળો કાઢતો સવાલ અટકાવે છે. તાજેતરમાં છૂટેલો વિદ્યાર્થી આમથી તેમ ભટકે

નવા થનારા ગ્રાહકો માટે
ખાસ લાભ
પણ માત્ર જૂજ વખતને માટે

આ ઑગસ્ટની પહેલી તારીખથી જે પહેલા પચીસ જણ 'કુમાર'ના આ વર્ષના વાર્ષિક ગ્રાહક તરીકે નોંધાશે તેમને શ્રી દેશળજી પરમારે પોતાનાં

ગલગોટા અને હલકો

એ બે બાળ-કાવ્યોનાં સુંદર સચિત્ર પુસ્તકોમાંનું ગમે તે એક ભેટ તરીકે આપવાની ઇચ્છા દર્શાવી છે. પુસ્તક લેવાની પસંદગી ગ્રાહકની પોતાની રહેશે.

કોણ પહેલો લાભ લે છે ?

છે, પણ તેને માટે રાહ જોતી કોઇ જગ્યા કે કોઇ કામ નજરે પડતું નથી. તે મુંઝાય છે. નિશાળનું શીખ્યું કંઇ તેની મદદે આવતું નથી. તેનું વિજ્ઞાન, તેની ભૂગોળ, તેનું ગણિત, બધું પરીક્ષાના જવાબો ભેગુ વીંટો થઇ ગયું લાગે છે. માંડમાંડ ત્રીસ કે ચાળીસ રૂપિયાની આવકવાળી નોકરી કે કામ માટે તે છ મહિના કે વર્ષ કોઈની દુકાને કે કોઇ ઑફિસોમાં આંટા મારે છે. બહુબહુ વગ લગાડે છે ત્યારે કાંઇક ઠેકાણું પડે છે. હજારમાં એકાદ જણ આગળ ઉચ્ચ પદે જતો દેખાય છે તેનું દષ્ટાંત બધાને લાગુ પડાય નહિ. પણ મૂળ બાબત એ છે કે કેળવણીના નામે જે હજારો રૂપિયા ખર્ચાયા તે ખાતે સંતોષ લેવાને શું મળ્યું? સ્ટેશન પરની હૉટેલ ચલાવનારો કે શહેરમાં ફેરી મારનારો અથવા વૉશિંગ કંપની કે સલૂન ચલાવનારો પણ તેને હસે છે કે બાપના પૈસા બગાડી છેવટે તો આટલે જ પહોંચ્યા ને?

સાયન્સ શીખી આવેલો ફળોનું સંરક્ષણ કરવાના પ્રયોગો સિદ્ધ કરી ફળની દુકાન ખોલે તો? માનસશાસ્ત્ર ભણી હોશિયાર બનેલો વિદ્યાર્થી લોકોમાં નવી જાતના માલ અને વસ્તુઓની રુચિ ઉત્પન્ન કરી પોતાનો વેપાર કરે તો? એંજિનીઅર કોઇ નવી ઢબનાં ઘરગથ્થુ સાધનો ઉત્પન્ન કરી નાનું કારખાનું ઊભું કરે તો? અથવા આવા ઘણા વિદ્યાર્થીઓ મળી નાના ઉદ્યોગો સ્થાપી માલ તૈયાર કરી જાતે જ પ્રચારકાર્ય કરી પોતાના સમાજમાં ખપાવી શકે અને સ્વતંત્ર આજીવિકા ઊભી કરી શકે. નિશાળના કે પોળના ઉપયોગ પ્રમાણે તે તે સ્થળે નાના સ્ટોર ચલાવનારા, સામાન રીપેર કરી આપનારા, નકામી વસ્તુઓને ખપની બનાવી આપનારા, ઘરનાં રાચરચીલાં પોસાતા ભાવે સાફસુફ કે રંગીન કરી આપનારાની જરૂરિયાત બધે દેખાય છે, છતાં તે જાતનાં કામો યુવાનો હાથમાં કેમ લેતા નથી . . . . કોઇ કહેશો એમને બેકાર કેમ રહેવું પડે છે?

ચિત્રશિક્ષણની અગત્ય

માણસને કવિ કે સાક્ષર થવું હોય કે ન હોય તો યે વ્યવહાર ખાતર પણ જેમ તે અક્ષરો લખતાં શીખે છે, ગણિતી થવું હોય કે ન હોય તોપણ જેમ તે જીવનવ્યવહાર ખાતર આંકડા અને સરવાળા બાદબાકી વગેરે પ્રાથમિક ક્રિયાઓ શીખે છે, તેવી જ રીતે દરેક ભણેલા માણસે પોતાના મનની કલ્પના વ્યક્ત કરવા સારૂ, પોતે જોએલા પદાર્થો અથવા દશ્યો સમજાય એવી રીતે વ્યક્ત કરવા સારૂ ચિત્રકળા શીખવી જોઇએ. જેમ કેળવણીની શરૂઆત જ લેખનવાચન, આંક અને પલાખાંથી થાય છે તેમ કેળવણીના મૂળમાં જ ચિત્રકળા દાખલ કરવી જોઇએ.

મૂંગો માણસ મનમાં ગમે તે વિચાર આવે તો યે તે બોલી બતાવી શકતો નથી, નિરક્ષર માણસ પોતાની વાણી લિપિબદ્ધ કરી બીજા આગળ રજૂ કરી શકતો નથી; તેવી જ રીતે આજે આપણા સમાજમાં લગભગ બધા જ લોકો જોએલી વસ્તુઓ, નિહાળેલા બનાવો અથવા ધારેલી યોજનાઓ ચિત્રબદ્ધ કરી શકતા નથી. વાણીવિહીન થવું એ જેમ દુર્દૈવ ગણાય છે, લખતાં ન આવડે એ જેમ જીવનની ભારે ઉણપ ગણાય છે, તેમ ચિત્રલેખનથી અજાણ રહેવું એ પણ કેળવણીની મોટામાં મોટી ખામી ગણાવી જોઇએ અમુક માણસને લખતાંવાંચતાં આવડતું નથી એમ કહેતાંવેંત જેમ આપણે એની અમુક અશક્તિનો ખ્યાલ મનમાં તરત બાંધીએ છીએ તેમ જ અમુક માણસને ચીતરતાં આવડતું નથી એમ કહેતાંવેંત તે કેળવાએલો નથી, અપંગ છે, એવો ખ્યાલ આવવો જોઇએ. **દ. બા. કાલેલકર**

રૂ. ૫૦ ઇનામ

◆

આધુનિક દેશસ્થિતિના
સત્ય દિગ્દર્શન ને સંગીન માર્ગદર્શન
કરાવતા લેખ માટે

◆

હિંદ આજે જે દશામાં આવી પડયું છે તેનું યથાસ્થિત અને તાદશ વર્ણન કરતા દેશ સમાજ ને વ્યક્તિ વિષેના સત્ય અનુભવોનું કથન, તથા એ સ્થિતિમાંથી દેશને કેવી રીતે તારી શકાય તેનું માર્ગદર્શન કરાવતા સંગીન વિચારો ટૂંકામાં ટૂંકી ને સચોટ રીતે નિબંધ રૂપે લખી મોકલનારને ઉપલું ઇનામ આપવાની યોજના એક ગૃહસ્થે અમારી આગળ મૂકી છે. આટલા તેના નિયમો છે:

◆

(૧) ગ્રાહક કે બીનગ્રાહક સૌ આમાં ભાગ લઇ શકશે. (૨) બધા લેખો ઑક્ટોબરની ૩૧મી તારીખ સુધીમાં કુમાર કાર્યાલયમાં તંત્રીને સરનામે મળી જવા જોઇએ. (૩) લેખના કવર ઉપર ઉપલે ડાબે ખૂણે 'ઈનામી નિબંધ' એટલું લખેલું હોય; તથા લેખની સાથે કાર્યાલયને કે બીજા કોઇપણ વિષયને લગતો કોઇ જાતનો પત્રવ્યવહાર બીડેલો હોય નહિ. (૪) લેખની શ્રેષ્ઠતા ઇનામ આપનાર ગૃહસ્થ પોતે નક્કી કરશે. (૫) પારિતોષિક પામેલો લેખ 'કુમાર'માં પ્રગટ થશે.

આપણી શ્રદ્ધા

આજે આપણે કેટલું ઘણું કામ કર્યું કે કેટલું ઓછું કામ કર્યું એના ઉપર કામ કર્યાનો સંતોષ, અસંતોષ, કે સેવા કર્યાનો આનંદ નિરાનંદ, કે જીવન જીવ્યાની સાર્થકતા અસાર્થકતા ન માપીએ પણ આપણે જે થોડું કે ઘણું કામ કર્યું તેની પાછળ આપણી શ્રદ્ધા કેટલી હતી, આપણો પ્રેમ કેટલો હતો, આપણી ધગશ કેટલી હતી, આપણો જીવન-ઉત્સાહ અને ઉલ્લાસ કેટલો હતો તે જાણી તેના ઉપર કામ કર્યાનો તોલ બાંધીએ. કામ ઢગલો કર્યું હોય અને છતાં તોલમાં કાંઈ જ ન તળે. કામ પાશેર જ કર્યું હોય જે વખતે ખાંડીએ તોળાય. ખરી વાત કામ પાછળની નિષ્ઠા છે. કામ પાછળનું સત્ય છે.



ગુજરાત સંસ્કાર અને સંસ્કૃતિ

લેખક
સુરેશ દીક્ષિત
એમ.એ., એમ.એસસી.

દેશના રાજદ્વારી વિભાગોની આપણા મન ઉપર એટલી સજ્જડ છાપ પડેલી રહે છે કે વર્તમાન નકશાની બહાર જવલ્લે જ આપણી દૃષ્ટિ ઠરે છે. રેલવેના જોડાણથી ખરૂં સ્થલાંતર વીસરાઇ જવાય છે. વેપાર માટે બાંધેલા ધોરી રસ્તા કે સગવડ ખાતર મુકરર કરેલા તાલુકા એ સંસ્કૃતિના માર્ગ કે કેન્દ્ર નથી. કોઈ પણ પ્રજાના સંસ્કાર ને સંસ્કૃતિની રેખા આલેખતાં ઇતિહાસનું અખંડ પાનું વાંચવું જોઇએ. સંસ્કાર તો પડે ને ભુંસાય. સંસ્કૃતિ તો પ્રજાના અહોરાત્ર જીવનનું પરિણામ છે. માનવ સમૂહના હાલતાચાલતા વેગ ને વહેણની મહા અસર તેમાં સંકલિત હોય.


ગુજરાતની નૈસર્ગિક સીમાએ ઉત્તરમાં લૂણી નદી અને જોધપુર; પૂર્વે મેવાડ અને માળવાથી છૂટો પડતો અરવલ્લી તથા ખાનદેશને જુદો પાડતો સહ્યાદ્રિ; દક્ષિણે તાપીનો કોકણથી જુદો પડતો પ્રદેશ (દમણ?) અને પશ્ચિમે દરિયાકિનારો. આખું યે ક્ષેત્રફળ ગ્રેટ-બ્રિટન જેટલું હશે. નર્મદાની દક્ષિણનો ભાગ દ્રાવિડમાં અને ઉત્તરનો આર્યાવર્તમાં ગણાયો છે.

આપણા ઇતિહાસમાં દરિયાએ મુખ્ય ભાગ ભજવ્યો છે. ગુજરાતની સંસ્કૃતિ એટલે વેપારવણજના અને ખેતીવાડીના સંસ્કાર. સપાટ જમીન ઉપર વસતા ગુજરાતીઓની કલ્પનાને ઘેરે એવા પર્વતો નથી કે નશો ચડાવે એવાં જંગલ કે જળ નથી. જમીન કંઇક ગોરી, કંઇક કાળી, કંઇક રેતાળ, પણ પોચી અને ફળદ્રુપ. ધરતીના પેટમાં નથી ખનીજ જડ્યાં કે ખાણ. આબોહવા ત્રણ ઋતુમાં વહેંચાઇ રહેલી છે. ચોમાસે બહુ જળ નહિ, શિયાળે બરફ નહિ કે ઉનાળે અંગાર નહિ. સાપના ફૂંફાડા, વીંછીના ટચકા, વાઘસિંહના થોડા શોર–એ વિના બીજાં પ્રાણીનો ઝાઝો ત્રાસ નથી.

અરવલ્લીની પર્વતમાળા જગજૂની છે. એક વખત મહાસાગર કચ્છના રણને ડુબાડી સિંધના મોટા ભાગ પર ઊછળતો ત્યારે ગુજરાતના કિનારાની ભૂગોળ આજ કરતાં જુદી હતી. પછી દરિયો ધીરેધીરે પુરાતો ગયો. એ તેની વિચિત્રતા હતી અને આજે પણ છે.

ચારપાંચ હજાર વર્ષ પહેલાં સારૂં ય હિંદ અનાર્ય પ્રજાનું ઘર હતું. કંઇક બખોલોમાં, કંઇક ઝાડીઓમાં વસતા અનાર્ય શ્યામ હતા, દિગંબર હતા. આફ્રિકાની પ્રજાને મળતા હતા; પણ વાંકડિયા વાળ કે જાડા હોઠ વાળા નહિ. તેઓ માનવભક્ષી હોય તો નવાઇ નથી. તેમના જીવન સંબંધે ઘણું કલ્પના જેવું છે. એ અનાર્યોને દાબી કચડી દક્ષિણ હિંદ ઉપર દ્રાવિડ પ્રજાએ આક્રમણ કર્યું. આજના મદ્રાસીના એ દ્રાવિડ પિતૃઓ ઇજિપ્ત અને બૅબિલોન તરફથી આવ્યાનો સંભવ છે. રુધિરધારાએ સ્નાન કરતી એ સંસ્કૃતિના અવશેષો આજ પણ જડી આવે. એ અંધકાર યુગનાં ઝાંખાં સ્મરણ આજે માત્ર હિંદુઓના થોડા રીત-રિવાજમાં છે. પાછળ આવેલા આર્યોને મન તેઓ દસ્યુ કે દાસ થવા સર્જાયા હતા.

દ્રાવિડ સંસ્કૃતિના બે વિભાગ થાય: ઉત્તરની અને દક્ષિણની. વૃક્ષ અને પ્રાણીપૂજા, સૂર્યપૂજા, ભૂતપ્રેતની પૂજા અને ધરતી માતાની પૂજા એવા એના લાક્ષણિક સ્તંભ હતા. ઇજિપ્તની સંસ્કૃતિ સાથે એને થોડું સામ્ય હતું. સ્વસ્તિકનું આ 卐 શુભ ચિહ્ન એ સંસ્કૃતિના અમર સ્મારક રૂપે રહ્યું છે. દ્રાવિડ સંસ્કૃતિની ધરતીપૂજામાંથી શક્તિની ઉપાસના જન્મી; પ્રાણી તથા વૃક્ષની પૂજા સર્પ, ગાય, હાથી, વડ ને તુલસીની પૂજામાં



સિદ્ધ થઇ. (જુઓ આ અંકમાનું 'નાગપૂજા'નું ચિત્ર) પાષાણપૂજા અને હોમહવનની જંજાળ વધવા માંડી. દ્રાવિડ સંસ્કૃતિમાં માતાને ઊંચું સ્થાન હતું અને માતાની આસપાસ કુટુંબ બંધાતાં. આમ અનાર્ય સંસ્કૃતિ જોડે દ્રાવિડ સંસ્કૃતિનું સંકલન થયું. પાયામાં બે થર પથરાયા. એ કાળે શ્રદ્ધા હતી પણ ધર્મ નહોતો. આચારવિચાર ઘડાતા તે વહેમ ને અચંબાના પરિણામે.

ત્રણ હજાર વર્ષ પૂર્વે મધ્ય એશિયાનાં ઘાસનાં બીડોમાંથી પોપટનાં ટોળાં જેવા આર્યો નીકળ્યા. તેમના આક્રમણમાં અશ્વની ગતિ હતી. એટલું તો ચોક્કસ જ છે કે ધાતુનાં હથિયાર, ઓજાર અને વીજળી જેવા ઘોડાની સવારીથી તેમણે આર્યાવર્ત ઝડપ્યું. કંઈક વાયવ્ય પ્રાંતની સરહદમાંથી, કંઇક કાશ્મીર અને સિંધ-ની આજુબાજુએથી તેઓ સિંધુના પ્રદેશમાં દાખલ



થયા. હિમાલયની શ્વેત મેઘાવલિમાં ઊગતા આથમતા સૂર્યને નિહાળી, સિંધુ ને ગંગાજમનાનાં ખળખળ નાદ સાથે રમતાં રચાએલી જગતના સર્જનજૂના ભાવ જેવી એમની કવિતા ઋગવેદમાં પરિણમી. આર્યો ખેડુત ફિલસૂફ જેવા હતા. તેમના પ્રવેશે દેશમાં ધર્મભાવના ખીલવી, દેહસૌંદર્ય પ્રગટાવ્યું ને બુદ્ધિની તીવ્ર ચપળતા પ્રસારી. આર્યાવર્ત એટલે કાશ્મીર અને નર્મદા વચ્ચેનો પ્રદેશ. મહાસાગરનાં મોજાં જેવાં આર્યોનાં ટોળેટોળા ઊતરી આવ્યાં. દેશમાં સ્થિર અને પગભર થતાં અ-નાર્ય અને દ્રાવિડ સંસ્કૃતિની સંકલના તેમની સંસ્કૃતિ-માં થવા માંડી. હિંદની સંસ્કૃતિ એટલે પૃથક્કરણ નહિ પણ એકીકરણ.

આર્યોની સંસ્કૃતિ દ્રાવિડ સંસ્કૃતિથી નિરાળી હતી, પરંતુ તેમાં થોડાં અનુરૂપ તત્ત્વો હતાં જ. આર્ય સંસ્કૃતિ ઉચ્ચ ભૂમિકાએ હતી. આર્ય સંસ્કૃતિમાં નૈસર્ગિક તત્ત્વોની અને મૂન આત્માની ઉપાસના મુખ્ય હતી. તેઓ શબને બાળતા, વૃક્ષને પૂજતા, સરઅવસરે ઉ-જાણી કરતા ને ચંદ્રની કળાથી કાળના ભાગ કરતા. સત્ય બોલવું, અતિથીનો આદર કરવો ને ભાવી ઉપર શ્રદ્ધા રાખવી એ તેમના બીજા ગુણ હતા. પિતૃપૂજા ઉપર એમના કુટુંબની રચના હતી. તેમનો સમાજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રના ચાર કર્મ ઉપર ટકેલો હતો. હિંદમાં વસતાં વર્ણ અને જાતિની ઊંડી મહત્તાએ તેમનાં મનને ઘેર્યા. ધર્મ અને સમાજરચનાનું રક્ષણ એ તેમના મહત્ત્વના પ્રશ્નો હતા.

આર્યો હિંદુ નહોતા. આર્ય એટલે એક જાતિ એવું પણ નહોતું. આર્ય એ ભાષાવાચક શબ્દ છે તેટલો જાતિવાચક નથી. સંસ્કૃત ભાષા બોલે તે સર્વ આર્ય કહેવાતા. ઇરાન, ઇરાક, બૅબિલોન અને રોમ સુધી આર્ય સંસ્કૃતિ પથરાઈ હતી. લીથુઆનીઆની ભાષા આજે ય સંસ્કૃતને મળતી છે. હિંદમાં આર્ય સંસ્કૃતિ આર્ય–દ્રાવિડ રૂપે બદલાતી હતી. લગભગ બારમા સૈકા સુધી આર્ય અને દ્રાવિડ સંસ્કૃતિ અનેક રૂપે આપણા દેશમાં અફળાયા કરી છે.

આર્યાવર્તમાં વસવાનું કાર્ય સહેલું નહોતું. ભૂમિને વસવાટ માટે ચોખ્ખી કરવાની હતી. જંગલમાં ભ-રાએલી અનાર્ય પ્રજા–જેનો મોટો ભાગ કાબુમાં ન-હોતો–તેને ઠેકાણે લાવવાની હતી. મોટાં સૈન્યો કે રાજાના પક્ષમાં લડતાં આર્યો હિંદમાં આવ્યા નહોતા. રાજ્યાસન તો હિંદમાં વસ્યા પછી તેઓએ ગોઠવ્યાં. આર્યોનું આક્રમણ રાજકીય નહિ પણ સામાજિક હતું. કુટુંબ વસાવવા તેમને પરપ્રજા સાથે લગ્નો કરવાની જરૂર પડેલી. એક દેશની પ્રજા પરદેશમાં વસવા જાય ત્યારે સ્ત્રીઓ કરતાં પુરુષોની સંખ્યા વધારે હોય એ સ્વાભાવિક છે. તેમાં યે સાહસિક પુરુષો વધારે ઝડપ-થી આગળ વધે. હિંદુ સંસારોમાં પ્રજોત્પતિ ઉપર મુકાએલા ભારનું રહસ્ય અહીં છે.

નૈસર્ગિક અને ધાર્મિક રીતે વર્ષો સુધી એક, તથા એક રાજછત્ર નીચે એકત્રિત થયેલા એવા કોઇ પણ મહાદેશના એક વિભાગની સંસ્કૃતિ અનોખી ન હોય. રાજ્ય કરતાં કુદરત અને ધર્મના સંસ્કાર પ્રજા ઉપર ઊંડા પડે છે. રાજ્યસત્તા ડોલતી રહે છે, ધર્મસત્તા પણ ઊડતી છે; ત્યારે કુદરતી તત્ત્વોની અસર સ્થાયી રહે છે. ગુજરાતની સંસ્કૃતિ સકળ ભરતખંડની સંસ્કૃતિ સાથે સમાન છે, જોકે તેના સંસ્કાર કંઇક જુદા છે. પરંતુ સારા ય હિંદની ઐતિહાસિક અને ધાર્મિક સંસ્કૃતિમાં તો આપણે એક છીએ.

આર્યો ગુજરાતને અનર્ત કહેતા. વિક્રમનાં ચારસો વર્ષ પહેલાં અનર્ત આર્યોથી વસી ગયું હતું. આર્યો જ્યારે અનર્ત આવી વસ્યા ત્યારે વેદ રચાઇ ગયા હતા, ઉપનિષદ લખાઇ ગયાં હતાં. મહાભારત અને રામાયણ કંઠસ્થ થયાં હતાં અને બ્રાહ્મણ ધર્મશાસ્ત્ર રચાતાં હતાં. ઉત્તર હિંદમાં વસ્યા બાદ સૈકાઓ પછી આર્યો અનર્ત આવ્યા. સાથેસાથે તૈયાર સંસ્કૃતિ લેતા આવ્યા. અનર્ત તે કાળે મધ્યદેશમાં ગણાતું. એની વસ્તી સંયુક્ત લોહીની ને અશુદ્ધ ગણાતી. ઉત્તર હિંદ કરતાં તેનું બ્રાહ્મણત્વ હલકું ગણાતું. અનર્તમાં પ્રવેશ કરવાના બે જમીનમાર્ગ હતા. સિંધની બાજુમાં થઇ કચ્છ રજપૂતાનાને રસ્તે અથવા તો મથુરા અને ઉજ્જેન તરફ ફરીને. કાઠિયાવાડને સૌરાષ્ટ્ર કહેતા, પશ્ચિમ ગુજરાતને લાટ કહેતા અને ઉત્તર ગુજરાતને અનર્ત કહેતા. ગુજરાત દક્ષિણે દ્રાવિડ અને ઉત્તરે આર્યોથી દબાતું. પશ્ચિમે ઘૂઘવતો મહાસાગર ગુજરાતનું ઘડતર ઘડવા ફૂંફાડા મારતો. ગુજરાતને ઉત્તર પાસે સિંધ અને ગાંધાર સુધી જબરદસ્ત બ્રાહ્મણ રાજ્ય હતાં. સિંધુ અને ગંગાજમનાના પ્રદેશમાં આર્યોની અભેદ દીવાલ હતી.

બ્રાહ્મણો કરતા કારવતા હતા. તેમનું જીવન સરળ સાદું અને નિઃસ્વાર્થી હતું. સીવ્યા વિનાનું કપડું તેઓ અંગે ઓઢતા. જંગલમાં ઝૂંપડાં બાંધી રહેતા. ઘાસ અને લાકડું એમના નિત્ય વ્યવહારમાં ઉપયોગી ચીજો હતી. શ્રુતિ અને સ્મૃતિ તેમનાં ધર્મશાસ્ત્ર હતાં. બ્રાહ્મણ શાસ્ત્રો લખાતાં હતાં અને ઉપાસનાનું સ્થાન કર્મકાંડ લેવા માંડતું હતું. વિધિ ધર્મ મનાતો. ધર્મે વિધિનું સ્વરૂપ લેતાં બ્રાહ્મણોનું બળ વધ્યું ને વ્યવહારમાં તેઓ ક્રૂર થયા. સતયુગ આથમતો હતો.

આદિ કાળથી આર્યોએ વસાવેલાં નાનાં ગામડાં સ્વરાજ-આશ્રમ જેવાં હતાં. પ્રજાસત્તાની તે કરોડ હતી. એકએક ગામડું નાના સ્વતંત્ર પ્રજાસત્તાક રાજ્ય જેવું હતું. ગામની રચના નિયમાનુસાર થતી. બ્રાહ્મણ, ક્ષત્રિય ને વૈશ્ય માટે વાડા નક્કી કરાતા. ગામના વડ નીચે સભાઓ ભરાતી ને ત્યાં થતા નિર્ણય આચારમાં મૂકાતા. ગામડાંમાં સ્થિતિસ્થાપકતાનો અજબ ગુણ હતો. ભલે રાજપાટ પલટાય, રાજધાનીઓ ધૂળ ભેગી મળે પણ ગામડાં તો હતાં તેવાં જ સ્વતંત્ર રહે.



સાંખ્યયોગની હિંદુ ફિલસૂફીમાં નવું પ્રકરણ શરૂ થાય છે. જગતના પુરુષ અને પ્રકૃતિ એવા ભાગ સાંખ્યના છે. પૃથક્કરણ અને વિચારથી સાંખ્યે જગત જોવા માંડયું. નિરીશ્વર સાંખ્યની અસર ઇ.સ. પૂર્વે ૫૩૮માં બુદ્ધ રૂપે અવતરી. સાંખ્યની ફિલસૂફી જડવાદી પણ પ્રેરણાત્મક હતી. રાજકુમાર સિદ્ધાર્થે બ્રાહ્મણધર્મ સામે પ્રતિવાદ માંડયો. એ જ અરસામાં મહાવીર જૈન થયા. બુદ્ધ ક્ષત્રિય હતા; મહાવીર બ્રાહ્મણ હતા. યજ્ઞમાં થતી હિંસા બંને સાંખી શકયા નહિ. બંને ધર્મનું સામ્ય 'અહિંસા પરમો ધર્મ' જગવવામાં હતું. બુદ્ધ કરતાં મહાવીરે ગુજરાતમાં ઊંડાં મૂળ નાખ્યાં.


બૌદ્ધ ધર્મ સામાજિક અને ધાર્મિક વિપ્લવ જેવો હતો. સંસ્કૃત ભાષાને સ્થાને સામાન્ય જનતામાં સિદ્ધાંત ફેલાવવા બુદ્ધે પાલી ભાષા અપનાવી. એમણે હિંદુ સમાજને પાયામાંથી તો નહિ પણ ઊંચેથી હલાવી મૂક્યો. વર્ણ અને જાતિના બંધ તોડાય ત્યાં તોડી નાખ્યા.




ભગવાન બુદ્ધ

માંસાહારી આર્યોને બુદ્ધ ને મહાવીરે શાકભાજી ખાતા કર્યા. આખા યે દેશમાં બુદ્ધના વિહારો ભિખ્ખુઓથી ભરાઈ ગયા. બુદ્ધ અને જૈને જ્વાળામુખી જેવી ધાર્મિક ઊથલપાથલ કરી મૂકી. ઈ. સ. પૂર્વે ૩૭૧માં મગધની રાજધાનીમાં નંદ રાજાએ જૈન ધર્મને આશ્રય આપ્યો.

હિંદની સરહદનાં દ્વાર પ્રથમ પરદેશી માટે ઊઘડયાં. જગત જીતવા મહત્ત્વાકાંક્ષી ઍલેકઝાન્ડર પોરસને હરાવી સિંધુના પટ સુધી પગ મૂકતો ગયો. નસીબાધીન ત્યાંથી જ તેને સિંધુ નદી માર્ગે વિદાય લેવી પડી. ઍલેકઝાન્ડરની એ સવારીમાંથી હિંદની સરહદ ઉપર પરદેશી રાજ્ય સ્થપાયાં. ગાંધાર તરફ ગ્રીક અને બૅકટ્રીઅનનો જમાવ થયો.



સિકંદરના સિક્કા : એક બાજુ-ઈરાની ટોપ પહેરી હાથમાં વજ્ર ધરી ઊભેલો સિકંદર; બીજી બાજુ-હાથી ઉપર ભાલાનો હુમલો લઇ જતો ઘોડેસવાર.




ગિરનારની તળેટીમાં અશોકના શિલાલેખ

ઇ.સ.પૂર્વે ૩૨૧માં નંદ વંશનું નિકંદન થઇ પાટલિપુત્રમાં ચંદ્રગુપ્ત મૌર્યને રાજ્યલક્ષ્મી વરી. ચાણક્યનીતિ અનુસાર એની રાજ્યાજ્ઞા થતી. કૌટિલ્યના અર્થશાસ્ત્ર પ્રમાણે કરવેરા લેવાતા. આજની યે કોઇ પણ સુધરેલી પ્રજાને શોભાવે એવી રાજ્યપદ્ધતિ હિંદમાં હતી.

ઈ.સ.પૂર્વે ૨૬૮માં ચક્રવર્તી અશોકની આણ વર્તી. કાઠિયાવાડમાં ગિરનાર ઉપર તેની રાજ્યઆજ્ઞાનો શિલાલેખ આજ પણ તેની સાક્ષી રૂપે ઊભો છે. જુનાગઢ પાસે વિશાળ સુદર્શન સરોવર બાંધેલું હતું. અશોકે બૌદ્ધ ધર્મને આશ્રય આપી અપનાવ્યો. અશોક પ્રચારક રાજવી હતો. બૌદ્ધ ધર્મના પ્રચારકો ચીન, જાવા, કંબોડીઆ, ઈરાક અને પૅલેસ્ટાઇન સુધી પહોંચી ગયા. ગુજરાતમાં વડનગર, વળા વગેરે સ્થળોએ બૌદ્ધ વિહાર સ્થપાયા; પર્વતોમાં ગુફાઓ કોરાઇ. તક્ષશિલાની વિદ્યાપીઠમાં દેશપરદેશના વિદ્યાર્થી વૈદક શીખી જતા. ભારતનો સૂર્ય તે કાળે મધ્યાહ્ને તપતો. રોમના એલચી પાટલિપુત્રનો દરબાર શોભાવતા. આ સમયથી લાકડાને સ્થાને પથ્થરનો ઉપયોગ સ્તૂપો અને મંદિરો બાંધવામાં થયો. આટલું જ નહિ પણ બ્રાહ્મણોના જ્ઞાનમાર્ગ અને ક્ષત્રિયોના કર્મમાર્ગ વચ્ચે ભક્તિમાર્ગનાં બીજ રોપાયાં. પરદેશ સાથે હિંદનો વ્યવહાર વધી પડ્યો. મુસાફરો હિંદમાં યાત્રાએ આવતા અને રખડતા. ભરૂચ, નાલાસોપારા, ઘોઘા અને સ્તંભતીર્થ (ખંભાત) બંદરેથી હિંદનું રેશમ, તેજાના, ત્રાંબાપિત્તળનાં વાસણો અને બીજી અમૂલ્ય વસ્તુઓ પરદેશ ચડતી. રોમના બજારમાંથી સોનું ભેગું થઇ હિંદને આબાદ કરતું. આવક પૈસાની ને નિકાસ માલની, એથી કારીગરો પોષાતા. હિંદના એ સમયના ઠાઠ અને વૈભવે પરદેશ અંજાતા. ગુજરાતનાં બંદરોમાં ચાંચિયાઓનું જોર હતું. મલબાર અને દક્ષિણ હિંદુસ્તાનના વેપારી માર્ગ જેવાં ગુજરાતનાં બંદરો હતાં. ગુજરાતની સરહદે નાસિક સુધી આંધ્રનું મહા રાજ્ય હતું.

અશોક પછી પાટલિપુત્રની રાજસત્તા નમવા માંડી. શક (સીથીઅન) નામની ભમતી તુર્ક જાતિએ સિંધને માર્ગે ઇ.સ.પૂર્વે ૧૭૦માં હલ્લો કરવા માંડ્યો. સિંધ અને રજપૂતાના ઉપર ફરી વળી માળવામાં આગળ વધતા તેમને વિક્રમાદિત્યે રોક્યા. શક લોકો થોડે અંશે ગુજરાત કાઠિયાવાડના લોહી ભેગા મળી ગયા. શક પ્રજાનો આશય હિંદમાં રાજ્ય સ્થાપવાનો નહિ, પણ બને તેટલું પારકું પચાવી પડવાનો હતો. તેઓની સંસ્કૃતિ હલકા પ્રકારની હતી. નહાવું શું તે તેઓ સમજતા નહિ. દેવમંદિરો તે બાંધતા નહિ. બૈરાંને ઓઝલમાં સંતાડી રાખતા. પણ ઝનૂની હતા એટલે જોરમાં આવતા. શકને હરાવ્યા તે શુભ નિમિત્તે વિક્રમ સંવત શરૂ થયો. તે જ અરસામાં મીનૅન્ડર નામના ગ્રીક બૅક્ટ્રીઅને ગુજરાત કાઠિયાવાડ ઉપર હુમલો કરી પોતાની સત્તા જમાવી.

બીજી બાજુએ હિંદુસ્તાનની ઉત્તર તરફની સરહદ ઉપર કનિષ્ક કુશન રાજ્ય સ્થાપતો હતો. અંતે એ



કનિષ્કનો સિક્કો : જે પર લાંબા જભ્ભામાં સજ્જ થએલો કનિષ્ક હાથમાં ભાલો ને તલવાર લઇ ઊભો છે ગ્રીક લિપિમાં નામ લખેલું છે.



માથું ખંડિત થએલી કનિષ્કની મૂર્તિ

કુશન ધજા પંજાબ અને કાશ્મીરથી માંડી વિંધ્યા સુધી ફરકવા માંડી. તેની રાજધાની કાશ્મીરમાં હતી. કાઠિયાવાડ ને ગુજરાતમાં તે કાળે ક્ષત્રપની આણ ફરતી. ક્ષત્રપો પરદેશી હતા. કુશન રાજાઓનું લોહી તુર્ક અને મોંગલ (ચીનાઇ) હતું. તેઓ બૌદ્ધ ધર્મી હતા.

આમ એક બાજુ ચીન ને બીજી બાજુથી ગ્રીસના સંસ્કારો હિંદમાં આવતા ગયા. એ કાળમાં તક્ષશિલા અને મથુરાની મહાવિદ્યાપીઠોમાં ગ્રીક, રોમન અને આર્ય શિલ્પના સિદ્ધાંતો ઘડાયા. રોમ અને ગ્રીસના કારીગરો હિંદમાં આવી વસ્યા. નાલંદાની વિદ્યાપીઠમાં યોગસિદ્ધિના પાઠ શરૂ થયા. કુશન રાજાઓએ ત્રણસો વર્ષ પર્યંત અખંડ સાર્વભૌમ સત્તા ઉત્તર હિંદમાં ભોગવી. ગુજરાતમાં ભૂકંપ થઇ ગિરનારનું સરોવર તૂટી પડ્યું ને દરિયાકિનારાની જમીન ઉપસી આવી. બૌદ્ધ ધર્મમાં નવચેતન રૂપ નાગાર્જુને ધાર્મિક પરિવર્તન શરૂ કર્યું.


ગુજરાતમાં તે વેળા નાગ લોક વસતા. તેઓ અનાર્ય હતા એટલું જ નહિ પણ સાપ જેટલા જ ઝેરીલા ને ડંસીલા હતા. ભરૂચ અને પંચમહાલ જિલ્લાના ભીલ લોકો એ નાગના વંશવારસ છે. ગુજરાતમાં પ્રથમ પ્રવેશ કરનાર બ્રાહ્મણ હતા.



ભીલ યુવાન : સ્કેચ રવિશંકર રાવળ

આ બ્રાહ્મણો ધર્મ સાચવતા અને ફેલાવતા એટલું જ નહિ, પરંતુ વખત આવ્યે યુદ્ધમાં ક્ષત્રિયના ગુણ દાખવતા. થોડા જ કાળમાં ભૃગુપુરમાં ભાર્ગવનું, મોઢેરામાં મોઢનું, ખેડામાં ખેડાવાળનું અને આનંદપુર (વડનગર)માં નાગરોનું એમ થાણાં જામી ગયાં. એ કાળે બ્રાહ્મણો એક હતા. જ્ઞાતિસંસ્થાના બંધ બંધાયા નહોતા. આ બ્રાહ્મણોને અનાર્યો સાથે લગ્નસંબંધ થયો હતો. નાગકન્યાને વરવી એ સૌંદર્યને ખોળે લેવા જેવું ગણાતું.

પૅલેસ્ટાઇનમાં એક ગરીબ ભરવાડ યહુદીધર્મને છિન્નભિન્ન કરતો હતો ત્યારે હિંદમાં હજારો વર્ષની જ્વલંત સંસ્કૃતિનાં પડ બાઝી ગયાં હતાં. બૅબીલોન ઇજિપ્ત ને બિઝેન્ટાઇનનાં મહારાજ્યો આથમતાં હતાં ત્યારે હિંદમાં મધ્યવર્તી સંસ્કાર પૂરા થયા હતા. મિસરમાં નાઇલની સંસ્કૃતિ સુકાતી જતી હતી તે વેળા ગંગાના પટ પર ઋષિઆશ્રમો બંધાતા હતા. આર્યોના ધર્મમાં એવો તેજાબ હતો કે પરદેશીઓ અહીં પગ મૂકતાં જ આર્ય સંસ્કૃતિને ખોળે ઢળી પડતા. આર્ય જીવનના આદર્શ રૂપ રામાયણ અને મહાભારતની કથાઓ લખાઇ ચૂકી હતી. સમાજનું ઘડતર પોચું હતું, પણ પ્રવાહી નહોતું. આર્યાવર્તના માનવ મહાસાગરમાં અનેક પ્રજા ભળી ગઇ હતી—અનેક ધર્મો સમાઇ ગયા હતા.



આ અભ્યાસપૂર્ણ લેખનો બીજો વધુ રસભરિત હપતો સંખ્યાબંધ ચિત્રો સાથે આવતા અંકમાં.

કાકા સાહેબ કાલેલકર 'અમરનાથની યાત્રા'નો લેખ લખાવતા હતા. લાંબી પગપાળા મુસાફરી પછી બારામુલામાં જે પહેલો અંગ્રેજી જાણનાર પંજાબી મળ્યો તેનો પરિચય થવા વિષે એમણે લખાવ્યું: 'ઘણા દિવસ થયાં મેં મારૂં પ્રિય "મૉડર્ન રિવ્યુ" વાંચ્યું નહતું, એટલે તે વાંચવાની મને તલબ થઇ હતી. તેથી કશા પણ પરિચય વગર એ છાપું વાંચતા પંજાબીને મેં પૂછ્યું, "આપ મૉડર્ન રિવ્યુ મંગાવો છો?"'

એક મિત્ર ક્ષયને આખરી બિછાને જીવનના છેલ્લા દિવસો ગણતો પડયો હતો, તેને હું મળવા ગએલો. સાથે મૉડર્ન રિવ્યુ હતું. બિછાનામાંથી ઊભા થવાની તો શું પણ પડખું ફેરવવાની પણ તેનામાં પૂરી શક્તિ નહોતી. પણ હાથ પર નજર પડતાં જ આતુરતાથી પૂછ્યું, 'એ શું મૉડર્ન રિવ્યુ છે?' અને શક્તિ વિનાના હાડચામ રૂપ રહેલા હાથે એ ઝડપી લઇ નજર ફેરવવા માંડી.

સંખ્યાબંધ ગણાવી શકાય એમાંનાં આ તો માત્ર બે જ ઉદાહરણો છે. કાકાસાહેબ જેવા વિદ્વાન ચિંતકથી માંડીને કોઇ પણ સારૂં અંગ્રેજી જાણનાર સુધીના એકેએક સંસ્કારવાંછુ હિંદી (ને હિંદની સંસ્કારિતામાં રસ લેતા વિદેશી પણ) જેનું પ્રેમ ને આદરથી ગૌરવ કરે છે તે 'મૉડર્ન રિવ્યુ' હિંદી પત્રકારિત્વનું નાક છે.



સ્કેચ : કનુ દેસાઇ

પીઢ પત્રકાર, નીડર આલોચક, સામાજિક પ્રશ્નોના અગ્રણી ચિંતક ને સુધારક તથા દેશના આર્થિક ને રાજકીય પ્રશ્નોના મીમાંસક

શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાય

સાહિત્ય ને કલાના વિવિધ અંગોથી માંડીને ધર્મ, સમાજ, ઇતિહાસ, રાજકારણ, અર્થશાસ્ત્ર, પુરાવિદ્યા, માનવવંશશાસ્ત્ર વગેરે અનેક વિષયોને લગતા એમાં આવતા લેખો, વિવેચનો અને ચર્ચાઓ એટલાં સંગીન, ચિંતનભર્યાં અને પ્રમાણભૂત હોય છે કે સ્વાધ્યાયીઓ અને સંસ્કારવાંછુઓમાં એનું વાચન અભ્યાસની દૃષ્ટિએ પોસ્ટ ગ્રૅજ્યુએટ સ્ટડી (સ્નાતક થયા પછીના વિશેષ અભ્યાસ) જેટલું મહત્ત્વનું મનાય છે. એમાં સૂકી પંડિતાઇ કે કંટાળાભરી જડ ચર્ચા નહિ પણ અભ્યાસોત્તેજક રસ અને વિચારપ્રેરક સામગ્રી ભરી હોય છે. એકલા હિંદમાં જ નહિ, પરંતુ હિંદ બહાર પણ એ હિંદુસ્તાનનું અગ્રણી ને જ્યોતિર્ધર માસિક ગણાય છે.

પરંતુ એની ખરી કીર્તિદા તો કદાચ એના એ લેખો કરતાં કોઈરીતે ઊતરે નહિ એવી, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલી એની તંત્રી નોંધો છે. 'મૉડર્ન રિવ્યુ'નાં છેલ્લાં પાનાંઓ પર દર મહિને આવતી એ નોંધોમાં વિવિધ ક્ષેત્રના પ્રાસંગિક બનાવોના અગત્યના મુદ્દાઓ પર જે તટસ્થ ને તલસ્પર્શી ચર્ચા આવે છે, તે હિંદુસ્તાનના પત્રકારિત્વમાં અત્યંત આદરપાત્ર ને આદર્શ મનાય છે. ભલા ચમરબંધીની પણ સામે મોરચા માંડવાની ન્યાયનિષ્ઠ નીડરતા અને તટસ્થતાના ગૌરવથી ભરેલી એ નોંધોમાં જે ભાષાની પ્રવાહિતા, દલીલની સચોટતા ને વિચારની ઓજસ્વિતા હોય છે તેમાં એ માસિકના સમર્થ સંચાલક શ્રી રામાનંદ ચટ્ટોપાધ્યાયની શક્તિનું ખરૂં દર્શન થાય છે. ભારતના એ અગ્રણી ને વિદ્વાન તંત્રીનું આછું જીવનદર્શન આ નીચે આલેખ્યું છે.

ભગવતી સરસ્વતીની પ્રસાદ-અંજલિથી પુનિત-વિભૂષિત એક બાળકને વિધાતાએ, ઈ.સ. ૧૮૬૫માં બંગાળના બાકુરા ગામમાં, એક ગરીબ બ્રાહ્મણને ઘેર અવતાર્યો. લક્ષ્મીએ અકિંચન છતાં એ ચટ્ટોપાધ્યાય બ્રાહ્મણ કુટુંબ પર દેવી શારદાનાં કૃપા-રશ્મિની સમૃદ્ધિ ઉતરી હતી. એ કુટુંબના ઘણાખરા પુરુષો સંસ્કૃતના પારંગત પંડિતો, વિદ્વાન અધ્યાપકો અને ધર્માચાર્યો તરીકે વિખ્યાત થયા હતા.

એવા ઉચ્ચ સંસ્કારિતા અને વિદ્વત્તાના વાતાવરણમાં ઊછરેલા બાળક અભ્યાસપરાયણ નીવડે એમાં શી નવાઈ? નાના રામાનંદનું મન બાળપણથી જ અભ્યાસરત રહેતું. પ્રાથમિક શિક્ષણ નાની ઉંમરે પૂરું કરી તેણે અંગ્રેજીનો અભ્યાસ શરૂ કર્યો. ઓગણીસમી સદીના એ છેલ્લા ચરણમાં હિંદમાં અંગ્રેજી શિક્ષણની પ્રણાલિ ઠીક પ્રચલિત થઈ ગઈ હતી; એટલે પ્રાચીન વિદ્યાના ઉપાસક કુટુંબીજનોએ પણ સ્વાભાવિક રીતે જ આ તેજસ્વી બુદ્ધિના બાળકને એ નવયુગની કેળવણીમાં દીક્ષિત થવા દીધો. અને એ કિશોરે પણ પોતાની પ્રતિભાનું પાણી બરોબર બતાવી દીધું. સાત ધોરણ પૂરાં કરી તેણે કલકત્તા યુનિવર્સિટીની એન્ટ્રન્સ (મૅટ્રિક)ની પરીક્ષા પહેલા વર્ગમાં—અને આખી યુનિવર્સિટીમાં ચોથે નંબરે—આવીને પસાર કરી. બીજે વર્ષે પ્રીવિયસ (ફર્સ્ટ ઇયર આર્ટ્સ) પણ એ જ રીતે પહેલા વર્ગમાં અને આખી યુનિવર્સિટીમાં ચોથા આવીને પસાર કરી, અને અંતે બી.એ.માં તો એ ઇંગ્લિશમાં ઑનર્સ લઈને તથા સમસ્ત કલકત્તા યુનિવર્સિટીમાં પહેલા વર્ગમાં પહેલે નંબરે આવીને ઉત્તીર્ણ થયા.

આટલી ઉજ્જ્વળ કારકિર્દિ અને પ્રતિભાવાળા યુવાનને માટે કલકત્તા યુનિવર્સિટીનાં દ્વાર ખુલ્લાં જ હોય. તરત જ રામાનંદ બાબુને કલકત્તાની સિટી કૉલેજમાં અંગ્રેજીના વ્યાખ્યાતા (લેક્ચરર)ની જગ્યા મળી. બીજી બાજુ એમણે અભ્યાસ પણ જારી રાખ્યો, અને થોડા જ વખતમાં તે અંગ્રેજી લઈને એમ.એ.ની પરીક્ષામાં પહેલા વર્ગમાં ચોથે નંબરે પાસ થયા. એમ.એ. પાસ થવાની સાથે જ સિટી કૉલેજમાં એ અંગ્રેજીના લેક્ચરર મટીને અધ્યાપક (પ્રોફેસર) થયા.

આમ ઓગણીસમી સદીનાં એ છેલ્લાં વર્ષોમાં બંગાળાના જુવાનોનાં માનસ અને વિચારઘડતર ઉપર સ્વ. રાજા રામમોહનરાયની બહુ ભારે અસર પડેલી છે. ધસમસતા આવતા નવા યુગના તેજ-પ્રભાવના મોજાંને ઝીલવાને આતુર તરુણ વર્ગે એમના જીવન અને વિચારસરણીમાંથી અખૂટ પ્રેરણા પીધી છે. બંગાળના તરુણોની એ પુનિત પ્રેરણામૂર્તિ હતા, આરાધ્ય આદર્શ સમા હતા. બંગાળાના સામાજિક, ધાર્મિક તેમજ રાજકીય જીવનમાં એ મહાપુરુષે નવો ચીલો પાડીને અને નવા વિચારનાં બીજ વાવીને જબ્બર પલટો આણ્યો અને નવયુગના ઉજ્જ્વળ પંથ પર ઊડવાને યુવાનોને પ્રેરણાની પાંખો આપી. એમણે વર્ણભેદના સાંકડા વાડા તોડી બંગાળાને નવા સામાજિક આદર્શો ઘડી આપ્યા, ખોટી ધર્મઘેલછા અને દંભી બંધનજાળનાં જાળાં કાપી નાખીને શુદ્ધ બુદ્ધિ તથા નિર્મળ હૃદયને સ્વીકાર્ય એવા એકેશ્વરવાદ બોધના બ્રાહ્મ ધર્મની સ્થાપના કરી, દેશના અર્થજીવન અને શિક્ષણસંચારમાં નવા વિચારો આપ્યા, અને રાજકીય સ્વતંત્રતાનો પણ મંત્ર એમણે જુવાનોમાં ફૂંક્યો.

રામાનંદ બાબુ જેવા તેજસ્વી જુવાન ઉપર આવી પ્રેરણામૂર્તિની અસર પડ્યા વિના કેમ રહે? અને એ કેવી જબરી પડી છે એ તો એમના 'મૉડર્ન રિવ્યુ'ની ફાઇલો ઉથલાવનારને છેક આજ સુધી તેમાં આવેલા રામમોહનરાય વિષેના અસંખ્ય યશસ્વી લેખો પરથી સ્પષ્ટ જણાશે. નવયુગની પ્રેરણા પાયેલો એ કાળનો કોઈ પણ બંગાળી યુવાન રાજા રામમોહનરાયના એ નવા ધર્મ-સમાજ-બંધારણ 'બ્રાહ્મો સમાજ'ની અસર નીચે આવ્યા વિના રહ્યો નહિ હોય. રામાનંદ બાબુ મૂળથી જ એમાં ભાગ લેતા અને સિટી કૉલેજમાં પ્રોફેસર હતા તે વેળાએ બીજી તરફ એ 'સાધારણ બ્રાહ્મો સમાજ'ના તેમજ તેની કાર્યવાહક સમિતિના સભ્ય હતા. પાછળથી તે ઉત્તરોત્તર એ સમાજના મંત્રી તરીકે અને પ્રમુખ તરીકે ચૂંટાયા, અને એ પદે રહીને સમાજ માટે પ્રશંસનીય કાર્ય કર્યું.

એ સમયે કલકત્તામાં દાસાશ્રમ નામની એક શુદ્ધ પરોપકારી સંસ્થા ચાલતી હતી. તેનો ઉદ્દેશ નિરાશ્રિતોને આશ્રય આપવાનો, અનાથને ઉછેરવાનો, પીડિતોની ચાકરી કરવાનો અને અસહાય તથા અસાધ્ય રોગવાળા અપંગોની સેવા કરી પાળવાનો હતો. આ દયાધર્મી સેવાસંસ્થાને રામાનંદ બાબુએ ખરા અંતઃકરણથી સાથ અને સહાય આપ્યાં. એને પ્રમુખપદે રહીને એમણે એ સંસ્થાનું પુષ્કળ સેવાકાર્ય કર્યું એટલું

જ નહિ પણ સંસ્થાને માટે 'દાસી' નામનું એક માસિક સ્થાપીને ઘણા વખત સુધી ચલાવ્યું.

ત્રીશની વયે પોતાના પ્રાંતમાં આટલું જીવનકાર્ય કર્યા પછી જિંદગીના મધ્યાહ્નકાળે એમનો પ્રાંતપ્રદેશ બદલાયો. ઇ.સ. ૧૮૯૫માં ૩૦ વર્ષની વયે પ્રયાગની કાયસ્થ પાઠશાળા કૉલેજના આચાર્ય (પ્રિન્સિપાલ) તરીકે તેમની નિમણૂક થવાથી તેઓ ત્યાં—અલ્લાહાબાદ ગયા, અને લાગટ અગિયાર વર્ષ સુધી એ સ્થાને રહીને એમણે માત્ર શિક્ષણના જ નહિ પણ સામાજિક, ધાર્મિક તેમજ રાજકીય ક્ષેત્રમાં પુષ્કળ અને અખંડ કાર્ય કર્યાં કર્યું. અલ્લાહાબાદના બ્રહ્મો સમાજના આચાર્ય હોવા ઉપરાંત એ સંયુક્ત પ્રાંતની મદ્યનિષેધ સંસ્થાના પ્રમુખ અને પ્રયાગના અનાથાલયના અગ્રણી કાર્યકર હતા. બંગાળામાં આવિષ્કાર પામેલો અને પગભર થએલો બ્રહ્મો સમાજનો નવો જીવનાદર્શ પોતાના પ્રાંતના સાંકડા કુંડાળામાં ન પૂરી રાખતાં એમણે બહોળા ક્ષેત્રમાં એનો પ્રચાર કરવાના પ્રયત્નો અલ્લાહાબાદના બ્રહ્મો સમાજ દ્વારા કર્યા; અને કલકત્તાની પેઠે અનાથ-સેવાનું ક્ષેત્ર પણ એમને પ્રયાગમાં મળી રહ્યું. એ ઉપરાંત, એ કાળથી તે છેક ૧૯૦૭ સુધી સંયુક્ત પ્રાંતના પ્રતિનિધિ તરીકે હિંદી રાષ્ટ્રીય મહાસભાની બેઠકોમાં ભાગ લઇને તેઓ દેશની રાજકીય આકાંક્ષાઓ અને પ્રયત્નોના પણ સાક્ષી અને સહાયભૂત થયા હતા.

ઓગણીસમી સદીના અંત સુધીનું એમનું જીવનકાર્ય આમ ઘણે ભાગે સામાજિક અને સેવામાર્ગી પ્રવૃત્તિઓમાં શાંત રીતે થયું હોવાથી એમની શક્તિ અને પ્રતિભા જનસાધારણની જાહેર જાણમાં આવેલાં નહોતાં. પણ ૧૯૦૧માં વીસમી સદીના પ્રારંભકાળે એમના જીવનપથનો એક અતિ ઉજ્જવલ સીમાસ્તંભ રોપાયો. આજે સમસ્ત બંગાળમાં જ નહિ પરંતુ બંગાળી જાણનાર—સમજનાર બીજા પ્રાંતના સંસ્કારી જનોમાં પણ માનભર્યું સ્થાન ભોગવનાર બંગાળી ભાષાનું અગ્રણી માસિક 'પ્રવાસી' એમણે શરૂ કર્યું. નવા યુગનું દર્શન કરેલા સંસ્કારી પ્રજાવર્ગની વિચારસરણી રજુ કરતું એ માસિક માત્ર બ્રહ્મો સમાજી મતદર્શનના વાડામાં જ પૂરી રાખવાનો એમનો ઇરાદો નહોતો. એમનું લક્ષ તો હતું સમસ્ત બંગીય સમાજના જીવનમાં સંસ્કારિતા પ્રગટાવી તેને ઉચ્ચ ભૂમિકા પર લઇ જઇને



રામાનંદ બાબુ શાંતિનિકેતનમાં. ફોટો : નરેન્દ્ર બન્નેકા

તેનું મંગલ કરવાનું. એટલે 'સત્યં શિવં સુન્દરમ્'ના ધ્યાનમંત્રથી પૂત કરીને એમણે એ શુભ પ્રવૃત્તિનો આરંભ કર્યો; અને આજ એ માસિકની ત્રીસ વર્ષની કારકીર્દિ જોનાર દરેકને લાગશે કે દર મહીને 'પ્રવાસી'ના અગ્રપૃષ્ઠ પર આવતા એ 'ધ્યાનમંત્ર'ને નિષ્ઠાપૂર્વક અનુલક્ષીને એમણે તેની દ્વારા બંગાળનાં સાહિત્ય, કલા, સમાજજીવન, ધર્મ, રાજકારણ, અર્થવિદ્યા, એમ એકેએક જીવન અંગમાં સદા 'સત્ય'ને 'સુંદર'ની પ્રતિષ્ઠા કરીને તેનું 'શિવ'—કલ્યાણ કરવા અખંડ પ્રયત્ન કર્યાં કર્યો છે.

પણ માત્ર આમ પ્રાંતીય સંસ્કાર-સુધારના સાંકડા ક્ષેત્રમાં જ પોતાની શક્તિ અને પ્રવૃત્તિ રોકી રાખવાથી તેમને સંતોષ ન વળ્યો. એમની દૃષ્ટિ તો સમસ્ત હિંદના વિશાળ સંસ્કારી પ્રજાસમૂહ પર હતી. એમણે જોયું કે બંગાળા અને પંજાબ, ગુજરાત અને સિંધ, ઉત્તર અને મધ્ય હિંદ, મદ્રાસ અને દક્ષિણ દેશો, સીલોન અને બ્રહ્મદેશ, વગેરે પ્રાંતો એકબીજાથી તદ્દન અજાણ્યું એવી જુદીજુદી ભાષા ભલે બોલતાં હોય, છતાં એ સૌ એક જ વિશાળ શરીરનાં વિવિધ અંગો છે; એ સૌનાં જીવનનાં મૂળમાં એક જ સંસ્કારિતાનો સ્રોત વહે છે;

બધાંનું રાજકીય જીવન પણ એક જ છે. એમના એ સાંસ્કારિક ઐક્યને પ્રગટ કરીને સ્થાપિત તથા મૂર્ત કરનારૂં એક પણ સાધન નથી; તેમજ હિંદની એ સંસ્કારસમૃદ્ધિ તથા તેની ચાલુ સ્થિતિ અને શક્તિનો સાચો સંદેશ જગતના ચોકમાં પહોંચાડનાર કોઇ પ્રબલ અવાજ નથી. જે ભાષા એ બધા જ પ્રાંતો સમજી શકે તથા જે દ્વારા સમસ્ત સંસારમાં પણ હિંદનો અવાજ પહોંચાડી શકાય તે અંગ્રેજી ભાષામાં જ એવું એક સર્વક્ષેત્રવ્યાપી અને બલવાન મુખપત્ર સ્થાપવું જોઇએ કે જે હિંદની શક્તિ અને સંસ્કારિતાનું જ્યોતિર્ધર બની શકે. આ ખોટ પૂરવા એમણે ૧૯૦૬માં 'મૉડર્ન રિવ્યુ' શરૂ કર્યું.

અને એ 'મૉડર્ન રિવ્યુ' દ્વારા છેલ્લાં પચીસ વર્ષથી એમણે હિંદની જે અવિરત સેવા કરી છે તે એક પણ સંસ્કારી હિંદીથી અજાણી નથી. એની પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર અને સાધનસંપત્તિ તળ બંગાળનાં હોવાને લીધે જોકે વિશેષે કરીને એની દ્વારા બંગાળનાં સાહિત્ય, કલા અને સંસ્કારપ્રવૃત્તિઓને વધારે પોષણ અને પ્રકાશન મળ્યાં છે; છતાં અન્ય પ્રાંતોની શક્તિ અને પ્રવૃત્તિઓની સદા કદર કરીને તેને સ્થાન આપવા માટે એણે ચીવટ રાખી છે. ભારતની સાચી કલાલક્ષ્મી લુપ્ત થઇને જે કાળે હિંદનાં બાળકો પશ્ચિમી પદ્ધતિનાં નિર્જીવ અને વ્યર્થ અનુકરણોમાં અટવાતાં હતાં તે વેળા, એ સાચી કલા-પરંપરાનો તાર પકડીને એ સાચા રાહ પર પ્રજાજનોને દોરનાર હૅવેલ અને નિવેદિતા તથા આનંદ કુમારસ્વામી અને અવનીન્દ્રનાથનો પોકાર પહેલવહેલો હિંદની પ્રજાને કાને મૉડર્ન રિવ્યુએ પહોંચાડયો; અને સાચું કહીએ તો, અવનીન્દ્રનાથ તથા નંદલાલ જેવા ભારતીય કલાને પુનર્જન્મ આપનાર કલાકારોના એ પુણ્યકાર્યમાં ખરો સાથ આપીને એણે જ હિંદની કલાની પતાકા ઊડતી કરી છે. જગદીશચંદ્ર બસુ, જદુનાથ સરકાર અને સરોજિની નાયડુને મૉડર્ન રિવ્યુએ જ આટલાં જગવિખ્યાત કર્યાં, અને રવીન્દ્રનાથ ઠાકુરને જગતકીર્તિ અપાવવામાં મોટામાં મોટો ફાળો 'મૉડર્ન રિવ્યુએ'જ આપ્યો છે. એ જ રીતે હિંદના પ્રાંતપ્રાંતમાં વિખરાએલાં કે ઓથે પડેલાં સાંસ્કૃતિક સાધનો અને બળોને એ 'મૉડર્ન રિવ્યુ'એ બહાર આણી એકઠાં કર્યાં છે, ને તેમાંથી સમસ્ત હિંદનું સાંસ્કારિક ઐક્ય જમાવ્યું છે. અને હિંદની સંસ્કારિતાને હિંદની પ્રજાને કે તેના હકકોને જ્યારે જ્યારે અન્યાય થયો છે ત્યારેત્યારે એ જ 'મૉડર્ન રિવ્યુ'એ અતિ ઉગ્ર અને ધીટ સ્વરે હિંદની પ્રજાનો સાચો અવાજ નીડરપણે જગતના ચોકમાં પહોંચાડયો છે.

દુનિયાના ચોગાનમાં સૌની સાથેસાથ આમ હિંદનો ધ્વજ ઊડતો રાખવાનો રામાનંદ બાબુનો એ પ્રયત્ન કેટલો સફળ થયો તેનો પુરાવો ઈ.સ. ૧૯૨૬માં બનેલા એક મહત્ત્વના બનાવથી મળી રહે છે. એ કદાચ 'મૉડર્ન રિવ્યુ'ની સ્થાપના પછીનો એમના જીવનપથનો બીજો ઉજ્જવલ સીમાસ્તંભ છે. એ સાલમાં યુરોપના જગ-રાષ્ટ્ર-સંઘ (લીગ ઑફ નેશન્સ) તરફથી હિંદી પત્રકારોના પ્રતિનિધિ તરીકે રામાનંદ બાબુને એ સંઘની બેઠકોમાં હાજરી આપવાનું તથા એમની પ્રવૃત્તિઓનો અભ્યાસ કરવાનું ખાસ નિમંત્રણ મળ્યું. એટલે ૧૯૨૬માં એ જીનીવા ગયા અને પોતે ત્યાં જે કંઇ નિરીક્ષણ તથા અભ્યાસ કર્યાં તે પર એમણે 'મૉડર્ન રિવ્યુ'માં ઘણી નોંધો, પત્રો અને લેખો લખ્યાં, તથા દેશ આવ્યા પછી એ વિષય ઉપર વ્યાખ્યાનો પણ આપ્યાં. જીનીવાથી પાછા ફરતાં એમણે ફ્રાન્સ, ઈંગ્લંડ, સ્વિટ્ઝર્લાંડ, જર્મની, ઑસ્ટ્રિયા અને ઝેકોસ્લોવાકિયામાં સફર કરીને તે તે દેશોના સંસ્કાર અને લોકજીવનનો અભ્યાસ કર્યો.

કવિવર રવીન્દ્રનાથ ઠાકુરની સાથેનો એમનો સંબંધ અતિશય ગાઢ છે. 'પ્રવાસી' અને 'મૉડર્ન રિવ્યુ'ની ફાઇલો ઊથલાવનારને સહેજે જણાશે કે કવિની ઘણીખરી સાહિત્યપ્રવૃત્તિ પ્રથમ એમાં જ પ્રકાશ પામી છે, બલ્કે ઉપર જણાવ્યું તેમ રામાનંદ બાબુ અને એમનાં પત્રો જ કવિવરની 'કીર્તિદા' બન્યાં છે. રવીન્દ્રનાથને નોબેલ ઇનામ મળ્યું અને એમણે શાંતિનિકેતન સ્થાપ્યું તેમાં, તથા ત્યાર પછી સ્થપાએલી 'વિશ્વભારતી' વિદ્યાપીઠની સ્થાપનામાં પણ એમણે પૂર્ણ સહાનુભૂતિપૂર્વક બન્યો તેટલો સાથ અને સહકાર આપ્યાં છે. થોડો વખત તો રામાનંદ બાબુ વિશ્વભારતીના આચાર્ય પણ નીમાયા હતા.

છેલ્લા દસકામાં થએલા રાષ્ટ્રપુનરૂજ્જીવનના પ્રયત્નોમાં એક ધીમું પણ દૃઢ પગલે આગળ વધતું જે સંગીન કાર્ય થતું આવ્યું છે તે ભારતભરની રાષ્ટ્રભાષા

તરીકે હિંદી ભાષાની સ્થાપના અને પ્રચારનું. દસકા પહેલાં શરૂઆત થઇ ત્યારે જે પ્રયત્ન ઘણાખરાને હાસ્યાસ્પદ લાગી આકરો વિરોધ પામ્યો હતો તે જ આજે અતિ શાંત પણ સ્થિર પ્રગતિ કરીને વિરોધીઓનો પણ આદર પામ્યો છે. રામાનંદ બાબુ અમુક મુદ્દાઓમાં તેના વિરોધી છતાં પોતે જ 'વિશાલ ભારત' જેવા હિંદી માસિકની સ્થાપના અને સંચલન કરે એ તેમની સારાસારગ્રાહી તટસ્થ વૃત્તિનો પુરાવો છે. પંડિત બનારસીદાસ ચતુર્વેદી જેવા, વિશાલ ભારત (એટલે Greater India)માં–હિંદ બહારના પ્રદેશોમાં–વસતા હિંદીઓના પ્રશ્નોના અનુભવી અને અભ્યાસીના સમર્થ તંત્રીપદ નીચે આજ ચાર વર્ષમાં એ માસિક હિંદી ભાષા બોલનાર વર્ગમાં ઘણો આદર ને પ્રતિષ્ઠા પામ્યું છે.

પત્રકારિત્વના ક્ષેત્રમાં કરેલી આ શાંત દેખાતી પણ સંગીન સેવાએ રામાનંદ બાબુને છેલ્લા બે દસકામાં ભારતના અગ્રણી પુરુષોમાં સ્થાન આપ્યું છે, ને દેશહિતના પ્રશ્નોના ચિંતક ને માર્ગદર્શક તરીકે પ્રજાએ તેમને સ્વીકારીને સમસ્ત ભારતની અનેકવિધ પ્રવૃત્તિઓના કર્ણધાર તેમને બનાવ્યા છે. હજુ થોડાં જ અઠવાડિયાં પહેલાં મુંબાઇમાં ભરાએલી સમસ્ત હિંદ–રાજસ્થાન–પ્રજાપરિષદના પ્રમુખ તરીકે તેમની થએલી વરણી આનો પુરાવો છે. સુરતમાં ભરાએલી છેલ્લી અખિલ ભારત હિંદુ મહાસભાના પ્રમુખ તરીકે, તેમજ ૧૯૨૯ની લાહોરમાં ભરાએલી અખિલ હિંદ ઇશ્વરવાદીઓની પરિષદ અને અખિલહિંદ જ્ઞાતિ વિનાશક પરિષદના પ્રમુખ, તથા કલકત્તાની સમસ્ત ભારતપત્રકાર પરિષદના મંત્રી તરીકે તેમની થએલી ચૂંટણીઓ એમની સર્વક્ષેત્રવ્યાપી શક્તિઓ ને લોકાદરની દર્શક છે. કલકત્તાની હિંદી પત્રકાર સભાના તે પ્રમુખ પણ છે.

પરંતુ પત્રકાર થવાં પહેલાં મૂળ તો તે અધ્યાપક-શિક્ષક (જોકે પત્રકાર એટલે પણ લોક-શિક્ષક જ); એટલે સમસ્ત-બંગાળ શિક્ષક પરિષદના પણ તે પ્રમુખ થયા છે. આ બધી મોટી પ્રવૃત્તિઓ છતાં પીડિત સમાજની સેવાનું મૂગું કામકાજ એમણે યથાશક્તિ ચાલુ રાખ્યું છે. બંગાળ અને આસામના પછાત વર્ગોની જનસુધાર સભાની કાર્યવાહક સમિતિના તેઓ સભ્ય છે. રાજકીય વિષયો ઉપરની એમની નોંધોમાંનું નીડર તથા સ્પષ્ટ મતદર્શન માત્ર પત્રકાર જગતમાં જ નહિ પરંતુ રાજકીય વિચારક્ષેત્રમાં અને સઘળા રાજકારણી પુરુષોમાં બહુ વજન ધરાવનારી ગણાય છે. આમ પત્રકાર તરીકે તેઓ રાજકીય પ્રશ્નોનાં ચિંતન અને ચર્ચામાં વીસમી સદીની શરૂઆતથી જે ભાગ લેતા આવ્યા છે તે ઉપરાંત ૧૯૦૬–૭ના બંગાળના ભાગલા તથા પહેલી સ્વદેશી હીલચાલ વખતે તેમણે સક્રિય ભાગ પણ લીધેલો. રાજકીય પ્રશ્નોની નીડર, નિષ્પક્ષ ચર્ચા કરતા સ્પષ્ટભાષી પત્રકાર તરીકેની એમની પ્રતિષ્ઠા, અને જીનીવા ગયા પછીનું એમનું આંતરરાષ્ટ્રીય વ્યક્તિત્વ હિંદી સરકારનાં પણ આદરને પાત્ર છે એમ સૌને લાગતું; પણ આ છેલ્લા વર્ષોની ઉગ્ર લડત પછી સરકારનું સાચું માનસ પ્રગટ થઇ આવ્યું. હિંદના રાજકીય મુક્તિના પ્રયત્નો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા ડૉ. જે.ટી. સંડરલૅન્ડ જેવા અમેરિકાના જગમાન્ય પુરુષે 'બંદી હિંદ' (India in Bondage) નામનું હિંદના રાજકીય પ્રશ્નોની ઝીણી ને આકરી મીમાંસા કરતું પુસ્તક લખ્યું છે, તે મૉડર્ન રિવ્યુ ઑફિસમાંથી પ્રકટ કરવાના ગુનાને માટે રાજદ્રોહી ગણાઇને સરકારની અદાલત ને સજાનો પ્રસાદ એમને મળ્યો.

રાષ્ટ્રના મંથનકાળે સદા અને સર્વ સ્થળે બને છે તેમ હિંદમાં પણ તાત્કાલિક કાર્યવેગ અને કાર્યક્ષેત્રમાં ઘણી નવી તેજસ્વી વ્યક્તિઓ લોકનાયકો તરીકે આગળ તરી આવી છે. એમનો એ પ્રકાશ રામાનંદ બાબુ જેવા દસકાઓથી ધીમું અને શાંત છતાં એકધારું અને સંગીન કામ કરનારના સ્થિર પ્રકાશને ઘડીભર આવરી લેતો ભલે લાગે; પરંતુ આકાશમાં નવા પ્રકટતા જતા તેજસ્વી તારાઓની પ્રભા મનોરમ અને ચિત્તગ્રાહી લાગતાં છતાં ધ્રુવ જેવા સ્થિર તેજે પ્રકાશતા અચળ તારકોનું ગૌરવ તેથી લેશમાત્ર ઓછું થતું નથી તેમ, આવા ઘડાએલા, ધીર અને વર્ષોની અખંડ કાર્યસાધના કરનારા શાંત લોકશિક્ષકોનું કાર્ય-ગૌરવ પણ જરા યે ઝાંખું પડતું નથી. પીઢ પત્રકાર, નિષ્પક્ષ ને નીડર આલોચક, હિંદના સામાજિક પ્રશ્નોના અગ્રણી ચિંતક અને સુધારક તથા દેશના આર્થિક અને રાજકીય પ્રશ્નોના મીમાંસક તરીકે, માત્ર હિંદમાં જ નહિ પણ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવનાર રામાનંદ બાબુનું સ્થાન અનોખું છે; અજોડ છે.

ઈ૦ન૦

એ જ સોમાધાર, એ જ ઊંચેરો 'સામતો ટોળરો' અને વણઝારની પોઠ જેવી એ જ 'ખાવાધાર.' એકાકી 'દળડો' અને તેને દંડવત કર્યાં હોય તેવી 'લાંબધાર' અત્યારે મૌન સેવે છે. ભૂતાવળની જેમ ભમતાં કાળાં ભમ્મર વાદળાં એની ટોચ ઉપર રાસડા માંડે છે અને વાસનાધારી પ્રેતોની માફક ડુંગરે ડુંગરે રવડે છે. ઘડીકમાં ખડખડાટ હસતા અને ઘડીકમાં ચોધાર આસુંડે રોતા અવગતિયાની માફક ક્યારેક તે ગર્જનાનાં અટ્ટહાસ્ય માંડે છે તો ક્યારેક ખળખળ પાણી નીતરે છે, તેની આ અવદશાની ઠેકડી કરતો હોય એમ સૂ સૂ ફૂંકાતો પવન બીજી જ પળે તેને હાંકી મેલે છે.

અને આ બધા તરફ ગર્વભરી બેદરકાર નજર નાખતો ગીરનો ધણી સાવજ હુંકારા કરતો ત્રાડુકે છે. ગર્ભવંતીના ગાભ ગળે એવી ત્રાડ સાંભળતાં સસલાં દર છોડીને નાસે છે, ગોલમા પડેલાં શિકારાં ફાળ પર ફાળ ભરતાં આંધળી દોટ મેલે છે. પડખેના વોંકળામાંથી દીપડાનાં આગમવેણ પુકારતી લોંકડીની લાળી થાય છે.

રોજનો મામલો હોય તેમ રાઘવ રબારી પોતાનાં ચાળાં—ગાડર લઈને ગામ પડખે ગંજીવાડામાં પડ્યો છે. બકરાંની લીંડીની તાપણી ખેરના અંગાર જેવી ધખધખે છે. બે પગ વચ્ચે માથું ઘાળી સરવા કાનવાળો તેનો ધોળિયો ઝોલાં ખાય છે અને કોઈ ગુનો કરેલો માણસ જેમ વારેવારે ઝબકે તેમ એમ ઓચિંતો વચ્ચે વચ્ચે ચમકી ઊઠે છે.

સાવજની ત્રાડ પડતાં તેના કાન ટટાર થઈ ગયા. આવતા બોને માપી લેવા મહેનત કરતો હોય એમ નસકોરાં ફુલાવીને ચારે દશે તે સૂંઘવા માંડ્યો. તેની તીણી આંખને વણદીઠા ઓળા દેખાતા હતા અને સરવા કાનને રૂની ગાદીવાળા નહોર પાસે આવતા સંભળાતા હતા.


ફડફડ કાન ફફડાવી તે બેઠો થઈ ગયો. જઈને માલિકને સૂંઘ્યો. દિ બધો દોડી દોડીને અત્યારે તે સોડ વાળીને સૂતો હતો. ઝાડનાં પાંદડાંમાંથી ખરતાં ટીપાં તેના કામળા પરથી દડી જતાં હતાં. તેને પોતાનાં ગેટામાં ભરોંસો હતો અને એથી ય વધારે વિશ્વાસ આ વફાદાર જનાવરમાં હતો. કાળદંડ જેવો રાઘવનો ગેબો અને જમદૂત જેવો તેનો ધોળિયો 'દીપડો' જોઈને વગડાઉ જનાવર હરંપત હારી જતાં. સૂતી વખતે ચેતવેલો આગલા પહોરનો દેવતા રાખના પડમાંથી ય ધગધગતો હતો. આટલું જોયા પછી રાઘવના માલ સાથે ખેલ ખેલવાની હોંસ એવાં જનાવરોને ભાગ્યે જ રહેતી.

ધોળિયો ચાળાં ફરતો ફેરો ફરીને પોતાના કાળિયા ને રાતડા ભાઈબંધો પાસે આવ્યો. ને તેમને સૂંઘ્યા. તેઓ પણ જાગી ગયા હતા અને ચૂપચાપ પોતાની જગ્યાએ શાંત પડ્યાપડ્યા ધોળિયાના હુકમની રાહ જોતા હતા. મોરચા માંડવાની તૈયારી બરાબર છે એવી ખાતરી થતાં તે ગુંદી નીચે લપાઈને ઊભો. એની જાડી ગરદનને તેણે ટૂંકાવી પગને અંદર ખેંચ્યા અને શરીર સંકોડી પીપરના થડ પાછળ લપાઈ વાડાના છીંડા તરફ તાકી રહ્યો. એને ક્યારનો ય વહેમ ગયો હતો.

તેનો ક્યાસ ખરો પડ્યો હોય એમ તેની આંખ પરથી જણાતું હતું. તેની ચોકિયાત આંખોમાં ખુન્નસ છવાઈ ગયું. થોડી જ વારમાં દૂરદૂરથી તગતગતી બે આંખો દેખાઈ અને પળેપળે તે પાસે આવવા લાગી. લાલ-લીલા ભડકા નીકળતા હોય એમ તેના રંગો ચમકતા હતા. સાવજ છીંડા તરફ ઝપાટાબંધ ધસતો હતો. છીંડાના થોર સુધી તે આવી પહોંચ્યો. આ આવ્યો, આ આવ્યો એમ ધોળિયો મનમાં ગણતરી કરતો હતો. . . .

રૂની ગાદી જેવાં પગલાંમાં મૃત્યુના

પણ આ શું ? એકાએક તે કાં ખમચાઈ ગયો ? મેખ મારી હોય એમ તેના કદાવર પંજા બોંમાં કાં જડાઈ ગયા ? કિનારે ઊભેલો તારો પાણી તાગતો હોય એમ અનુભવી સાવજે બહાર ઊભાંઊભાં જ વાડો તાગવા માંડ્યો. એક ગુંદી, ત્રણ પીપર ને એક ઉમરો એટલાં ઝાડ શાંત ઊભાં હતાં—સૂતાં હતાં. હમણાં જ મે' વરસ્યો હોવાથી ક્યારેક પવન ફરકતાં તેનાં પાંદડાં ઉપરથી પાણીનાં ટીપાં દડીને નીચે ધગધગતી રાખમાં ફસફસ પડી વરાળ બની ઊડી જતાં હતાં ને બીજી જ ક્ષણે એ બુઝાએલ લીંડી પાછી સળગી ઊઠતી હતી. તાપણીની થડમાં જ વજ્જરમાંથી ઘડ્યો હોય એવો ગેબો પડ્યો હતો અને પડખે ગેટાનો ધણી લાંબી સોડે સૂતો હતો. આગે જ સાવજનો શિકાર ફૂંડાળે



સાવજ સામે સાવજ કુદ્યો હોય તેમ તેના પંજા વનરાજને માથે જઇ પડયા ને પાટલાઘોની જેમ તે ચોંટી પડયો.

વધારે બેફિકર બની ધારતો હતો. તેનાં નસકોરાં ફૂલવા લાગ્યાં. તેના મોંમાંથી પાણી વછૂટયું અને તેની લાંબી જીભ ગલોફાં ચાટવા લાગી.

નહોર સંતાડી આવતા ગીરના સાવજના મોંમાંથી સાવજની પેઠે શિકાર છોડાવનાર

રખેવાળ

કુતરાની વાર્તા

આલેખક : તનસુખ ભટ્ટ

ચિત્રકાર : રવિશંકર પંડિત

પણ હજી તેને પૂરી ખાતરી ન થઇ હોય એમ તેની આંખો જડતી લેતી હતી. વરસોના શિકારથી કેળવેલી પક્કાઇ તેની નજરમાંથી તરવરતી સાફ દેખાતી હતી. કૈક માલધારીનાં ઢોર તેણે વીંખ્યાં હતાં. કૈક ચારણનાં ખાડું તેણે ભાંગ્યાં હતાં. વાડને વીંધી નાખતી હોય એમ તેની નજર તીક્ષ્ણ બની.

એધડક હુમલો કરવાનું તેણે માંડી વાળ્યું. ગાડરનો પહેરેગીર જોકે તેને બરડયો ન હતો, પણ તેના ખધા સ્વભાવે શાંતિથી કામ લેવામાં ડહાપણ જોયું. દબાતે પગલે તે વાડમાં પેઠો ને છીંડુ વળોટયું. વાડની ઓથેઓથે ઠેઠ શિકારવાળી પીપર પાસે આવ્યો. બસ! એક છલંગની વાર અને કોળિયો મોમાં!

પણ ત્યાં તો . . . . ભફફાક!

એકાએક ભફાકો થયો! ઝડાફ કરતોકને ધોળિયો જાણે ઝોડ વળગ્યું હોય તેમ તેને પાછલે પગે ચોંટી ગયો. પણ સાવજ લાગ ચૂકે તેવો નહોતો. તે જ ક્ષણે એક છલાંગે તે ગાડર ઉપર તૂટી પડયો અને પગે વળગેલો ધોળિયો એની પ્રચંડ કાયાના ઝાટકાથી ગલોટિયું ખાઇને ઊંધો પડયો. ભફફાક!

તક સાધીને સાવજે કામ લીધું હતું. ધોળિયાની ચૂડ છોડવતાં આથી તેને હરકત ન નડી. નિરાંતે ધારતા એક ગાડરને તેણે પેટમાંથી પકડયું ને મોંમાં નાખી પાછો ફર્યો. અરધું કામ તેણે આબાદ પૂરૂં કર્યું હતું.

પણ જાય ક્યાં ? દ્વંદ્વનું આહ્વાન દેતો હોય એમ ઘૂરકતો ઘોળિયો પૂંડોપંડ સામે ખડો હતો. રાતડો અને કાળિયો પણ ઘોળિયાના હુકમની વાટ જોતા બે પડખે આવીને ખડા થઈ ગયા હતા. બીજી જ પળે આ ગરબડથી રાઘવ સફાળો જાગી ઊઠ્યો અને 'તારી માના જનાવર' કરતોક ને ગેબો લઈ ચડપ કરતો બેઠો થઇ ગયો. દીપડા જેવા આ ત્રણ કૂતરા અને સામે કાળભૈરવ જેવો ગેબો ઝાલેલ રબારી !

સમયસૂચક સાવજે હવે વ્યૂહ બદલ્યો. એક બબરી છલંગ મારી તે કુતરા અને ગેબાધારી રાઘવના માથા પર થઇને દસ હાથ આગળ જઇ પડ્યો. આ દરમિયાન ઘોળિયાના સૈન્યનો ભસભસાટ એટલો વધી પડ્યો કે ગામનાં કુતરાં પણ ઘોળિયાની ભેર ગણુવા આવી પહોંચ્યાં અને સલામત જગ્યાએ ઊભાંઊભાં ઊંચે સાદે વડચકાં નાખવા માંડ્યાં. ગામમાં સૂતેલા રબારી પણ ગોકીરો થવાથી રીડિયા પડકારા કરતા આવવા માંડ્યાં. બીજો અવસર હોત તો સાવજ શિકાર પડતો મેલીને ભાગી નીકળત. અગાઉ કેટલાય નેસમાં સપડાઈ જવાથી તેણે આ સલામત રસ્તો લીધેલો. પણ આજ આખા દિવસની ભૂખે અને અધરાત સુધી-ની રખડપટ્ટીએ તેને ભૂખ્યો ડાંસ બનાવ્યો હતો એટલે હરકોઇ ભોગે તેણે શિકાર બચાવવાનું નક્કી કર્યું. રાઘવના ઉગામેલ ગેબાનેય ઠેકીને જ્યારે તે ઘેરાની બહાર પડ્યો ત્યારે એક ક્ષણ તેને નિરાંત લાગી. પણ તરત જ પગની પીંઠી તોડી લે એવાં બચકાં એની નસો ખેંચવા લાગ્યાં. રાતડા ને કાળિયા કુતરા-ઓને આ કળા અવગત હતી.

બીજી જ છલાંગે છીંડા પાસે ફરી એક પળ તેને નિરાંત થએલી લાગી. હવે તો છીંડામાંથી સટકે તેટલી વાર ! પણ સાવજ જુએ તો છીંડું બંધ ! ધૂંઆં-પૂંઆં થતો ઘોળિયો મારગ રોકીને સામે ફરી ખડો જ છે ! તેનાં નસકોરાં ફાટતાં હતાં. ધમણની જેમ તેની છાતી ફુલાતી હતી. પોતાના રાજમાંથી ધાડપાડુ સલામત છટકે એ તેના સ્વમાન માટે અસહ્ય હતું. વળી પહેલી વારની નિષ્ફળતાથી તેનું મગજ ધમધમી ઊઠ્યું હતું. અને પછડાટથી તેમાં ઘી હોમાયું હતું ! બીજા કુતરા જ્યારે સાવજને વીંખવા દોડ્યા ત્યારે વખત વિચારીને તે છીંડાને નાકે ઊભો રહ્યો. છીંડા આગળ જો તે ન રોકાય તો પછી બધી મહેનત ફોગટ હતી. ને પહેલાંની જેમ છીંડું કૂદવા સાવજ ફલાંગ મારે તો હાથવેંતમાં આવેલી બાજી મારી જાય એમ હતું. એટલે સાવજ પોતાને માથે થઇને છીંડું કૂદે—અરે તેનો વિચાર પણ કરે—તે પહેલાં જ તેણે જીવલેણ હલ્લો કરવાનું ઠરાવ્યું હતું.

જેવો સાવજ છીંડે આવ્યો કે લાગલો જ ઘોળિયો કૂદ્યો. સાવજ સામે સાવજ કૂદ્યો હોય એમ તેના પંજા ને નહોર વનરાજને માથે જઈ પડ્યા અને સાવજના મોં ઉપર પાટલાઘોની જેમ તે ચોંટી પડ્યો.

ધબ્બાક ! . . .

બીજો ધબાકો થયો અને ઘોળિયો તથા ગાડર બંને એકી સાથે જમીન પર ! આવો હુમલો સાવજને અકલ્પ્ય હતો અને અસહ્ય પણ હતો. અણધારી ઝપટ અને મર્મસ્થળની વેદનાથી ગભરાએલા સાવજનું મોં ખુલી ગયું અને જાડાંનાં મિજાગરાં ઢીલાં પડી ગયાં. આગળ પાછળ અને ચારેગમ ઘેરાઇ જવાથી તેણે છેલ્લો કૂદકો માર્યો. અને હો. . હો. . હો. . હુંકારતો ઠેકાને છીંડાની બહાર પડ્યો અને ધારની ગાળીઓમાં પૂરપાટીએ સડસડાટ વહેતો થઇ ગયો.

રાઘવ જઇને જુએ તો ગાડર મરણતોલ હાલત-માં ઘવાએલું પડ્યું હતું. સાવજની જમૈયા જેવી દાઢ તેના પેટમાં ઊતરી ગઇ હતી અને આંતરડાંનો લોચો લબડતો હતો. મોતનાં છેલ્લાં ડચકાં લેતો એ અભાગી જીવ તરફડતો હતો. નિરાશ હૈયે રાઘવ પાછો ફર્યો.

પણ ઘોળિયો તો ત્યાં જ ખોડાઈ ગયો. ગાડરને સૂંઘતોસૂંઘતો તે ત્યાં જ ઊભો. કઇ વાણીમાં એ બોલે ? કયા શબ્દોમાં પોતાનું અંતર વ્યક્ત કરે ? તે ત્યાં જ ઊભો. ધામેધામે ગાડરનો જીવ ઊડી ગયો.

લોથ સામું જોઈ તે ભારે પગલે ચાલ્યો અને રાઘવ પાસે આવ્યો. રાઘવે તેને હેતથી પંપાળ્યો, ને ભેગા થએલા રબારીઓ આગળ તેની નિમકહલાલીનાં વખાણ કર્યાં.

'રંગ છે ઘોળિયા, આજ સાવજને તેં ખાલી હાથે વળાવ્યો અને તારો પરચો બતાવ્યો !' એક રબારીએ ઘોળિયાને થાબડતાં કહ્યું.

અને ખિન્ન ઘોળિયો કોઈ અકલ્પ્ય કરુણાભરી દષ્ટિથી માલિકની સામું જોઇ રહ્યો.



નાગપૂજા

ચિત્રકાર : રસિકલાલ પરીખ



મોઢેરાનું પ્રાચીન ખંડિત સૂર્યમંદિર

ગુજરાતની શિલ્પસમૃદ્ધિનું એક સર્વોત્તમ પ્રતીક આ ભગ્ન મંદિરમાં સચવાયું છે. તેનો રંગમંડપ મુખ્ય મંદિરથી અલગ છે અને તેની બાંધણી કોઇ ફેરફુદડી ફરતી અપ્સરાનો ખ્યાલ આપે એવી છે. તેની કમાનો તથા સ્તંભ ઉપરની નકસી કારીગરોના સંસ્કાર અને શક્તિની અન્તર્વાણીઓ છે. મુખ્ય મંદિરની બાંધણીમાં પણ ચાલુ રૂઢી કરતાં કંઈક નવીનતાભરી અને કલાભરી ગોઠવણ દેખાય છે. બહારના ભાગમાં તથા મંદિરની સન્મુખના કુંડમાં જે મૂર્તિકામ છે તેમાં સપ્રમાણતા, આવેગ અને ભાવપૂર્ણતા એટલા બધા વિશેષ પ્રમાણમાં છે કે એ મંદિરને ગુજરાતની શિખરે પહોંચેલી કળાકૃતિ કહી શકાય. આખું યે મંદિર લાલ પત્થરમાં બાંધેલું છે. લુંટાયુંકુટાયું છતાં જોનારને તેનાં ખંડિત અંગો પણ મોહિની પમાડ્યા વિના રહેતાં નથી.

હિંદનાં શિલ્પસ્થાપત્ય



મોઢેરાના મંદિરમાંની સૂર્યની એક મૂર્તિનું રેખાંકન

આ બધી દૂરની જગ્યાઓ જોતાં આપણે ઇ.સ. ૧૨૦૦ સુધી આવી પહોંચ્યા. હવે આપણે ગુજરાતની શિલ્પકળા કેવી છે તે તપાસીએ. આપણે ઘરઆંગણે પણ એવીએવી વસ્તુઓ પડી છે કે જેમાંથી આપણે ઉચ્ચ પ્રકારનો આનંદ ભોગવી શકીએ, પ્રેરણા મેળવી શકીએ, ભૂતકાળને માટે ગૌરવ ધારણ કરી શકીએ અને દેશનું ભવિષ્ય ઘડવામાં આપણાં જૂનાં સાધનોમાં યથાયોગ્ય ફેરફાર કરી તેમને કેવી રીતે યોજવાથી આપણું શ્રેય સધાય તે વિચારી શકીએ.

ઇ.સ. ૧૨૯૮માં અલ્લાઉદ્દીન ગુજરાત પર ચઢી આવ્યો. એણે આપણાં ભવ્ય દેવાલયો તોડ્યાં, સુંદર મૂર્તિઓ ભાંગી; અને એની પછી જે જે મુસલમાની ચડાઇઓ આવી કે રાજ્યો સ્થપાયાં તે દરમિયાન ધર્મ સાથે જ સંકળાએલી આપણી શિલ્પકળાને ધર્મની ઝનૂનમાં પારાવાર નુકસાન પહોંચ્યું. પરંતુ મૂર્તિઓ ભાંગવાની ને ધન લૂંટવાની આ તાલાવેલીમાં પણ એ ભાંગનારા એ ભવ્ય બાંધકામોથી તો દબાઈ જ ગયા. ઘણે ઠેકાણે એમણે હિંદુ મંદિરોમાં જ ઘટતા ફેરફારો કરી મસ્જિદો બાંધી અથવા એ જ શિલ્પીઓ પાસે કિલ્લા, રાજમહેલો, રોજા અને મસ્જિદો બંધાવ્યાં.

આમાં ખાસ મુસલમાનોનો જ દોષ નથી. એ સમય જ એવો હતો. શૈવોએ બૌદ્ધોનાં, જૈનોએ શૈવોનાં અને બીજા હિંદુઓએ જૈનોનાં એમ પરસ્પરનાં મંદિરો તથા દેવદેવીઓ ભાંગી ફોડી પોતપોતાનાં દેવોની કેટલાં યે સ્થાનકોમાં સ્થાપનાઓ કરી હતી. ધર્મને નામે હિંદુઓમાં પણ લડાઇઓ થઈ છે, લોહી રેડાયાં છે અને સ્વ. નાગજી સ્વામી તો એટલે સુધી કહેતા હતા કે છેલ્લી જર્મન લડાઇ બાદ કરો તો ધર્મને નામે કપાએલાં મનુષ્યોની સંખ્યા તે અગાઉની તમામ લડાઇઓ કરતાં વધારે થાય! મદુરા મેં જોયું નથી; પરંતુ મેં સાંભળ્યું છે કે ત્યાંની ભીંતો પર 'દિગ્વિજય'નાં કેટલાંક ચિત્રો છે, તેમાં શૈવોએ જૈનોને ઘાણીમાં પીલી તરેહથી માર્યાનાં આલેખન છે. ગોવામાં પોર્ચુગીઝોએ જે મારામારી ને કાપાકાપી કરી હજારો મંદિરો ભાંગ્યાં એ તો જાણીતી વાત છે. પૃથ્વીમાં બધે જ એમ બન્યું છે. પરંતુ આજે સુભાગ્યે આપણે સારા જમાનામાં રહીએ છીએ. આજે નિઝામ સરકાર બૌદ્ધ ધર્મની અજંતાની ગુફાઓનો પુનરુદ્ધાર કરે, ભોપાળનાં મર્હૂમ બેગમ સાંચીને પૂર્ણ ભક્તિભાવથી નવું કરે, પાલણપુરના નવાબ સાહેબ ગીતા વાંચે અને મહૈસુર સરકાર મિ. મીરઝાંને પોતાના રાજ્યની ધર્મચુસ્ત હિંદુ પ્રજા સોંપે એ આપણા અરસપરસ વધતા જતા સમભાવ ને સહિષ્ણુતાનાં અનુપમ દૃષ્ટાંતો છે.

હવે તો સમય એવો આવ્યો છે કે મસ્જિદો ને રોજા આપણને પ્રેરણા આપશે અને ભુવનેશ્વર તથા સાંચી જેવાં ધામો મુસલમાન ભાઈઓને પ્રેરણા આપશે. અમે સાંચી ગયા ત્યારે ઍસિસ્ટંટ ક્યુરેટર જે મહારાણી વિક્ટોરિયાના ઉર્દુ શિક્ષકના પૌત્ર છે એ અમને મળ્યા હતા. એ કહેતા હતા કે 'બુદ્ધ ભગવાને ખરો શાંતિનો માર્ગ બતાવ્યો છે; અને આ સ્થાને મને જેટલી શાંતિ મળી છે એટલી મારી જિંદગીમાં મેં બીજે ક્યાં યે અનુભવી નથી.' અજંતાની ગુફાઓના ક્યુરેટર સૈયદ અહમદ પણ મુસલમાન ભાઈ છે. એમની અને શ્રી રાવળની વચ્ચે ઘણો પ્રેમ બંધાયો હતો. એમણે પણ અજંતાનાં કેટલાં યે ચિત્રોની સુંદર નકલો કરી છે.

ગુજરાતમાં શિલ્પકળા, ઇતિહાસ અને સ્થાપત્યની દૃષ્ટિએ જે જે જોવાલાયક સ્થળો છે. તેને હવે અનુક્રમે આપણે જોઇશું. ગુજરાતમાં કાઠિયાવાડ તો આવી જ જાય છે. જુનાગઢમાં અશોકના શિલાલેખો એ આપણું જૂનામાં જૂનું ઐતિહાસિક સ્મરણ કરાવનાર સાધન છે. દામોદર કુંડ એ ક્ષત્રપ વંશના રાજા રુદ્રદામાના નામ પરથી થએલો છે. તળાજાની ગુફાઓ ને ઉત્તર ગુજરાતમાંનું તારંગા પણ બૌદ્ધ સમયનાં છે. અમદાવાદ પાસેના અડાલજમાંથી બુદ્ધની એક મૂર્તિ જડી હતી એ વિષે અગાઉ જણાવ્યું છે. કાઠિયાવાડમાં ગોપનાથ મહાદેવનું મંદિર પણ છેક ગુપ્ત સમયનું છે.

ઉપરના અતિ પ્રાચીન અવશેષો સમજ્યા પછી આપણે એકદમ ઇ.સ. ૧૦૦૦ની આસપાસ આવી જવું પડે છે. એટલે ટૂંકામાં એમ કહી શકાય કે શિલ્પકળા ને સ્થાપત્યના બીજા નમૂના જે આપણી પાસે હાલ રહ્યા છે તે એક હજાર વર્ષથી પહેલાંના નથી. ભરૂચ અને ખંભાત આપણાં જૂનાં શહેરો છે, પરંતુ એ સ્થળોએથી કે પંચાસર અથવા વલ્લભીપુરમાંથી પણ કંઈ ખાસ શોધખોળ કરવામાં નથી આવી. ઐતિહાસિક દૃષ્ટિથી હવે ગુજરાતમાં એક સારા સંગ્રહસ્થાનની જરૂર છે, જ્યાં નવી નવી વસ્તુઓ હાથ લાગતી જાય તેમ તેમ એનો સંગ્રહ થઇ શકે. મોઢેરા અને એવાં જ જૂનાં સ્થળોમાંથી 'ગધૈયા' નામના સિક્કા નીકળતા હતા. પાળિયા તો હજી ઘણે સ્થળે પડેલા છે, પરંતુ ગુજરાતમાં પુરાણ-વસ્તુ-શાસ્ત્રના કોઈ ખાસ અભ્યાસીઓ નહિ હોવાથી આ દિશામાં પદ્ધતિસર કંઈ પણ યોજના થઇ નથી. એ થાય તો ઘણો લાભ થાય.

આબુ પરનાં દેલવાડાનાં દેવળો વસ્તુપાળ-તેજપાળ અને વિમળશાહે બંધાવેલાં છે. ઇ.સ. ૧૨૦૦ ને ૧૦૦૦માં એ બંધાયાં હતાં, છતાં હજી એ અણીશુદ્ધ ઊભાં છે. ત્યાં શુદ્ધ આરસમાં અનહદ કારીગીરી કરવામાં આવી છે, અને એમ કહેવાય છે કે જેવી સુંદર કોતરણી એ દેલવાડાનાં મંદિરોમાં છે એવી સુયોગ્ય, સુરુચિવાળી અને રસિકતાથી ભરપૂર આરસની કોતરણી પૃથ્વીમાં બીજે કોઈ સ્થળે ભાગ્યે જ મળી શકે.

જગતની મહાન અજાયબીઓમાં દેલવાડા પણ એક અજાયબી ગણાય છે. એના વિષે એમ કહેવાય છે કે એના શિલ્પીઓ પથ્થર કોરીને રોજ જેટલી રેતી પાડે એટલા વજનનું રૂપું કે સોનું એમને મહેનતાણું આપવામાં આવતું હતું! મતલબ કે બારીક કોતરણી કરવામાં શિલ્પીઓએ અહીં કંઇ મણા રાખી નથી. થાંભલાઓ ઉપર, કમાનોમાં, ગોખોમાં અને છતોમાં, વૃક્ષો, વેલો, પશુપક્ષીઓ અને મનુષ્યની તેમજ ભૂમિતિની અસંખ્ય આકૃતિઓ દોરીદોરીને એ દેવળોને અંદરથી અને બહારથી ભરચક ભરી દીધાં છે. એક પણ સ્થળ એવું નથી કે જ્યાં તમારી આંખને કોરો આરસ જોવા મળે! જેટલા અલંકારો પૃથ્વી પર હશે એ બધા જાણે આ મંદિરોના શોભનમાં ખર્ચી નાખવામાં આવ્યા છે, અને જેટલી વાર એ જોયા કરીએ છીએ તેટલી વાર 'સુંદર! સુંદર!' એ જ ઉદ્‌ગાર આપણા અંતઃકરણમાંથી નીકળ્યા કરે છે. થાંભલાઓ પર અને ઘૂમટની બાજુઓમાં પૂતળીઓ પણ ઘણી છે. નૃત્ય અને અભિનયથી આ પૂતળીઓના અંગમાં અનેક પ્રકારના મરોડ છે અને આનંદ તથા વિલાસથી એમના અવયવો ભર્યા લાગે છે. સંગીત, નૃત્ય અને હાવભાવથી એ એકેએક દેહ ઊછળી રહ્યો છે અને કોઇ દિવ્ય સંગીત સાથે તાલ લેતો હોય એમ લાગે છે.

વિમળશાહના મંદિરમાં ગૃહસંસાર, રાજવૈભવ અને જૈન કથાઓનાં આખ્યાનોના કોઇ ભાગ કોતરેલા હોય એમ જણાય છે, અને એ મંદિરની સમગ્ર રચનાની કોઇ દૈવી અસર આપણા અંતઃકરણ પર પડે છે. ત્યાંનું બધું વાતાવરણ ધાર્મિક, સાત્ત્વિક સૌંદર્યથી ભરપૂર અને આહ્‌લાદક બન્યું છે. સ્વચ્છતા, શોભા અને આકર્ષકતાનો ત્યાં પાર નથી. દક્ષિણનાં મંદિરોની વિરાટ

રચના અહીં નથી. દેખાવમાત્રથી આપણને દબાવી દે એવાં માઇલોથી દેખાતાં દક્ષિણનાં ઊંચાં ગોપુરમ્‌, ભવ્ય ચોગાનો, રાક્ષસી ઘૂમટો ને પહોળાં શિખરો અહીં તમે નહિ જુઓ. અહીંની રચના પ્રમાણમાં નાની છે, બહુ નાની છે; પણ સૌંદર્ય અને ભક્તિ વડે મનોહરતા તથા લાવણ્યથી અહીં એવું સર્જન કર્યું છે કે તમે જાણે લીન થઇ જાઓ; એમાં ઓતપ્રોત થઇ એકરૂપ બની જાઓ. એ જોઇને જાણે આપણાં જીવન મલિન હોય ત્યાંથી સ્વચ્છ કરી નાખીએ, બેડોળ હોય તે ખૂબસૂરત કરી નાખીએ એમ થઇ જાય છે. દેલવાડાના દર્શનથી આપણાં જીવનમાં મધુરતા અને લાવણ્ય ભરી નાખવાનું મન થઇ જાય છે.

તે પછી સિદ્ધરાજના સમયનાં બાંધકામો ને મંદિરો આવે છે. એમાંથી સિદ્ધપુરનો રુદ્રમહાલય, વડનગરનો દરવાજો, ડભોઈ ને ઝિંઝુવાડાના કિલ્લા, પાટણની વાવ અને વીરમગામનું મુનસર તથા ધોળકાનું મલાવ તળાવ એટલાં હાલ ઊભાં છે. તે પછી મોઢેરા આવે છે.

મોઢેરા પાટણથી સાત ગાઉ અને બહુચરાજીથી પણ તેટલું જ દૂર થાય છે. ત્યાં બારમી સદીનું એક ભગ્ન સૂર્યમંદિર છે. ગુજરાતની પ્રાચીન શિલ્પકળાનાં અનુપમ અવશેષો સાચવતું એ બીજું મોંઘું સ્થળ ગણાય.

એનાં તોરણો, કમાનો, સ્તંભ, પગથિયાં, મંડપ અને મંદિરની બહારની કોતરણી બધું દેલવાડાની જ જાતનું છે; પરંતુ દેલવાડામાં આરસ વપરાયો છે ત્યારે આ લાલ ઇડરીઆ પથ્થરથી બાંધેલું છે એટલો ફેર છે. શિલ્પીને આરસમાં સૌંદર્ય ઉપજાવવું આ જાડા પથ્થરો કરતાં સહેલું પડતું હોવું જોઇએ, છતાં મોઢેરામાં શિલ્પીઓ દેલવાડાના કરતાં કોઇ પણ પ્રકારે સૌંદર્ય ઉપજાવવામાં ઊતરતા જણાતા નથી, બલ્કે ઘણી બાબતોમાં ચડિયાતા છે. દેલવાડાની મનુષ્યાકૃતિઓ મોઢેરા જેવી નથી. ગુજરાતના શિલ્પીઓ મનુષ્યાકૃતિઓ ઘડવામાં કેવા કુશળ હતા તે જોવું હોય તો મોઢેરા જવું. લંબગોળ મુખાકૃતિ, પાતળા હોઠ, નાજુક અણીદાર નાક અને કોમળ છતાં તંદુરસ્ત શરીર મોઢેરાના મંદિર પરની સ્ત્રીઓનાં તમે જોશો. એમનાં શરીરના અવયવો પણ સપ્રમાણ અને શરીર-રચના-શાસ્ત્રને ઠીક અનુરૂપ આવે છે. બાકી આપણા શિલ્પીઓ આપણા જૂના ચિત્રકારોની માફક મૂર્તિઓ બનાવતી વખતે મનુષ્યનું શરીર-રચના-શાસ્ત્ર ધ્યાનમાં રાખતા નથી એ ભૂલ તો ખરી જ. મોઢેરામાં એ ભૂલ ઓછામાં ઓછી જણાય છે.

મોઢેરાની આકૃતિઓ હિંદુસ્તાનનાં ઉપર વર્ણવેલાં બધાં સ્થાનોની સ્ત્રી કે પુરુષની આકૃતિઓ કરતાં ચડિયાતી છે. એમનાં મોં ઘાટીલાં ને સુંદર છે. બેલુર અને હળેબીડની મૂર્તિઓનાં મોં પહોળાં ને ચોખંડાં છે; ભુવનેશ્વરમાં પણ ત્રિકોણ ઘાટનાં ને કંઇક બેડોળ લાગે એવાં છે; પરંતુ એનું કારણ એ લાગે છે કે ઓરિસ્સા કે કર્ણાટક કરતાં ગુજરાતના લોકો વધારે સુંદર છે. જ્યાં જેવાં માણસો ત્યાં તેવાં જ સ્વરૂપો કલાકારો સ્વાભાવિક રીતે સર્જે. મોઢેરાની મૂર્તિઓ જોઇને ગ્રીક મૂર્તિઓનું સ્મરણ થાય. જોકે ગ્રીક મૂર્તિઓ જેવી સુઘટિત અને બાહ્ય સૌંદર્યમાં સંપૂર્ણ મૂર્તિઓ તો પૃથ્વીમાં બીજે ક્યાંય બની નથી ને બનવાની નથી.

પરંતુ કલામાં પશ્ચિમના કલાકારોનો અને આપણો આશય એક જાતનો નથી. એમને તાદૃશ્ય ચિતાર રજુ કરવા છે; આપણી કલાસૃષ્ટિ મોટે ભાગે ભાવનાત્મક છે. એમને એમના દેશનાં ધર્મવિચાર, પુરાણકથા ને આદર્શો રજુ કરવાનાં હતાં, આપણે આપણા દેશનાં કરવાનાં હતાં; અને એમાં પણ ઘણો ફેર છે. એટલે વિગતોમાં પૂર્વ ને પશ્ચિમની કલા જુદી પડે છે. એકને બીજાની જોડે સરખાવતાં બંનેને અન્યાય થાય એવું છે. એટલે એ કામ આપણે રહેવા દઇએ.

મોઢેરાનું મંદિર સૂર્યનું હતું. ૧૨મી સદી સુધી ગુજરાતમાં સૂર્યપૂજા હતી. પરંતુ પાછળથી, સૂર્યની પ્રત્યક્ષ મૂર્તિ તો દરરોજ આપણે જોઇએ છીએ; તેની તે વળી પથ્થરની મૂર્તિઓ શા કરવી; એની પૂજા તો રોજ દિવસ ઊગે ને આથમે ત્યાંસુધી સાક્ષાત થઈ શકે છે; એમ ઠરાવી, સૂર્યને સ્થાને વિષ્ણુને ત્યાં બિરાજમાન કર્યા. એ શાથી અને કેવા સંજોગોમાં બન્યું એની તો કંઈ ખબર નથી, પરંતુ ત્રિવિક્રમની કથા જોડે એનો સંબંધ છે એમ વિદ્વાનોનું માનવું છે. ત્રિવિક્રમ વિષ્ણુએ ત્રણ પગલાંમાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ માપી નાખ્યાં અને અરધું પગલું બલિરાજા—એટલે અંધકાર—ના માથા પર મૂકી એને પાતાળમાં ચાંપ્યો હતો. એ વિષ્ણુ એટલે સૂર્ય; અને સવાર બપોર અને સાંજે થઇને એ ત્રણે લોકને ભરી દે છે. અને અંધકારનો નાશ કરે છે એમ કહી સૂર્ય એટલે વિષ્ણુ



ઉત્તર ગુજરાતમાં વીજાપુર પાસે આવેલા, ખડાયતા વણિકોના અદિસ્થાન ખડાત ગામમાંથી તેમના ઇષ્ટદેવ કોટચર્કજીના જૂના મંદિરમાંથી મળી આવેલું આ પ્રાચીન શિલ્પ કદાચ ગુજરાતનાં સૌ શિલ્પમાં પ્રાચીનતમ છે. બહેનને ખભે ચડીને ઝૂમતા નાના ભાઇને સ્નેહથી કાંઇક ખવડાવવા આવેલી માતાનું આ પુરાણું મનોહર શિલ્પ પ્રાચીન ગુજરાતના પોષાક, ગૃહજીવન અને એ સમયની કલાનું રમ્ય દર્શન રજૂ કરે છે.

જ છે એમ મનાવા લાગ્યું હતું. વળી ઇ.સ. ૧૨૦૦ પછી ગુજરાતમાં સૂર્યમંદિરો કોઇ થયાં નથી. ખડાલમાં ખડાયતા વાણિયાના ઇષ્ટદેવ કોટચર્કજી છે તે મૂર્તિ પણ વિષ્ણુની છે. એટલે સૂર્યમાંથી વિષ્ણુની પૂજા જે કાળે પ્રચલિત થઇ હશે તે જ સંધિના કાળમાં એ કોટચર્કના નામથી વિષ્ણુને સંબોધવામાં આવ્યા હોય. સૂર્યની બીજી એક મૂર્તિ શુકલતીર્થમાં પણ છે.

કોટચર્કજીનું અસલ મંદિર બહુ પુરાણું લાગે છે. એના શિખરનો ઘાટ હાલનાં શિખરોથી જુદો અને જૂનો છે. કોઇ કહે છે કે એ ગુપ્ત સમયનું હશે; પણ એ વિષે કંઇ ખાતરી નથી. પણ ત્યાં ચાર પ્રાચીન મૂર્તિઓ છે; બીજી બે ગરુડ ઉપર જતા વિષ્ણુ ભગવાનની છે. એ જૂના મંદિરની બે બાજુના બે ગોખમાં છે. બંને અખંડિત અને સારી છે. એમાં વિષ્ણુના મુખ પર હાસ્ય અને તેજ છે. ચોથી મૂર્તિ એક બાઇની છે. એનો ચોટલો બહુ સુંદર છે. ગરુડ પર જતા વિષ્ણુ ભગવાનને બાર હાથ છે. બાર ભુજાવાળા વિષ્ણુ બીજે ઠેકાણે ભાગ્યે જ જોવામાં આવે છે. અષ્ટભુજા દુર્ગા હોય છે. ઘણું કરીને મગરના મુખમાં પકડાએલા હાથીને છોડાવવા જતી વખતનું એ રૂપ હશે. વિષ્ણુની શરૂઆતની મૂર્તિઓ નૃસિંહ અવતારની કે વરાહની હતી. વીજાપુરમાં નરસિંહજીની એક મોટી મૂર્તિ છે. દાહોદમાંથી ખોદકામ કરતાં બે મૂર્તિઓ જડી હતી. તેમાં શેષશાયી વિષ્ણુ નારાયણરૂપે કોતરેલા છે. એ મૂર્તિઓ ચૌદમી સદીની છે ને ગુજરાતમાં કોઇ કલાસંગ્રહ નહિ હોવાથી એને પૂને મોકલવામાં આવી છે.

મૂર્તિપૂજાના રહસ્યને જાણનાર વિદ્વાનોએ કહ્યું છે કે ઉગ્ર મૂર્તિઓ ન પૂજવી જોઇએ, કારણકે એથી પૂજનાર સ્વભાવે ઉગ્ર થાય છે. તેમ શેષશાયી નારાયણ એ પણ નિર્ગુણ બ્રહ્મનું સ્વરૂપ છે. નિર્ગુણ બ્રહ્મ કલ્પનામાં લાવી શકાય એમ નથી, માટે સગુણ બ્રહ્મને સૌમ્ય સ્વરૂપે શ્રીકૃષ્ણના મુરલીધરને રૂપે પૂજવાનો આદેશ થયો. ત્યારથી મૂર્તિપૂજક હિંદુઓનો મોટો ભાગ સૂર્ય કે શેષશાયી નારાયણ અને નૃસિંહરૂપને બદલે શ્રીકૃષ્ણની પૂજાભક્તિ કરવા લાગ્યો એમ સમજાય છે.

પરંતુ 'જેવા ઇષ્ટદેવની પૂજા કરો એવા થશો' એ વાત ખરી છે. ગુજરાતમાં બહુચરાજીની પૂજા કરનારમાંના કેટલાક સ્ત્રૈણ બન્યા છે અને શ્રીકૃષ્ણની પૂજામાં પણ ગોપીભાવની અતિશયોક્તિ આવી ગઇ છે. આમ કહીને શક્તિમાર્ગમાં બળ આપવાની જે તાકાત હતી અથવા શ્રીકૃષ્ણની ભક્તિપૂજાથી હૃદયમાં જે પ્રેમભાવનો આર્વિભાવ થાય છે એની હું અવગણના કરવા માગતો નથી. અથવા શક્તિમાર્ગની કે વૈષ્ણવ સંપ્રદાયની નિંદા કરવાનો પણ આમાં આશય નથી; માત્ર પ્રજાના માનસિક પરિવર્તનોનાં કારણોની એ એક દૃષ્ટિ છે અને માનસશાસ્ત્રને આધારે એની કંઇક કિંમત છે તે ધ્યાનમાં રાખવા જેવી છે. પ્રજામાં આયલા-

પણું આવવાનાં આ સિવાય બીજાં પણ ઘણાં કારણો છે.

સૂર્યપૂજકો શૂરા હતા. ખુદ મોઢેરાના મંદિરમાં મલ્લકુસ્તી કરનારા અને મોટા હાથીને ઊંચકી ફેંકી દેનારા પહેલવાનો કોતરેલા છે. મોઢેરામાં એ સમયે વજ્રમુષ્ઠિ પહેલવાનો હતા અને ગુર્જર રાજાઓ એમને લડાઇ વખતે બોલાવતા. ઉદયપુરના રજપૂતો જે અસલ સૂર્યવંશી હતા એ પણ સૂર્યના ઉપાસકો હશે. ઉદયપુર અથવા મેવાડના રાજકર્તાઓનો મૂળ પુરુષ ઇડરનો બાપા રાવળ પણ ગુજરાતી હતો.

વજ્રમુષ્ઠિ પહેલવાનો જેઠીમલ્લ અથવા જ્યેષ્ઠ મલ્લ પણ કહેવાતા. એ મોઢ એટલે મોઢેરાના બ્રાહ્મણો હતા. ઇ.સ. ૧૨૨૪માં કરણ વાઘેલો પડ્યો. ગુજરાતનું રાજ્ય અસ્તવ્યસ્ત થઇ ગયું અને સૂર્યપૂજાનો પણ અસ્ત થયો. જેઠીમલ્લો દક્ષિણમાં ચાલ્યા ગયા. દક્ષિણમાં તે વખતે હિંદુ રાજ્યો આબાદ હતાં. ત્યાં એમની કદર થઇ લાગે છે. પરંતુ એ બધાને વધારે અનુકૂળ તો તાંજોર થઇ પડ્યું. અત્યારે પણ તાંજોરમાં ગુજરાતી ભાષા બોલનારા આ જેઠીમલ્લ પહેલવાનો છે. વડોદરાના ખંડેરાવ મહારાજને પહેલવાનોનો બહુ શોખ હતો, એટલે એમના વખતમાં એમાંના થોડાક વડોદરે પાછા આવેલા. હાલ પણ વડોદરામાં એ વજ્રમુષ્ઠિ પહેલવાનો છે, પણ વજ્રમુષ્ઠિની કુસ્તી હવે કાયદેસર બંધ કરવામાં આવી છે.

મોઢેરાના સૂર્યની મુખ્ય મૂર્તિ ચોરાઇ ગઇ છે, અથવા ધનની ખાતર એને ખોદીને ભાંગી નાખવામાં આવી હોય એમ લાગે છે. પરંતુ શિખરની બાજુઓમાં અને મંદિરની આસપાસ સૂર્યનારાયણની બીજી મૂર્તિઓ છે. એમણે હોલબૂટ જેવા જોડા પહેરેલા છે; પ્રતાપી રૂઆબથી વજ્ર ધારણ કરીને એ ઊભા છે; આકાશમાં ઊડતા સાત ઘોડા એમનો રથ ખેંચે છે. આ શિલ્પમાં ઢીલાશની કે નૃત્યની કે સ્વારસ્થની વાત નથી. વીર યોદ્ધા જેવા, પહોળી છાતી વાળા, દૂર નજર કરતા આ તેજસ્વી સૂર્યદેવને જોતાં જ આપણું લોહી જોરથી ફરવા માંડે છે. પરંતુ આ તો બહારની ગૌણ મૂર્તિઓ છે. આના પ્રમાણમાં મુખ્ય મૂર્તિનો પ્રતાપ કેવો હશે એની ને એનાં પૂજક નરનારીઓ કેવાં વીર હશે એની તો કલ્પના જ કરવાની રહે છે.

આ મંદિર ઉપરની આકૃતિઓ, સ્તંભો, તોરણો અને ગોખોનું સૌંદર્ય અદ્‌ભુત છે. દેલવાડાના કરતાં પણ શિલ્પકળામાં અમુક અંશે એ ચડિયાતું છે અને એની સમગ્ર રચનાની છાપ આપણા હૃદયમાં આનંદ ઉપજાવે છે. આખા મંદિરનો કોઇ ભાગ કોતરણી વગરનો નથી. પશુ, પંખી, વૃક્ષો, વેલીઓ, પત્ર, પુષ્પ, કમળ, હાથીઓ અને દેવદેવીઓ તથા નર્તકીઓ અને અપ્સરાઓ અહીં પણ છે. અંદર બ્રહ્મા, વરુણ, ઇંદ્ર વગેરે દેવતાઓ પણ જોવામાં આવે છે અને મંદિરનો અંદરના ઘૂમટમાં ઘણું કરીને બંસીધર કૃષ્ણ અને થોડા ગોવાળો પણ કોતરેલા છે. ડાબી બાજુએ કોઇ સ્ત્રી કોઇ સંતપુરુષને ભક્તિભાવથી નમે છે, એના શરીરની કોમળતા અને વળેલા અંગની મનોહરતા આકર્ષક છે. મંદિરની જમણી બાજુએ વિશ્વામિત્ર-મેનકા છે. વિશ્વામિત્રના મુખપર કામવાસના જાગેલી સ્પષ્ટ જણાય છે ને મેનકાનું સ્વરૂપ પણ અત્યંત મોહક ને વેધક છે. જડ પથ્થરોમાં પણ આવાં ભક્તિભાવ, શૌર્ય, વીરતા, બળ ને શૃંગારને મૂર્તિમંત કરવાં એ અત્યંત મુશ્કેલ કામ છે. ભાવથી ગીત ગાવાં એ સહેલું છે; ચિત્રોમાં પણ રંગ, રેખાઓ, છાયા, પ્રકાશ ઇત્યાદિની ચિત્રકારને મદદ છે; પરંતુ પથ્થર કોતરનાર શિલ્પીને તો વાણી કે રંગ કશાની મદદ નહિ છતાં તે આવાં ભાવાત્મક સર્જનો કરે એ જેવીતેવી શક્તિનું કામ નથી.

સોમનાથ પાટણ અને અણહીલવાડ પાટણની પડતી પછી જૂનાં મંદિરો તૂટ્યાં અને નવાં ફરીને બંધાયાં; તે પણ ફરીફરીને તોડાયાં. આખરે બીજાં બંધાવવાની તાકાત પ્રજામાં ઝાઝી રહી નહિ. પાલીતાણાનો આખો પહાડ જૈન ભાઇઓએ દેવળોથી છાઇ દીધો અને શુષ્ક પથરાઓને દેવભૂમિ બનાવી દીધી. ઉપરાંત બીજી બાજુએ ઉત્તમ કોતરણીવાળાં અને મનોહર ઘાટનાં ઝીણા લાકડકોતરકામવાળાં ઘરો શહેરો તથા ગામડામાં બંધાવાં ચાલુ રહ્યાં. એ લક્કડકામ કરનારા સુતારો બુદ્ધિબળમાં કે હૃદયબળમાં, ધીરજમાં કે ઉદ્યમમાં પથ્થરકામ કરનાર શિલ્પીઓથી ઊતરે એવા ન હતા. ગુજરાતનું કોઇ પણ ઘર એ સમયે સુરુચિવાળી કોતરણી વગરનું ન હતું. કોતરણી વગરના થાંભલા, ટોલ્લા કે પાટડીઓ હોય તે ઘર અશુભ ગણાતું, અને સાદું લાકડું વાપરવાની સુતાર હા જ ભણતો નહિ. ગોખ, છાજલીઓ, બારી

છતો, પડદા અને છાપરાંની બાજુઓ બધું તેઓ સુંદર કારીગરી અને કોતરણીથી ભરી દેતા. એ ઘરો ચોકવાળાં, આ પ્રદેશના વાતાવરણને અનુકૂળ હવાઅજવાળાની યથાયોગ્ય ગોઠવણવાળાં અને આરોગ્યશાસ્ત્ર તથા રસશાસ્ત્રની દૃષ્ટિએ ઉત્તમ હતાં.

પારણાં, પાટો, સાંગામાચીઓ, હીંડોળા અને ખાટલા એ રાચરચીલાંમાં મુખ્ય હતાં. એના પર પણ જાતજાતની કોતરણી અને કારીગરી થતી. રંગીન દીવીઓ, ખીંટીઓ અને બાજઠો થતા. બાળકો લાકડાનાં ટકાઉ રમકડાંથી રમતાં અને પુરુષો સુંદર રીતે ઉતારેલી રંગીન લાકડીઓ વાપરતા. સ્ત્રીઓનાં વેલણો, પંખાના હાથા, પટારા અને મજુસ પણ રંગકામ અને કોતરણીથી શણગારવામાં આવતાં.

ત્રાંબા પિત્તળનાં વાસણો પણ ઘાટઘાટનાં થતાં. સંચાથી છોલાએલું સાફ સપાટ કે બોડું તો કોઇ વાસણ ઘરમાં ન હતું. એ સમયમાં ત્રાંબાકુંડી તો સ્ત્રીઓને બહુ પ્રિય વસ્તુ હતી. 'ત્રાંબાકુંડી તે નગર સોહામણી!' એવી, આખું નગર શોભી ઊઠે એવી કુંડીઓમાં પતિને સ્નાન કરવા ગૃહિણીઓ પાણી આપતી. ચકચકિત 'પિત્તળ લોટા'માં 'જળ ભરીને' દાતણ આપવામાં આવતાં. 'ત્રાંબા તે કેરૂં મારૂં બેડલું રે, રૂપલા ઉઢાણી સાથ મારા વ્હાલમા' એવાં ઘાટીલાં બેડાં ને ગૂંથેલી કે ભરેલી ઉઢાણીઓ વપરાતી. સાફ ન થઇ શકે એવી કચરાળી ડોલો, ટીનપાટ, પવાલાં કે ઍનૅમલનાં રંગેલાં આજનાં તકલાદી વાસણો કરતાં એ વાસણો કેટલાં સારાં હશે એનો વિચાર કરો.

લુહારો લોઢાની જાળીઓ ને કઠેડા સુંદર તથા વિવિધ ભાતોવાળા બનાવતા. કંસારાઓ દીવીઓ, ધૂપદાનીઓ, પાનની પેટીઓ, પૂજાનાં વાસણ, ગંગાજમની તથા પુરાણકથાઓનાં આલેખનવાળા લોટા, ડબા વગેરે ઘડતા. ફુલછાબો, ઝુમ્મરો, હીંચકાની સાંકળો ને નિત્ય ઉપયોગની કે વૈભવની પણ હજારો વસ્તુઓ બહુ સરસ ને મનોહર ઘાટ તથા કારીગરીવાળી બનતી.

સ્ત્રીઓ સોનારૂપાનાં ઘાટીલાં ઘરેણાં પહેરતી અને એમાં પણ ગૂંથણી અને કોતરણીનું અજબ કામ થતું હતું. હજી પણ રૂપાનાં વાસણો, ચહાદાનીઓ અને પ્યાલા, ફૂલદાનીઓ અને છાબડીઓ કચ્છના કારીગરો બહુ સરસ બનાવે છે. સોનાની બંગડીઓ પર અને બીજાં ઘરેણાંમાં કચ્છી સોનીઓ પાકું રંગીન મીનાકામ બહુ જ મનોહર કરે છે. હાલની મુંબાઇ અને અમદાવાદની જ્યુએલરી માર્ટોમાં તપાસ કરશો તો ત્યાંનું ઉત્તમ કામ કચ્છી સોનીઓનું હશે. કચ્છી રેશમનું અને ભરતનું કામ કરનારા કારીગરો પણ આજસુધી જોવામાં આવે છે. એ જૂના કામમાં જે ટકાઉપણું, સુરૂચી અને ઝીણવટ હતાં તે સંચાયુગના આ જમાનામાં મળવાં મુશ્કેલ છે. ખોટી ઝલકનાં તકલાદી કસબી વસ્ત્રો પહેરનાર આજકાલની સ્ત્રીઓ પોતાના સ્વદેશની એવી ઉત્તમ કારીગરી એક વાર સમજણપૂર્વક જુએ તો આંખો ઊઘડી જાય.

અમદાવાદના શાહઆલમના રોજામાં પિત્તળની એક સુંદર જાળી છે. એવી જ જાળીભાતનો કિનખાબ અમદાવાદમાં વણાતો. એને હજુ સુધી શા'લમ (શાહ આલમ) કિનખાબ કહેવામાં આવતો. અમદાવાદના ભાતભાતનાં કાપડ છાપનાર છીપા લોકોનાં બીબાં સુતારો જ ઘડતા. એ છાપોથી છીપા અને ભાવસારો ભાતભાતનાં વસ્ત્રો રંગતા. વણકરો સુંદર કોરોનાં ધોતિયાં અને સાડીઓ બનાવતા. રેશમી કેરી કોરનાં ધોતિયાં તો મેં પણ પહેરેલાં છે. કિનખાબોમાં પણ તરેહતરેહની ભાત આવતી, અને પાથરણાં, શેતરંજીઓ, ઓછાડ તથા ગોદડાં સુદ્ધાં કલામય થતાં હતાં. પાટણમાં પટોળાં થતાં; ખંભાતમાં અકીકનું કામ અને રેશમી સાડીઓ થતી; અમદાવાદમાં સુતર, રેશમ અને કસબ એ ત્રણ તારથી મશરૂ, ગજીઆણી અને કિનખાબ થતાં; પટવા લોકો હાથા અને પાલખીઓ માટે રેશમનાં ફૂમતાં અને ઝુલો ગૂંથતા.

જંગલો શોભાવવાનું કામ કુદરતનું છે અને નગરો તથા ઘરોની અંદર શોભા લાવનાર કલા છે. આમ એક કાળે આખું ગુજરાત અને સંસ્કારી હિંદ, તમામ કલામાં તરતું હતું! બાળકો એ જ કલામય વાતાવરણમાં ઊછરતાં હતાં અને રમતગમતથી માંડી દેવદર્શન સુધીનું તમામ કાર્ય રસસામગ્રીથી ભરેલું હતું. ગામડાં અને શહેરોની પોળોમાં પક્ષીઓને માટે સુંદર પરવડીઓ હજી પણ બને છે. ઓવારા, વાવો, ધર્મશાળાઓ અને ભાગોળોની રચના હજી પણ મનોહર અને સંસારના તાપને શમાવનારી નથી એમ કોણ કહેશે?

[ચાલુ] **હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ**

સ્મરણયાત્રા

૩૨][પડોશની પીડા

અમે ત્રીજી કે ચોથી વાર સાવંતવાડી ગયા હતા. આ વખતે રહેવાનું સરકારી ગેસ્ટ હાઉસમાં રાખ્યું હતું. અર્ધો બંગલો અમારા તાબામાં આપેલો હતો. એ જ અરસામાં અમારા નોકર ભાનુના પગ પર ગાડીનું પૈડું પડ્યું હતું, અને કેટલાયે દિવસ સુધી એ માંદો રહ્યો હતો. આ બંગલામાં અમે ત્રણે જણ ખૂબ રમતા. સાવંતવાડીમાં અમારા એક ઓળખીતાના ઘરમાં આક્કા કરીને છોકરી હતી. ઘરમાં એને આક્કયા કહીને બોલાવતા હતા. એ અમારે ત્યાં થોડા દિવસ રહેવા આવી. ઘરમાં કોણ આવે છે ને કોણ જાય છે એની અમને શાની પરવા હોય? પણ આ છોકરીને, બપોરે અમે બાધબકરી રમતા હોઈએ અથવા કંઈ વાંચતા હોઈએ ત્યારે અમારી વચ્ચે આવીને બેસવાની ટેવ હતી. સ્ત્રી એ કંઈક ઉતરતું પ્રાણી છે એવી માન્યતા નાનપણથી બંધાઈ હોવાથી એ છોકરી અમારી વચ્ચે આવીને બેસે એ અમને અપમાન લાગતું. પણ મહેમાન આવેલી લાડકી છોકરી, એને ત્યાંથી ઉઠાડાય પણ કેમ? અમે ધીરજથી એની હાજરી સહન કરતા. પણ એ તો અમારી વાતોમાં યે ભળતી, અમને સવાલો પૂછતી. અમે તોછડો જવાબ આપીએ તો વળી કહેતી, 'કેમ ભાઈ, આવો જવાબ આપો છો?'. આટલું પૂછી, જાણે કશું થયું જ ન હોય એમ ફરી અમારી વાતોમાં ભળતી.

ત્રણચાર દિવસ તો અમે આ સહન કર્યું. પણ પછી ભાઉએ એક યુક્તિ કરી. એ સાંભળી શકે એવી રીતે આઈને કહે, 'આઈ, આજે આક્કા પાછી એને ઘેર જવાની છે ને? એને એમ ને એમ ન મોકલાય. એને એકાદ સારો ખંડ આપીને મોકલજે. જોઈએ તો હું જ બજારમાંથી મંગાવી લઉં.'

અને આઈનો જવાબ સાંભળ્યા પહેલાં જ ભાઉએ પટાવાળાને કહ્યું, 'અરે ઘોંડી, આજે આક્કા ઘેર જવાની છે. ત્રણ વાગ્યે ઘેર આવજે અને હમણાં બજારમાં જઈને આઈ કહે તેવો ખંડ લઈ આવજે.'

આ યુક્તિ આબાદ નીવડી, અને કેશુએ હાશ કહી.

પણ બકરી ગઈ ત્યાં ઊંટ ઘરમાં પેઠું. તે જ દિવસે કોઈ યુરોપીઅન મહેમાન એ બંગલામાં આવ્યાં. સરકારી મહેમાન અને સરકારી બંગલો. અમારાથી એમાં હા ના થાય જ કેમ? અર્ધો બંગલો ખાલી હતો એમાં પેલાં આવીને રહ્યાં. ધણીધણિયાણી બે હતાં. સાથે એમના બે ઘોડા હતા. બંને ઘોડે બેસનાર જબરાં. સાહેબ કંઈક શાંત સ્વભાવનો હતો, પણ મડમ તો વાઘણ જોઈ લો. આખો દિવસ નોકરોને વઢે. ઘોડા માટે ચણાનું જોગાણ પોતે તૈયાર કરી, બે હાથે બે ડોલ ઉપાડી પોતે જ ઘોડાને ખવડાવતી, અને ઘોડા ખાઈ રહે ત્યાં સુધી ત્યાં જ ઊભી રહેતી.

બાઈ થાકીને બપોરે સૂતી હશે. પાસેના ખંડમાં ટેબલ પર અમે બાધબકરી રમતા હતા. રમતાં રમતાં વિવાદે ચડ્યા. અમારો ઘાંટો સારી પેઠે વધ્યો. બાઈની ઊંઘ ભાંગી. નાગણ જેવો ફૂંફાડો કરતી એ ઊઠી, અને અમારા બે ઓરડા વચ્ચેનાં બંધ બારણાં પર જોરથી મુક્કો મારી ગરજી ઊઠી: 'અરે છોકરાઓ, શું તોફાન માંડ્યું છે? જરા સૂવા દેશો કે નહિ?'

અમે ઉંદરની જેમ ચૂપ થઈ ગયા. ભાઉએ કહ્યું, 'થૅંક યુ.' અને અમે એ ઓરડો છોડી દીધો. અમને થયું કે આ બલા ક્યારે જશે?

અમારી મૂંઝવણ આ પ્રકારની હતી, જ્યારે પિતાશ્રી બીજી રીતે ચિંતાગ્રસ્ત હતા. અમે જમવા બેઠા ત્યારે પિતાશ્રી આઈને કહે, 'આ ગોરાંઓ આપણા ઘરમાં આવીને રહ્યાં છે. માંસમચ્છી ખાશે, જે ઘરમાં માંસાહાર ચાલતો હોય ત્યાં પાણી પીએ તો પણ અભડાઈએ.'

આઈએ તોડ કાઢ્યો: 'આપણે ક્યાં એક જ ઘરમાં છીએ? એમનો ભાગ જુદો છે ને આપણો જુદો છે.'

પિતાશ્રીએ કહ્યું, 'એમ મનનો ન મનાવાય. આખા બંગલાનો મોભ તો એક જ છે ને? એ તો એક જ ઘર કહેવાય. આટલાં વરસ નોકરી કરી, પણ આવો પ્રસંગ આવ્યો નહોતો. આનો કશો ઇલાજ દેખાતો નથી. એટલે એ સંકટ ખમ્યે જ છૂટકો. દિલાસો ખાતર છે જ કે આમાં આપણો ઇલાજ જ નથી.'

ત્રીજે જ દિવસે બંને ઘોડેસવાર ત્યાંથી વિદાય થયાં.

૩૩][દાઝેલો ભગત

એક વાર સાવંતવાડીમાં એક ઘરને આગ લાગી. આખા લત્તામાં હોહા થઇ ગઇ. અમે એ વાત સાંભળી અને શું છે તે જોવા દોડ્યા. વિઠુ પટાવાળો સાથે હતો. બેચાર શેરી ફરીને અમે આગની જ્યાએ પહોચ્યા. ઘર તો બેસી જ ગયું હતું. માત્ર ભીંતો ઊભી હતી. એ ઘરમાં જોવા જેવું તો શું હોય? છાપરાનાં લાકડાં બળતાં હતાં. ઘરનો સામાન રસ્તા પર વેરણછેરણ પડ્યો હતો. એક ડોશી રસ્તા પર માથું કૂટતી હતી. કેટલાક લોકો ઘરના દગલામાંથી હજી યે કંઇ બચી શકે એવી લાગતી વસ્તુઓ બહાર ખેંચી કાઢતા હતા. બીજા કેટલાક દૈવવાદીઓ હાથ જોડીને ઊભા રહી ખરખરો કરતા હતા.

અમને ત્યાં ઝાઝું ઊભવું ગમ્યું નહિ. અમે પાછા ફરતા હતા એટલામાં એક જણે કહ્યું, 'બળતા ઘર પર એક ભલો માણસ ચડ્યો હતો. તે પગ લપસી જવાથી અંદર પડ્યો ને સારી પેઠે દાઝી ગયો. લોકોએ મહામુશીબતે એને બહાર કાઢ્યો. એને ઇસ્પિતાલમાં લઈ ગયા છે.' એનું નામ સાંભળતાંવેંત વિઠુ બોલ્યો, 'અરે, એ તો આપણો ભગત. કેટલો ભલો માણસ!'

અમને હવે એ ભગતને જોવા જવાનું મન થયું. અમે વિઠુને કહ્યું, 'ચાલ ઇસ્પિતાલ તરફ.'

'જમ્યા પછી બપોરે જઇએ તો?'

'ના, હમણાં જ ચાલ. બિચારાને જોઇએ તો ખરા.'

'પણ સાહેબ વઢશે તો? ઘેર જતાં અસૂર થશે.'

'ના, સાહેબ નહિ વઢે. હું તને ખાતરી આપું છું.'

અમે ઇસ્પિતાલે ગયા. ત્યાં અનેક માંદાંની વચ્ચે ભગતનો ખાટલો હતો. બિચારાને કેટલે ય ઠેકાણે પાટા બાંધ્યા હતા. વિઠુ એને ઓળખતો હતો. એણે ભગતને કહ્યું, 'અમારા સાહેબના છોકરાઓ તમને જોવા આવ્યા છે.' ભગત બેઠો થયો. અમે એને બેસતાં વાર્યો. મારા મનમાં વિચાર આવ્યો, આ માણસે આટલી બહાદુરી કરી છે એની આપણે કદર કરવી જોઇએ. એને લાગવું જોઇએ કે દુનિયામાં આપણા જેવા કદરદાન લોકો છે. એને સારું લગાડવા ખાતર ચુનંદાં વચનો પણ બોલી જવાં જોઇએ. પણ શું બોલવું એ સૂઝે નહિ. કૃત્રિમ વિવેકે કહ્યું, 'કંઈક સારું બોલી નાખ.' પણ કંઈક વાક્ય મનમાં ગોઠવું તે પહેલાં હૃદય કહેતું, 'આ બધું પોલુંપોલું લાગે છે.'

આ ગડમથલમાં હું કંઈક બોલી તો ગયો. પણ એવું તો અડવું નીવડ્યું કે એથી અમે બધા મૂંઝાઇ ગયા. ભગત જરા ગભરાએલો લાગ્યો. એને ખાતરી થઇ ગઈ હતી કે હવે પોતે જીવવાનો નથી. એણે કહ્યું, 'ભગવાને મારું હમેશાં ભલું કર્યું છે. આજે ઘેર બોલાવશે તો તે ય રૂડું જ છે તો!'

મેં કહ્યું, 'ભગત, ગભરાશો મા. પાંડુરંગ તમને સાજા જ કરશે. તમારી મહેનત એળે નહિ જાય.'

ભગતને ખુશામત સૂઝી: 'તમારા જેવા મોટા લોકો મને જોવા આવ્યા એમાં જ મને બધું મળી ગયું.'

હવે ત્યાં ઝાઝું ઊભા રહેવા જેવું ન હતું. મહિના પછી ભગત સાજા થયા, અને ભગવાનને નહિ પણ પોતાને જ ઘેર ગયા એમ વિઠુ પાસેથી મેં સાંભળ્યું. ભગતે ઘર બચાવવામાં સૌથી વધારે મહેનત કરી હતી એમ સૌ કહેતા હતા.

૩૪][પાઠમાળા

ગોવંડળકરને ત્યાં અમે હતા ત્યારે ખગ્રાસ સૂર્યગ્રહણ થએલું. દસ અગિયારનો શુમાર હશે. સાવ અંધારૂં થઈ ગયું. એકબે ગ્રહ પણ દેખાવા લાગ્યા. કાગડા વગેરે પક્ષીઓ અકળાઇને કોલાહલ કરવા લાગ્યાં. એ વખતે મેં એક મજાની શોધ કરી. ગ્રહણ જેમજેમ વધતું ગયું તેમતેમ હવામાં એવો કંઇક ફેરફાર થઇ ગયો કે મૃગજળનાં જેમ મોજાં ઊછળે છે તેમ આકાશમાં દેખાવા લાગ્યું. મારી આંખનો વહેમ છે કે શું, એ શંકા દૂર કરવા મેં આસપાસનાં બધાંને એ બતાવ્યું. પછી જમીન પર જોઉં તો ધુમાડાની છાયા પડે તેવી લહેરો જમીન પર દોડતી દેખાઇ. આનું કારણ શું હશે તે હજી મારા ધ્યાનમાં બરાબર નથી આવ્યું. બીજી વાર ખગ્રાસ ગ્રહણ પણ દેખાયું નથી એટલે એ અનુભવને ફરી તપાસવાની તક પણ નથી મળી. પણ એ સૂર્યગ્રહણની છાપ મગજ પર ચોક્કસ છે.

સૂર્યગ્રહણ તો એક દિવસનું હતું—અરે, અર્ધા કલાકનું યે નહિ હોય; પણ બીજું એક ગ્રહણ મને મહિનાઓ સુધી નડ્યું. પેલી ભાષાંતર પાઠમાળા તે વખતે મેં ઠેલી દીધી. પણ એ કંઈ મને છોડે એવી ન હતી. અણ્ણાએ મનમાં લીધું કે દત્તુ ને ગોંદુ આખો દિવસ રખડે છે એમને કંઇક ભણાવીએ. રોજ અમારે

શબ્દો ગોખવા પડતા, નિયમો યાદ રાખવા પડતા, અને વાક્યો કરવાં પડતાં. A, An અને The જ્યાંત્યાં નડે. 'પબ્લિક'નો સ્પેલિંગ હું અચૂક 'Publike' કરતો. અણ્ણા કહે, 'એનો ઉચ્ચાર પબ્લાઇક થશે.' હું એને સુધારી 'Publick' કરી દેતો. ck સાથે ચપ દઇને નેતરની સોટી હાથ પર કે જાંઘ પર વાગતી. પણ cને મદદ વગર એકલી રહેવા દેવાનું મને સૂઝતું નહિ. આખો દિવસ અણ્ણા કાં તો લાયબ્રેરીમાં જાય, કાં તો રઘુનાથ બાપુ પાસે રાજયોગનું જ્ઞાન લેવા જાય; અને અમે રખડીએ. સાંજે વાળુ પછી અણ્ણા અમારૂં લેસન લે.

એક દિવસ અચાનક અણ્ણા બપોરે જ ઘેર આવ્યા. તડકાને લીધે માથે છત્રી ધરી હતી, એટલે અણ્ણા પાસે આવ્યા ત્યાં સુધી અમે એમને જોઈ ન શક્યા. આવતાંવેંત અમને રખડતા જોઇ એમણે પૂછ્યું, 'શબ્દો કરીને પછી જ રમો છો ને?' મેં ઝટ કહી દીધું, 'હાસ્તો.' બચી જવા માટે જૂઠું તો કહી દીધું, પણ મનમાં ધ્રાસકો પેઠો કે અણ્ણા રાજયોગ શીખવા જાય છે; યોગની શક્તિથી સામાના મનની વાત જાણતા હોય તો? તો તો બરાબર સપડાઇશું અને બમણો માર ખાઇશું.

અણ્ણાનો રિવાજ એવો હતો કે અમારા બે જણમાંથી જે વહેલો જમી રહે એનું લેસન એ પહેલું લે, પછી બીજાનું. એ ઉપરથી મને એક યુક્તિ સૂઝી. મેં બહુ જ ધીમેધીમે, વાગોળીને ખાવાનું શરૂ કર્યું. નાના જમી પરવારે અને તોપને મોઢે પહોંચે. નાનાનું લેસન પતે એટલામાં મારા શબ્દો હું જોઈ લેતો અને અણ્ણાની તપાસને પહોંચી વળવા તૈયાર થતો.

ચારેક દિવસમાં નાના મારી યુક્તિ કળી ગયો. અને ચૂપચાપ એણે પણ વાગોળવા માંડ્યું. હવે કઠણ પ્રસંગ આવ્યો. પણ મેં તરત જ મારી રણનીતિ ફેરવી. એક તરફ નાના વાગોળે ત્યાં મેં બહુ ઝડપથી કુતરાની પેઠે કોળિયા ભરી લીધા, અને અણ્ણા જમી ઊઠે તે પહેલાં મારા શબ્દો પણ જોઇ લીધા. શબ્દો પાકા કરવાનો તો સવાલ જ ન હતો. શબ્દો બેત્રણ વાર જોઇ લઉં એટલામાં અણ્ણા આવે. તાજા શબ્દો ઓકી કાઢતાં શી મુશ્કેલી? મારા ઊઠ્યા પછી નાના જેટલી વાર જમવામાં વધારે ગાળે તેટલું એને નુકસાન થતું. અને અહીં મારૂં ભણતર ઝટ પતી જતું હોવાથી નાનાને ઉતાવળે હાજર થવું પડતું. આને લીધે નાનાનું ભોજન દ્રુતવિલંબિત ગતિએ ચાલતું. અણ્ણા જમી રહે ત્યાં સુધી નાના બહુ જ ધીમેધીમે ખાય; અણ્ણા ઊઠ્યા કે એની ગતિ દ્રુત થાય. આમાં વખતનું બજેટ સચવાતું, પણ એમાં જ એ પકડાયો. બધા જોઈ ગયા કે છોકરાઓ આખો દિવસ રમે છે ને છેલ્લી ઘડીએ ખાવામાંથી વખત ચોરી શબ્દો ઉપરટપકે ગોખી કાઢે છે. અણ્ણાએ આનો ઉપાય શોધી કાઢ્યો. એણે તે દિવસે જૂના શબ્દો પણ પૂછ્યા. એમાં મારૂં પોલ પકડાયું. તે તે દિવસના શબ્દો બરાબર આવડતા, પણ આજે એમાંનો એકે આવડે નહિ.


બીજે દિવસે મેં નક્કી કર્યું કે હવે યુક્તિ કરવામાં માલ નથી, પ્રામાણિકપણું એ જ ઉત્તમ ચતુરાઇ છે. અણ્ણા જમી ઊઠ્યા એમની સાથે હું પણ ઊઠ્યો. મેં કહ્યું, 'મારા શબ્દો બહુ જ કાચા છે. મને થોડો વખત આપો તો તૈયાર કરી લઉં. ત્યાં સુધી નાનાનું લેસન લો તો સારૂં.' અમારી આ વાતચીતની ખબર નાનાને ક્યાંથી હોય? હું સપડાયો છું એમ માની નિર્ભય થઇ એ નીચેથી ઉપર આવ્યો. પછી જ્યારે અણ્ણાએ એને જ લેસન માટે આવવાનું કહ્યું ત્યારે એ આભો બની ગયો. આમ કેમ થયું, શી યુક્તિ કરી હું છટકી ગયો, એ એના ધ્યાનમાં શેનું આવે? એ અણ્ણા તરફ જુએ અને મારા તરફ જુએ. મેં તો માથું નીચું ઘાલી મલકાતે મોંએ મારા શબ્દો શરૂ કર્યા.

હવે પછી અણ્ણાએ અમને બંનેને સાથે બેસાડી રોજ પહેલેથી તે છેલ્લા દિવસ સુધીના બધા શબ્દો પૂછવાનું રાખ્યું. ઘડીકમાં આ પાઠનો શબ્દ પૂછે તો ઘડીકમાં બીજા જ પાઠનો. આ દૈનિક પરીક્ષાને પરિણામે ઝાઝી મહેનત વગર મને બધા શબ્દો મોઢે થઇ ગયા. ચારપાંચ દુષ્ટ શબ્દો જ બળવો કરતા. પણ તેમને માટે અણ્ણાએ મને મારવાનું છોડી દીધું. પછી તો અચૂક એટલા જ શબ્દો અણ્ણા મને પૂછે. ધીમેધીમે એ શબ્દો પણ સર થયા.

આ બધી હકીકતમાં આશ્ચર્ય એ કે મને આટલી યુક્તિઓ સૂઝી, પણ બપોરે કલાકેક ગાળીને પાઠ તૈયાર કરવાનો સીધો રસ્તો મને સૂઝ્યો યે નહિ અને ગમ્યો યે નહિ.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

મહારાષ્ટ્ર જૂનું અને નવું



શિવાજીનું જન્મસ્થાન
શિવનેરીનો કિલ્લો

(૧)

ગો બ્રાહ્મણ પ્રતિપાલક શ્રી છત્રપતિ શિવાજી મહારાજ વિષે દરેક મહારાષ્ટ્રીના મનમાં તો શું પણ દરેક હિંદુના મનમાં આદર અને સદ્ભાવ હોય છે. જ્યારથી જાણ્યું કે શ્રી શિવાજી મહારાજનું જન્મસ્થાન અમે રહીએ છીએ ત્યાંથી પાસે જ છે. ત્યારથી એ સ્થાનનું એક વાર દર્શન કરી આવવાનું મન થઈ આવ્યું.

શિવનેરીનો કિલ્લો પૂના જિલ્લાના જુન્નર તાલુકામાં આવેલો છે. કિલ્લો જુન્નર શહેરથી જરા યે દૂર નથી. પૂનેથી ૫૬ માઇલનો મોટરનો રસ્તો વટાવીએ એટલે જુન્નર આવે છે. પૂનાથી જુન્નર સુધી અમે મોટરમાં મહારાષ્ટ્રના પહાડ ચડતા ઊતરતા ગયા.

જુન્નરમાં અમારૂં ઓળખીતું કોણ હોય? છતાં ગોડબોલે નામના એક ડૉક્ટર ત્યાં રહે છે તે થોડા દિવસો ઉપર સ્વાવલંબન પાઠશાળામાં કામ કરતા હતા. સ્વાવલંબન પાઠશાળા તરફથી અમને એમના ઉપર ભલામણચિઠ્ઠી મળેલી. અમે ગયા ત્યારે તેઓ ઘરમાં એકલા જ હતા. શ્રી ગોડબોલેએ અમારી આગતાસ્વાગતા ઠીક કરી. એમણે જ રાંધ્યું. જમ્યા પછી થોડોક આરામ કર્યો ને શિવનેરીનો કિલ્લો જોવા ઊપડ્યા. ડૉક્ટરે પડોશના એક જુવાન છોકરા શંકરને અમારી સાથે મોકલ્યો. શહેરથી કિલ્લાની તળેટી આશરે માઇલેક હશે. શિવનેરીનો ચડાવ વાંકોચૂંકો ફરીને જતો હોવાથી તે આશરે અઢી માઇલ લાંબો, પણ હળવો છે. રસ્તે ચાલતાં શિવાજી મહારાજના જન્મ પહેલાંના દિવસો યાદ આવ્યા. દેશમાં બધે અંધાધૂંધી હતી. શિવાજીના પિતા પહેલાં અહમદનગરના બાદશાહના અને પછી વિજાપુરના બાદશાહના માનીતા સરદાર હતા. એમના સસરા ભારે પ્રતિષ્ઠિત સરદાર હતા. સસરા જમાઇને બને નહિ. જમાઇને કેદ કરવા સસરા એની પૂંઠે પડ્યા હતા. ભાગતાંભાગતાં શાહજીએ પોતાનાં રાણીને નાસભાગના ત્રાસમાંથી બચાવવા માટે શિવનેરીના કિલ્લામાં છોડી દીધાં. જીજાબાઇએ અહીં રહીને શિવનેરી માતાની ખૂબ સેવા કરી. દાદાજી કોંડદેવ એ શાહજીની આ તરફની જાગીરની દેખરેખ રાખતા. જીજાબાઇને બાદશાહી જુલમ જોઇને બહુ દુઃખ થતું હતું. આ દુઃખ ક્યારે દૂર થાય? ગાય અને બ્રાહ્મણ કઇ રીતે નિર્ભય થાય? એના જ વિચારો એને દિવસરાત આવતા. આ બધું દુઃખ દૂર કરનાર કોઇ સુપુત્ર પોતાના જ વંશમાં જન્મ લે એવી પ્રાર્થના તે માતાને હમેશાં કરતાં. 'અંબા ભવાની! જો મને દીકરો અવતરશે તો તારૂં જ નામ એને આપીશ' એવી જીજાબાઇએ માનતા પણ રાખેલી.

માતાજીની કૃપાથી જીજાબાઇની ઇચ્છા બર આવી અને શિવાજી મહારાજનો જન્મ થયો. હિંદી સ્વરાજ્યનો જન્મ થયો એમ કહીએ તો પણ ચાલે. બાળ શિવાજીએ આ જ કિલ્લાના પથ્થરો ખૂંદતાખૂંદતાં સ્વરાજ્યનો વિચાર કર્યો હશે. કહે છે કે શિવાજીને જીજાબાઇએ જ બધી કેળવણી આપી હતી. રામાયણ અને મહાભારતના વીરોની વાર્તાઓ સાંભળી

સાંભળીને એમનામાં ધર્મ પ્રત્યે પ્રેમ, બહાદુરી ને હોંશ પેદા થયાં હતાં. દાદાજીએ શિવાજીને પુસ્તક-પંડિત બનાવ્યો નહિ, પણ એને ઘોડા ઉપર બેસી આખો દેશ ફરી વળતાં, દોડતે ઘોડે નિશાન મારતાં અને લોકોનાં સુખદુઃખ જાણતાં શીખવ્યું. શિવાજીને કામ પૂરતું લખતાંવાંચતાં આવડતું હતું; પણ એ નિબંધ લખી શકતા હતા એમ તો કહેવાય જ નહિ.

કિલ્લાનો પહેલો દરવાજો આવ્યો ત્યાં અમે તેના માનમાં થોડુંક બેઠા; પણ વિચાર કર્યો કે આમ દરેક દરવાજાને માન આપવા બેસાય એમ નથી, કારણકે અહીં સાત કે આઠ દરવાજા છે. તળેટી પાસે જ એક નાનો કિલ્લો છે. અમારા વાતોડિયા ભોમિયાએ કહ્યું કે આ નાના કિલ્લામાં શિવાજીના વિદ્યાગુરુ દાદા કોંડદેવ રહેતા હતા. હાલ એ કિલ્લામાં કચેરી બેસે છે.

દાદાજી ભારે ન્યાયનિષ્ઠ બ્રાહ્મણ હતા. શાહજી રાજા તો મોટે ભાગે કર્ણાટક અને તંજાવર તરફ જ રહેતા. પૂના તરફની જાગીર દાદાજી સંભાળતા. સાધારણ રીતે જેના હાથમાં કારભારું હોય તે પોતાની ખાનગી આવક વધાર્યા વિના રહે નહિ. એવા લોકો કહે છે કે 'જે તળાવ રાખે તે પાણી ચાખે જ.' પણ દાદાજીમાં આવો લોભ ન હતો. એક વખત શાહજી મહારાજના બગીચામાં ફરતાંફરતાં એક સરસ ફળ ઉપર દાદાજીની નજર ઠરી અને એમણે એ ફળ તોડયું. ફળ તોડયું કે તરત જ ચોંકયા! 'આ તો મેં માલિકને ત્યાં ચોરી કરી! હું આમ કરું તો બીજાઓ શું ન કરે? મારે એ હાથ કલમ કરવો જોઇએ'! દાદાજીનો નિશ્ચય ફેરવી કોણ શકે? પણ સદ્‌ભાગ્યે જીજાબાઇને ખબર પડી. તેમણે દાદાજીને ખૂબ વાર્યા. આખરે એવું નક્કી થયું કે હાથ કાપવો નહિ પણ અંગરખાની બાંય કાપીને અરધી કરવી. તે દિવસથી દાદાજીની એક બાંય હમેશાં અરધી જ રહેતી. કેવી સ્વામિનિષ્ઠા! આજકાલના નીતિના નિયમો ઢીલા કરવા મથનારાઓએ આ દાખલો ખૂબ વિચારવો જોઇએ.

પહેલાં તો અમે દેવીનાં દર્શને ગયા. વીર માતા જીજાબાઇએ દીકરા માટે આ જ દેવીની માનતા રાખી હતી. દેવીનાં દર્શનથી પાવન થઇ અમે ફરી ઉપર ચડવા લાગ્યા. અહીં અમે એક અશ્વશાળા જોઇ. દિલ્હીના અરબી ઘોડાને હાર ખવડાવનાર ભીમા નદીના કિનારાનાં ટટ્ટુ અહીં એક વખત હણહણતાં હશે. ઘોડાર ખાસ્સી મોટી છે. આ પાયગા ઉપર દેખરેખ રાખનાર રાવતનો ઓરડો પણ પાસે જ છે. જરાક ઉપર ગયા ત્યાં પથ્થરમાં કોતરેલાં પાણીનાં બે ટાંકાં આવ્યાં. બે ટાંકાં પાસેપાસે હોય એટલે ગંગા-જમનાને નામે જ ઓળખાય ને? આવાં ટાંકાંઓનાં ઉપરનાં મોં બહુ મોટાં નથી હોતાં. પણઅંદર ભોંયરાની પેઠે ખૂબ દૂર સુધી તે કોતરેલાં હોય છે. તેથી ટાંકાંનું પાણી ખૂબ સ્વચ્છ અને ઠંડું રહે છે. ભોમિયા શંકરે કહ્યું કે અહીં આવાં નાનાંમોટાં બાવન ટાંકાં છે.

વાતમાં ને વાતમાં અમે શિવાજી મહારાજના જન્મસ્થાન આગળ આવી પહોંચ્યા. આજે એ મહેલની શી દશા છે! શિવાજી મહારાજનું રાજ્ય આપણે જેમ ખોયું તેમ એ મકાનનાં પણ ખંડિયેરો થવા દીધાં છે. મહેલનો પાયો, કોક ઠેકાણે પગથિયાં, ઓરડીઓની નિશાની, જ્યાંત્યાં ભીંતના કટકા, એવું બધું દેખાય છે. એક આખી ઓરડી છે જેના ઉપર બીજા ઘણા માળ હશે એવું લાગે છે. આ જ ઓરડીમાં પુણ્યશ્લોક શિવાજી જન્મ્યા હતા. ઓરડી જોઇ મારું હૈયું ભરાઇ આવ્યું. શામળભાઇ ઉપર પણ ખૂબ અસર થયેલી જણાઇ. અહીં થોડુંક થોભીને અને મનન કરીને અમે આગળ ચાલ્યા. મનમાં જે વિચારો આવતા હતા તે શી રીતે લખી શકાય?

આગળ એક પડી ગએલો બૂરજ છે. અહીં 'કડેલોટ'ની જગ્યા છે. જૂના વખતમાં દેશદ્રોહીને 'કડેલોટ'ની સજા થતી હતી. 'કડેલોટ' એટલે બહુ ઊંચી સીધી અને તમ્મર આવે એવી કરાડ ઉપરથી માણસને નીચે હડસેલી મૂકવો તે. માણસ નીચે પડચો કે એના શરીરનો છૂંદો જ થઈ જાય. આવી ફાંસી જેવી જ ઘાતકી શિક્ષા તે વખતમાં પણ હતી જ. માણસ ઉપરથી જયારે નીચે પડતો હશે ત્યારે એના મનમાં કેવું થતું હશે? અને એના શ્વાસ કેવા ઊંચે ચડી જતા હશે એની કલ્પના એ કરાડ જોઇને કોઇને પણ થયા વગર રહે નહિ. અને શું એવા દેશદ્રોહીઓની પાસેથી પણ જગત કાંઇ જ ન મેળવી શકે? દરેક જૂના કિલ્લામાં 'કડેલોટ'ની જગ્યા તો હોય જ. કેમકે કિલ્લો કંઇ મોજમજાની જગ્યા નથી હોતી.

પછી આવ્યું બદામ તળાવ. એ બહુ જ મોટું છે.

શંકર કહે કે એક વખત એમાં હાથીઓ તરતા હતા. પહાડ ઉપર હાથીઓ ચડતા હશે અને વસતા હશે કે કેમ તે વિષે શંકા આવી, પણ શંકરની વાત મેં વચમાં જ તોડી નહિ. ત્યાં જ એક કમાન છે અને એની પાસે જ એક ટાંકું છે. એ સાવ જુદી જાતનું છે. પહેલાં તો એક ઊંડું તળાવ આવે છે. તે તળાવમાં પાછાં પગથિયાં ઊતરીને નીચે જઇએ એટલે ત્યાં એક બાજુ ઉપર એક ટાંકું કોરેલું દેખાય છે. કોણ જાણે એ કેટલું ઊંડું હશે! આજે તો એમાં પાણીનું ટીપું યે નથી. કિલ્લા ઉપરથી દૂર નીચે એક જગ્યા દેખાય છે ત્યાં શ્રી સમર્થ રામદાસ સ્વામીએ પોતે સ્થાપેલું હનુમાનનું મંદિર છે. હવે જોવાનું બધું પૂરૂં થઇ ગયું. અમે પાછા વળ્યા. પેલી અશ્વશાળાએ થઇને દેવીને મંદિરે પાછા આવ્યા. દેવીને બીજી વાર પ્રણામ કરી ઊતરવા લાગ્યા.

જુન્નરમાં જોગલેકર નામના એક વકીલ રહે છે. એમને અમે રાત્રે મળવા ગયા. એ કાકાસાહેબના કૉલેજના સહાધ્યાયી હતા. એમની પાસેથી અમે જાણ્યું કે કૉલેજના દિવસોમાં કાકાસાહેબને કાકાસાહેબ નહિ પણ આપ્પાસાહેબ કહેતા હતા. જુન્નરના કેટલાક લોકો અમને કહે કે તમે આટલે દૂરથી ખાસ કિલ્લો જોવા આવ્યા! અમે તો હમેશાં અહીં રહીએ છીએ. અમને તો ઉપર જવાનું મન સરખું યે નથી થતું..

(૨)

આ બૌદ્ધ લોકો તે હિંદુસ્તાનમાં ક્યાંક્યાં ફેલાએલા હતા! અમે ગયાજી ગયા હતા ત્યાં બોધિવૃક્ષ અને બુદ્ધ ભગવાનનું મંદિર જોએલું. બનારસ ગયા ત્યાં સારનાથનો વિહાર જોયો. કાઠિયાવાડમાં જૂનાગઢ પાસે અશોકના શિલાલેખ છે એ તો આપણે સૌ જાણીએ જ છીએ. મુંબાઇ પાસેની કાન્હેરી બૌદ્ધ ગુફાઓ સુંદર છે એમ કાકાસાહેબ કહેતા હતા, ધારાપુરીની ગુફાઓ જોવા હું મારા મિત્રો સાથે ગયો હતો અને ત્યાં શીરોપૂરી ખાઇને વાળુ કર્યું હતું, તે તો હજી હમણાંનો જ પ્રસંગ છે. અજંતાની ગુફાઓ પણ ઘણા વખાણે છે. નાશિકની કહેવાતી પાંડવ ગુફાઓ પહેલાં બૌદ્ધોનો વિહાર હતો એ તો સિદ્ધ વાત છે. અમે શિવનેરી ગયા ત્યાં પણ બૌદ્ધ ગુફાઓ હાજર.

શિવનેરી પાસે જ એક બીજો પહાડ છે. એને લેણ્યાદ્રિ કહે છે. પહાડમાં કોતરી કાઢેલી ગુફાઓને મરાઠીમાં 'લેણી' કહે છે. આ જ પહાડ ઉપર ગણપતિનું એક મંદિર છે. મહારાષ્ટ્રમાં અષ્ટવિનાયક એટલેકે આઠ ગણપતિ પ્રખ્યાત છે. લેણ્યાદ્રિના ગણપતિ તેમાંના એક સભ્ય છે. આજકાલ લોકો એ ગણપતિનાં દર્શન કરવા માટે જ લેણ્યાદ્રિ પર જાય છે.

બીજે દિવસે મળસ્કે આ લેણ્યાદ્રિ જોવા ઊપડ્યા. પહાડની તળેટીએ પહોંચવા અઢી કે ત્રણ માઇલ કાપવા પછી ૨૫૫ પગથિયાં ચડવાં પડ્યાં. ઉપર એક કોતરેલો વિહાર છે. એમાં ગણપતિ મહારાજ વિરાજમાન છે. સામેથી આવતા પ્રકાશમાં ગણપતિની મૂર્તિ સરસ દેખાય છે. આવા ભવ્ય ઓરડામાં શાંત અને ઠંડકવાળે સ્થળે માણસને પવિત્ર વિચારો આવ્યા વિના રહે જ કેમ? વચલા મોટા ઓરડાની ત્રણે બાજુએ પથ્થરમાં કોતરેલી નાનીનાની ઓરડીઓ છે. આપણા છાત્રાલયની ઓરડીઓ જેવડી જ; પણ અંદર અંધારૂં. દરેક ઓરડીમાં સાધુને સૂવા માટે પથરાનો જ ઓટલો. આવી ઓરડીઓમાં મજા એ હોય છે કે તેમાં ઉનાળાનો તાપ ન લાગે અને શિયાળામાં એ ઓરડીઓ હૂંફાળી રહે. એટલેકે બહારના વાતાવરણની અસર એને જરા યે ન થાય. આવી સ્થિતપ્રજ્ઞ જેવી ઓરડીઓમાં રહીને માણસો સ્થિતપ્રજ્ઞ ન થઇ શકે તો ક્યાં થાય?

આ વિહારો બૌદ્ધ સાધુઓના મઠ હશે અથવા તો તેમની નિશાળો હશે. એક ગુફામાં સ્તૂપ છે. કાર્લીના સ્તૂપનું ચિત્ર મેં જોયું છે. તેના જેવો જ આ સ્તૂપ છે. ફરક એટલો જ કે તેનાથી આ નાનો છે. ભોળા લોકો આને ભીમની ગદા કહે છે.

वक्रतुंड महाकाय વાળા શ્લોકથી ગણપતિની પ્રાર્થના કરી અમે પાછા ફર્યા ને બપોરે તળેગાંવ જવા ઊપડ્યા.

(૩)

ડભોઇમાં પેશ્વાઓ સાથે જે ત્રિંબકરાવ દાભાડે લડ્યા હતા તેમનું ગામ તે આ તળેગાંવ. અહીં મહારાષ્ટ્રની બે જાતની નવી સંસ્થાઓ છે. એક પૈસા ફંડમાંથી ખોલેલું કાચનું કારખાનું, ને બીજી તપસ્વી આણ્ણા વિજાપુરકરે કાઢેલી સમર્થ વિદ્યાલય નામની રાષ્ટ્રીય શાળા.

બપોરના ત્રણ કે ચાર વાગ્યે તળેગાંવ સ્ટેશન ઉપર પહોંચ્યા. કારખાનામાં બંડોપંત પટવર્ધન નામના એક

ભાઈ રહે છે તેમના ઉપર અમારી પાસે એક ચિઠ્ઠી હતી. સ્ટેશનથી સીધા કાચનું કારખાનું જોવા ગયા. જોવાની પરવાનગી મેળવી અમે કારખાનામાં પ્રવેશ કર્યો ત્યાં સામે જ વિશ્વાનલ જેવી બે ભઠ્ઠીઓ ખાઉં-ખાઉં કરતી બળતી હતી. ભઠ્ઠીઓમાં અમુક જાતની ખાસ સફેદ માટીની કોઠીઓમાં કાચનો રસ તપ કરતો હતો. કોઠીનો આકાર પણ અમુક પ્રકારનો જ હોય છે. લોઢાની એક લાંબી નળી એ કોઠીમાંના રસમાં બોળી એમાંથી રસનો એક મોટોસરખો લોચો બહાર કાઢે છે અને આમતેમ ફેરવી જરાક ઠંડો કરે છે. પછી એ સળીને આંટો મારી ઊંચી કરે છે અને લોચો બરાબર ફેલાય એટલે પાછી નીચી કરે છે. આથી લોચો બરાબર લંબગોળ થાય છે. પછી સંચાના બે ભાગ વચ્ચે એ રસના ગોળાને પકડી નળી ગોળ ગોળ ફેરવતા જાય અને નળીના હાથમાંના છેડામાંથી જોસથી ફૂંક મારી લોચાના ગોળા (ગ્લૉબ) બનાવે. પછી સંચામાંથી બહાર કાઢે ને ધીમે રહીને ઉપર નીચેનો બીનજરૂરી ભાગ તોડી નાખી ગોળાને એક ગરમ ઓરડીમાં મૂકી દે. કાચનો માલ એકાએક ઠંડો થાય તો તડ દઇને તૂટી જાય એટલા માટે જ આ ગરમ ઓરડીઓ કરેલી હોય છે. એમાં મૂકેલો માલ બહુ ધીમેધીમે ઠંડો થાય છે. આ થયું કાચનું કામ. આવું જ ચિનાઇ માટીનું કામ પાસે જ થતું હતું. આપણા દેશના લોકોને આવી રીતે કાચનું કામ કરતા જોઇ મને બહુ જ આનંદ થયો. મેં પૂછ્યું આ કાચના રસમાં શું શું હોય છે? રેતી, ચૂનો અને ધોવાનો સોડા, ત્રણેના મિશ્રણથી કાચ બને છે.

ગ્લૉબ તૈયાર થયો એટલે બધું કામ પત્યું ન કહેવાય. એ ખરબચડો હોય ત્યાં સાફ કરી એના ઉપર ઓપ ચડાવવાનો હોય છે. એક પથરાનું પૈડું ગોળ ફરતું હોય છે, અને એ પૈડા ઉપર એક જાતના રેતીચૂનાનો અને પાણીનો અભિષેક થાય છે. આ ભીના પૈડા ઉપર કાચનો માલ ઘસવાથી એનું ખરબચડાપણું નીકળી જાય છે અને પછી જ તે માલ બજાર માટે તૈયાર ગણાય છે. ચિનાઇ માટીના વાટકા તથા પ્યાલા, તૈયાર થતા અમે જોયા. વીજળીથી ફરતા એક સળિયા ઉપર લાકડાનું ચોકઠું બેસાડેલું હોય છે. એના ઉપર માટી રાખવાથી માટીને જોઇએ તેવો આકાર મળે છે. પછી એક જાતની માટીનો એના ઉપર ઓપ ચડાવે છે.

આ કારખાનું 'પૈસાફંડ' કારખાનું એટલા માટે કહેવાય છે કે આ કારખાનાને જોઇતી મૂડી મહારાષ્ટ્રના મધ્યમ વર્ગના ગરીબ લોકોએ પૈસોપૈસો ભેગો કરીને ઊભી કરી છે. એતાજી કાળે નામના માણસને એ કલ્પના સૂઝી કે વરસમાંથી પોતાની એક દિવસની આવક જેટલું જો લોકો આપે તો યે ગરીબ લોકો મોટી મૂડી ઊભી કરી શકે અને તે દ્વારા કોઇક ઔદ્યોગિક પ્રગતિની શરૂઆત થાય. એમણે લોકો પાસેથી પૈસો પૈસો ભેગો કરવાનું શરૂ કર્યું. આ એક નાનકડી કલ્પના પાછળ તેમણે પોતાની જિંદગીનો ઉત્તમ ભાગ ખર્ચ્યો. લો. તિલકે એમને ઉત્તેજન આપ્યું અને પહેલા દસ હજાર રૂપિયા ભેગા થયા કે તરત જ આ કારખાનું શરૂ કર્યું. શરૂઆતમાં એક પંજાબી વિજ્ઞાન-શાસ્ત્રી અને બે ત્યાંના જ મજૂરો કામ કરતા. આજે એ આખું કારખાનું અને એના જેવાં જ બીજાં કારખાનાં પણ મહારાષ્ટ્રીઓ પોતે જ ચલાવે છે. પણ આ બધી હકીકત તો કારખાનું જોઇ આવ્યા પછી સાંભળી. આ કારખાનું 'ટીપે ટીપે સરોવર ભરાય' એ કહેવતનો સરસ નમૂનો છે. સ્વરાજ-યજ્ઞમાં પણ જો દરેક જણ ટીપા જેટલીયે પોતાની આહૂતિ આપશે તોપણ આપણું કાર્ય જરૂર ફળવાનું જ.

હવે અમારો પાછા ફરવાનો વખત થયો. પણ આણ્ણાનું દર્શન કર્યા વગર કેમ નીકળાય? એ તો રાષ્ટ્રીય શિક્ષણના આચાર્ય. મહારાષ્ટ્રમાં પહેલવહેલી રાષ્ટ્રીય સંસ્થા એમણે સ્થાપન કરી. દોઢ બે વરસ જેલ પણ જઈ આવેલા. સંસ્કૃતના ભારે અભ્યાસી. એમને પગે લાગી અમે ત્યાંથી ઊપડ્યા. એમણે વિદાય આપતાં અમને કહ્યું કે 'તારા કાકાસાહેબને કહેજે કે સાંજ થાય પછી આશ્રમમાં જતાં પહેલાં થોડા દિવસ અમારે ત્યાં રહી જાય.'

બરાબર રાતના નવ વાગ્યે અમે ચિંચવડ પાછા આવ્યા. ૪૮ કલાકની આ મુસાફરીમાં અમે મહા-રાષ્ટ્રનું કેટલું યે જોયું અને કેટલું યે જાણ્યું. કિલ્લા ને મંદિરોનો જૂનો જમાનો અને હાલનો કારખાનાં ને શિક્ષણ સંસ્થાઓનો જમાનો? કેવડો ફેરફાર?

બાળ કાલેલકર

બા ળ વિ ભા ગ

આવળ

જંગલનું વર્ણન કરતાં કવિઓ આવળ, બાવળ ને બોરડીને ગણાવે છે. બાવળ અને બોરડી કાંટાળાં છે, તેથી તેને જંગલી ભલે કહે; પણ આવળને કાંટા નથી તોય તેને જંગલી કેમ કહેતા હશે ?

વાત એમ ચાલે છે કે એક વખતે આવળ બાગનો છોડ હતી. આવળને માળી સાચવતો. આવળનાં ફૂલોથી રાજમહેલમાં શોભા થતી. ચિત્રકારો આવળનાં ફૂલોને ચીતરવામાં મજા લેતાં. પણ એથી જ આવળને ગર્વ થયો: 'બસ મારા જેવું કોઈ નહિ; ફૂલઝાડોમાં હું મોટી.' અને બાગનાં બીજાં ફૂલઝાડો સાથે તે લડવા લાગી. કોણીઓ મારી બીજા છોડવાઓને હઠાવવા લાગી. અદેખાઈમાં ને અદેખાઈમાં પોતાની વાસ ખોવા લાગી. માળીએ એક દિવસ આ જોયું. ગુલાબ, મોગરો, ડોલર, બિચારાં સુગંધી ફૂલોની મૂંગી ફરિયાદ તેણે સાંભળી. ખિજાઇને તેણે મૂળમાંથી આવળને ખેંચી કાઢી. આવળ ઊંધે માથે બાગની બહાર જઇ પડી. પાંદડાં અને ફૂલો કરમાઇ ગયાં. ભૂંડીભૂખ દેખાવા માંડી. હવે ભમરો એની પાસે શેનો આવે ?. બુલબુલ હવે એની પાસે જઇ શેનું ગાય ? કોઇ એનો ભાવે ય પૂછે નહિ.

એટલામાં ત્યાંથી એક ચમાર નીકળ્યો. હું જેને શોધતો હતો તે જ આ છોડ. ચામડાં રંગવામાં આની જ છાલ કામ આવશે. ચાલ, આની સૂકી શીંગોમાંથી બીયાં કાઢું અને ચમારવાડે વાવું. રાજશાહી બાગમાંથી આવળ ચમારવાડે ગઇ. માળીના હાથમાંથી ચમારના હાથમાં પડી. અને પછી તો એ દિવસે દિવસે જંગલી થતી ગઇ ને બાવળ તથા બોરડી સાથે ગણાવા લાગી.

પણ આવળ હવે પસ્તાય છે. સીમમાં નીકળીએ છીએ ત્યારે એનાં પીળાં ફૂલોનાં ગુચ્છ નમાવી નમાવીને આપણને પાસે બોલાવે છે અને કહે છે: 'મને બાગમાં લઇ જાઓ. હું તમારી પાસે પાણી નહિ માગું. સંભાળ નહિ માગું. રખેવાળ નહિ માગું, ખાતર નહિ માગું ને બારે માસ ફૂલ આપીશ; ફૂલદાની ભરાઇ જાય એટલાં બધાં ફૂલ આપીશ. કોઇનો પગ મરડાઇ જાય કે સોજો ચડે તો હળદરમાં મારાં પાંદડાં ખદખદાવીને બાંધજો; હું સોજો ઉતારી દઇશ. ચમારનો ગંધારો કુંડ મને નથી ગમતો. ભાઇ સાહેબ, ભૂલી ગઇ; મને માફ કરો. હવે કદી અભિમાન નહિ કરૂં. હવે મને બાગની વચ્ચે ભલે ન રાખતા. બાગને છેડે રાખશો તો ત્યાં પણ હું પડી રહીશ. વાડ રૂપ થઇને રહીશ. ભલા થઇને મને બાગમાં લઈ જાઓ.'

આપણે આવળને ફરી વાર બાગમાં લાવીએ. બિચારી બહુ કરગરે છે.

ગિજુભાઇ

વાનરો

સૂરજ ને ચાંદા જેવા બે વાનરો,
રસ્તામાં મળતાં લડી પડયા:
આભને અઢેલવા કૂદકા મારતા,
પર્વત પરથી ખસી પડયા.


હીરા ને માણેક જેવા બે વાનરો,
મલકાતી મુખને હસી ઊઠયા:
પૃથ્વીના પુંજમાં તારાઓ વેરતા,
વાયુના વેગે ઊંચે ઊડયા.

શ્રદ્ધા ને વીરતા જેવા બે વાનરો,
કલ્પનાભોમમાં ખીલી રહ્યા:
ચાંદનીએ વીંછળ્યા ઊષાએ ઊગતા,
આયુષ્યવેલ પર વિલસી રહ્યા.

ભારતમાં સઘળે કૂદે છે વાનરો,
દાનવને દેખતાં રણે ચડયા:
પાંત્રીસ કોટિ પીંજર પૂરાતાં,
માતા છોડવવા જંગે ચડયા.

ચાલો ઊઠોને વીરા વાનર ઓ !
રજની કાં આપણે માટે ખડી ?
વિજયીની તેગથી આઝાદી લાવજો,
ગુલામીની છે છેલ્લી ઘડી.

મોહિનીચન્દ્ર



અમેરિકાના પત્રો



[૪]

૨૯ નવેમ્બર '૩૦

અહીં ગયા પરમ દહાડે 'થૅંક્સ ગિવિંગ ડે' ગયો. તે દિવસે અમારે રજા હતી. થૅંક્સ ગિવિંગનો દિવસ અમેરિકાભરમાં ઉત્સવ તરીકે ઊજવાય છે. તેનું મહત્ત્વ આ લોકોને મન બહુ મોટું છે. 'મે ફ્લાવર' વહાણમાં બેસી સૈંકડો વર્ષ પહેલાં જે થોડાં કુટુંબો પહેલવહેલાં અમેરિકા આવ્યાં તેમણે પહેલા વર્ષને અંતે બધું સહીસલામત હતું તે માટે પ્રભુનો પાડ માનવા આ દિવસે પ્રાર્થના કરેલી. આ દેશમાં 'થૅંક્યુ' માણસ-માણસ વચ્ચે જે અતિશય સામાન્ય છે તે જ શિષ્ટાચારથી પ્રભુનો પણ બધાં આભાર માનતાં હશે ? થૅંક્સ ગિવિંગની વિશિષ્ટતા ટર્કી નામનું પક્ષી ખાવામાં છે. ભાગ્યે જ કોઈ અમેરિકન તે દિવસે ટર્કી નહિ ખાતો હોય. કહે છે કે ટર્કી ખૂબ સ્વાદિષ્ટ હોય છે; . . . પણ મને શી ખબર?

તે દિવસે અમે બૉસ્ટનના માઉંટ વરનન ચર્ચમાં ભોજન માટે ગયા હતા. અહીંના કેટલાએક ઉત્સાહી લોકો દર વરસે તે દિવસે બધા પરદેશી વિદ્યાર્થીઓને આમંત્રે છે. બૉસ્ટનમાં કુલ ૯૦૦ પરદેશી વિદ્યાર્થીઓ હશે. અને તેમાં દુનિયાભરના દરેક દેશનું પ્રતિનિધિત્વ આવી જાય છે. અફ્ઘાનિસ્તાનનો પણ એક વિદ્યાર્થી અહીં છે. અમને ભોજનમાં તો જરા યે રસ ન આવ્યો, પણ ભોજન પછીનું સંગીત અદ્ભુત હતું. જર્મન લોકગીતો અને રશિયન તંતુવાદ્યો મુખ્ય હતાં. જર્મન લોકગીતો તો મારા એક દોસ્ત અને તેની પત્નીએ ગાયાં હતાં. એ લોકગીતો આપણાં લોકગીતોને બહુ જ મળતાં લાગ્યાં. કદાચ દેશેદેશનાં લોકગીતોમાં ઘણું સામ્ય હશે. પરંતુ મને તો રશિયન વાજિંત્રો ખૂબ ગમ્યાં. એ આપણા સતાર કે બીનને બહુ મળતાં આવે છે. રશિયા અરધું પૂર્વનું (એશિયાટિક) અને અરધું યુરોપીય ગણાય છે. તે વિષે તો બહુ મોટા મતભેદો છે અને હું માનું છું ત્યાં સુધી રશિયન સંસ્કૃતિ વિશેષે એશિયાઈ સંસ્કૃતિ છે. રશિયાએ પશ્ચિમની સંસ્કૃતિ તો પીટર ધ ગ્રેટના વખતથી જ ગ્રહણ કરવા માંડી છે, અને યુરોપની આટલે નજીક હોવા છતાં આધુનિક રશિયન સંસ્કૃતિ મૂળે એશિયાઇ છે. મને રશિયન સૂરો અને રશિયન વાજિંત્રો બહુ ગમ્યાં તેનું આ પણ એક કારણ હોય. તેમાંનું એક કોઝૅક નૃત્ય-સંગીત તો હજી યે મારા કાનમાં ગુંજારવ કરે છે ! કોઝૅક લોકોની મર્દાનગી અને ખડતલપણાનું એ સંગીતમાં સ્પષ્ટ પ્રતિબિંબ હતું. પહેલેથી છેલ્લે સુધી ગણગણાટ અને તોફાન દેખાઇ આવતાં હતાં. એ નર્યું જીવંત લાગતું હતું.


તે ખાણાની બીજી વિશેષતા એ હતી કે અમને પીરસવામાં બધી અમેરિકન કૉલેજોની છોકરીઓ હતી. કૉલેજના પરદેશી વિદ્યાર્થીઓને અમેરિકન કૉલેજોની છોકરીઓ પીરસે તે દૃશ્ય કલ્પી શકો છો ? અને દરેક ટેબલ ઉપર બને ત્યાં સુધી જુદાજુદા દેશનાં લોકોને જ બેસવાનું હતું. એટલે આખું વાતાવરણ બને ત્યાં સુધી 'કૉસ્મૉપૉલિટન' કરવાનો પ્રયત્ન હતો. દરેક ટેબલ ઉપર એકએક અમેરિકન યજમાન હતો. મારે ભાગે એક વૃદ્ધ અમેરિકન બાઇ હતી. તદ્દન સફેદ રૂપેરી વાળ અને વદન સાથે એકરંગ થતાં ગુલાબી કપડાં તેણે પહેરેલાં. હું બેસવા ગયો એટલે અમે એકબીજાની ઓળખાણ કરી. તે સગર્વ કહે: 'I am a business-woman and I am connected with a Publishing House in Boston' (હું અહીં વ્યાપારમાં છું અને બૉસ્ટનની એક પ્રકાશન સંસ્થામાં કામ કરું છું.) ૬૦–૭૦ વર્ષની ડોશી જુવાનના ઉત્સાહ અને જુવાનની છટાથી આવું બોલે તે અમેરિકામાં જ. અમેરિકા કેવું છે તે શોધવા જવું પડે તેમ નથી. ડગલે ને પગલે અમેરિકન વિશિષ્ટતાઓ આપોઆપ નજરે આવે છે.

અને તે દિવસે બીજો પણ એક નવો ને ફક્કડ અનુભવ થયો. મેં પહેલી જ વાર હિમ પડતું જોયું. કુદરતનાં અગણિત સ્વરૂપોમાંનું આ એક પણ એટલું જ અભિનવ ને એટલું જ મનોરમ છે. ચારે બાજુએ ઘેરું ધુમ્મસ હોય તેમ બધું ઝાંખું થઇ ગયું અને આકાશમાંથી ખર ખર ખર પુષ્પવૃષ્ટિ થતી હોય તેમ હિમ પડવા લાગ્યું. રૂની પૂણી જેવું પોચું, હંસની પાંખ જેવું શુભ્ર ને સ્ફટિક જેવું નિર્મળ !


હિમ પડવા લાગ્યું ને થોડી જ વારમાં બધે સફેદ જ સફેદ ! રસ્તા ઉપર ચાદર પાથરી હોય ને છાપરાંઓ ઉપર ફૂલના ઢગલા થયા હોય એવું લાગતું હતું. અને એ સફેદ હિમને લીધે બધે નવો ઉજાસ પ્રસરતો હોય એવું પણ લાગતું હતું. ઘણી વાર પૂનમની રાતે ચાંદની બધે રેલાતી હોય ને જેવું લાગે તેવું જ કંઇક મને આ લાગ્યું.

હિમ પડે ત્યારે બહુ ઠંડી નથી હોતી, પણ પાછળથી અતિશય ટાઢ લાગે છે. છેલ્લા બે દિવસથી ટેમ્પરેચર ૨૬°F (બરફની ટેમ્પરેચરથી ૬°F નીચે) રહે છે. બહાર નીકળીએ ત્યારે હાથ, નાક, કાન ને મોઢું તો ટાઢાંબોળ થઇ જાય ! છતાં ઠંડી એવી મધુર કે નાનાંમોટાં સૌને દોડવા ખેલવાનું ગમે.

[૫]



મારી પાસેથી તમે જરા વધારેપડતી આશા રાખો છો એવો મને ભય છે. કલમપીંછી તો મેં લાંબા વખતથી નીચે મૂકયાં છે અને હવે તો છીણીહથોડી અને પાવડોકોદાળી હાથ ધર્યાં છે. જે વસ્તુઓમાં હું ગરીબ બનતો જાઉં છું એ બધું તમે માગતા હશો તો નિરાશ થશો; પણ કહેતા



આધુનિક અમેરિકન કલાનો એક નમૂનો:
ન્યૂયૉર્કની સોશ્યલ રીસર્ચ સ્કૂલની દીવાલ ઉપરનું
ટૉમસ બેન્ટનનું આલેખેલું ભીંતચિત્ર.

હશો તો મારી છીણી હથોડીથી કાળા, વિષમ, ડુંગરાઉ પથરા ઉપર હું કંઈક કોરી કાઢીશ: અધૂરું અને અસ્પષ્ટ.

અહીં આવ્યા પછી મને કોઇપણ વસ્તુથી સૌથી વધારે પ્રસન્નતા મળી હોય તો તે અમેરિકન આધુનિક કલાથી છે. અહીંની ચિત્રકળા અને ફોટોગ્રાફી બંને અમેરિકન માનસના લાક્ષણિક પ્રતિબિંબને અનુરૂપ છે. આજની અમેરિકન કલામાં પ્રધાન મહત્ત્વ છાયા-પ્રકાશને અપાય છે. છાયા-પ્રકાશની બાહ્ય ભિન્નતા અને દેખીતા વિરોધમાંથી ચિત્રમાં સુસંવાદ ઉપજાવવો એ આજની કલાનું ધ્યેય છે. માત્ર છાયાપડછાયા દ્વારા મનુષ્ય સ્વભાવના ગૂઢ, અગમ્ય અને લલિત સુકુમાર ભાવોને પ્રકટ કરવાનો આ લોકોનો મહાપ્રયત્ન રમૂજી છે, અને હું તો માનું છું કે તેમને તેમાં ઘણી સફળતા મળી છે.


આજની કલાનું બીજું તરી આવતું અંગ રંગની અદ્ભુત વિશુદ્ધતા છે. એ રીતે કહીએ તો આધુનિક કલામાં રંગની પસંદગી ગામડિયાશાઇ છે. રંગની સમૃદ્ધિ અને શ્રી બાલમાનસનાં સૂચક છે, અને એ રીતે આજની કલાના મૂળ જીવને પોષક છે. આધુનિક કલાની મૌલિકતા વાસ્તવિક જીવનનું તાદૃશ્ય નહિ એવું ચિત્ર રજુ કરવામાં છે ચિત્રાલેખનમાં પ્રત્યક્ષ કરતાં કલ્પનાને વધારે સ્થાન અપાય છે, અને એ રીતે ચિત્રનો ઉપભોગ કરનારને માટે ચિતારો ઘણું બાકી રાખે છે. મને લાગે છે કે આજની આધુનિક કલાનું મુખ્ય આકર્ષણ એની દેખીતી અધૂરાઈમાં છે. ચિત્રક વસ્તુનું માત્ર સૂચન કરે છે; શરીરને બદલે હાડપીંજર મૂકે છે; અને પ્રેક્ષક પોતાની કલ્પનાથી એને પૂરું કરે છે તથા હાડપીંજરમાં અંગલાલિત્ય આરોપે છે. આ આખો વિચાર અતિશય અભિનવ છે, અને એની નવીનતામાં આજની કલાની કાંતિ છે.

અમેરિકાની કલા ઉપર યંત્ર-રાક્ષસની અસર થયા વિના તો રહે જ કેમ? પ્રચંડ, નિર્ભય ને લગભગ નિર્લજ્જ એવી એ રાક્ષસની મારી કલ્પના છે. અહીંની કલામાં એ ત્રણે લક્ષણો સાફ દેખાય છે. રાક્ષસની અદમ્ય શક્તિ, વિશાળ માપ અને વીજળી સમાન વેગ એ બધાંને મૂર્તિમંત કરવાનો અહીં જાણ્યેઅજાણ્યે પ્રયત્ન થાય છે. યંત્રને રાક્ષસો સાથે સૌ કેટલાયે વખતથી સરખાવતા આવ્યા છે; પરંતુ એ રાક્ષસી યંત્રોની છાયા કલા ઉપર તો હમણાં જ પડવા લાગી છે. આજની કલાની ક્રૂર સાદાઇ એકી સાથે બાળકની નિર્દોષતા અને રાક્ષસના ક્રોધનું જાણે મિશ્રણ ન હોય!

ફોટોગ્રાફીમાં તેમજ ચિત્રમાં દૃષ્ટિબિંદુ અને રચનાની વિવિધતા આકર્ષક છે. રચનાની જૂની કલ્પના અત્યારે લગભગ મરી ગઈ છે એમ કહીએ તો ચાલે. અસામાન્ય દૃષ્ટિબિંદુના ઉપયોગથી કલામાં એક મહાન પરિવર્તન થયું છે, અને જનસમૂહને હમેશાની કંટાળાભરેલી વસ્તુઓ નવી દૃષ્ટિથી જોવામાં ખરેખર મઝા આવે છે. રચના અને દૃષ્ટિબિંદુ ઉપરાંત વિગત માટેની સળંગ બેદરકારી ધ્યાન ખેંચ્યા વિના નથી રહેતી. એવા બિનઉપયોગી શણગારની ઉપેક્ષા આધુનિક કલાની મોહક સરલતાને જ વ્યક્ત કરે છે. . .પણ આ તો હું ભૂલો પડ્યો. તમને આ બધું વર્ણવવા કરતાં અહીંની કલાના થોડા નમૂના જ મોકલીશ. એથી મારી ઘણી મહેનત બચી જશે.

અને સીનેમા, આ તો દેશ જ સીનેમાનો છે. દુનિયાના અજાણ્યા અંધારા ને પુરાણા ખૂણામાં પણ અમેરિકાને બધાં ઓળખતાં હોય તો તે સીનેમાને પ્રતાપે. સીનેમાની ઉત્પત્તિ અને પ્રચાર માટે હું ઘણે અંશે યંત્રવાદ અને તેની સાથે જન્મેલા શહેરી જીવનને કારણભૂત માનું છું. તમે અહીંઆં આવીને રહો નહિ ત્યાં સુધી તમને કદાચ એ નહિ સમજાય. કુદરતના શણગાર રૂપ ગામડાં તથા ખેતરો અને ડુંગરોમાંથી ખેંચી પકડીને યંત્રરાક્ષસે ગરીબડાં મનુષ્યોને શહેરમાં પૂર્યાં. કુદરતની હૂંફમાં લોકોને અખૂટ ચેતન અને ઉત્સાહ મળ્યા કરતાં અને જીવન જીવવું બહુ અઘરું ન પડતું; પણ શહેરોમાં આવ્યા અને યંત્રના લાંબા સહવાસથી લોકો કંટાળ્યા ઐહિક રીતે એ લોકો ગરીબ રહ્યા પણ સાથે સૃષ્ટિસૌંદર્યની અણમૂલ સંપત્તિ ગુમાવીને એ વધારે મોટા ભિખારી બન્યા. એ રીતે આપણા પૈસાદારો પણ મને દયામણા અને કંગાલ લાગે છે! કુદરતની પળેપળ બદલાતી લીલાની વિવિધતા અને તેનાં અનેક શત-સહસ્ર સ્વરૂપોનો ભર્યો ભંડાર એ જ એક ભિખારીની સંપત્તિ છે. શહેરમાં આવીને કુદરતથી વિખુટા પડ્યા પછી લોકોને આનંદ અને ગમત માટે કંઇક તો જોઇએ જ ને? એવો સાચો કે કૃત્રિમ આનંદ પૂરો પાડવાની તક પારખીને સીનેમાએ પ્રવેશ કર્યો. અને આજે? આજે એ સીનેમા દ્વારા દુનિયા આખી અમેરિકામય થવા લાગી છે. સીનેમાની શક્તિ અમાપ છે. અહીંનાં—અને બધાં—લોકોને ઉત્તેજક એવું બધું ગમે છે. સીનેમા એ ઉત્તેજન પૂરું પાડે છે ને તેમાં જ એની ચડતી છે.

અનંત



ડાબી બાજુઃ ઉપર–પાલીતાણાનાં મંદિરો; નીચે–પંચગની. જમણી બાજુઃ ઉપર હારીજનાં જૂનાં ખંડિયેર. નીચે સમતોલન.

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતે ફરી વાર હરીફાઈ રસે ચડી હતી. પહેલું ઇનામ લેનાર ભાઇ જમશેદ સાગરે 'ગ્રામ્ય નાચગાન'નું ચિત્ર લેવામાં વિરલ દશ્ય અને સુંદર ફોટોગ્રાફી રજુ કર્યાં છે. કૅમેરા હાથમાં લેનાર માણસનું મગજ નવીનતા, જ્ઞાન અને સૌંદર્ય આપતાં દશ્યો શોધવા યત્ન ન કરે તો તેનો વખત અને ખર્ચ નકામાં જાય છે. આ વખતે રજુ થએલા ફોટોગ્રાફોમાં એ વાતનું સમર્થન કરનારા ઘણા ફોટોગ્રાફો હતા. બીજા નંબરનું ઇનામ 'સમતોલન'વાળું ચિત્ર લેનાર ભાઇ અખતર હુસેન (પાલનપુર)ને મળે છે. તેમાં ચિત્રની આકર્ષકતા સાથે મનોરંજન પણ છે. 'હારીજનાં પ્રાચીન ખંડેરો' રજુ કરનાર ભાઈ કાન્તિલાલ કોઠારીએ અભ્યાસ અને કળા પ્રતિની રૂચિ દાખવી છે. 'પાલીતાણાનાં મંદિરો' પાડનાર ભાઈ ધરમશી દેવચંદ (કચ્છ–માંડવી એ વ્યવસ્થા ને ચિત્રયોજના બતાવતો સરસ ફોટોગ્રાફ ખેંચ્યો છે, પણ તેમાં એકાદ પાત્રની જરૂર રહી જાય છે. 'પંચગની'નું ચિત્ર લેનાર ભાઇ બળવંતરાય પટેલ (સાંતાક્રુઝ)ને પ્રોત્સાહક પારિતોષિક આપ્યું છે. સાદા દેખાવને આકર્ષક કરનારાં તત્ત્વો તેણે સહજ પકડયાં છે. આ સિવાય આ વખતની હરીફાઇમાં નોંધ લેવા લાયક ચિત્રો નીચે પ્રમાણેનાં છેઃ (૧) 'હારીજનાં જૂનાં ખંડેરો અને ગામડાનું તળાવ' લેવામાં ભાઇ કાંતિલાલ પારેખે ફોટોગ્રાફી સારી કરી છે પણ ચિત્રનું ફ્રેમિંગ (ચારે બાજુમાં યોગ્ય રીતે સમાવી દેખાડવું તે) બરોબર નથી થયું. (૨) 'પાણીમાં તેજછાયા' નામના ભાઇ પીયૂષ દીવાનજી (અમદાવાદ)ના ચિત્રમાં સામેનું બધું દશ્ય કાળું થઇ જવાથી ચિત્રમાં આકર્ષક સામગ્રી ઓછી થઇ જાય છે. (૩) ભાઈલાલ મોહનલાલ મહેતા (ભાવનગર)એ પાડેલા 'વાદળ–છાયા'માં એકાદ મછવો અથવા લાંગરેલું વહાણ, બંદરના ડક્કાનો થોડો ભાગ કે એવો કોઇ એકાદ જોરદાર આકાર આગળના ભાગમાં હોત તો ખરૂં ચિત્ર બની શકત. (૪) 'વડની છાયા' અમદાવાદના જોશી શિવકુમારે મોકલ્યું છે તેમાં પાત્રયોજના સારી છે પણ પાત્રની પસંદગી સારી નથી. આટલા સુંદર ગ્રામ્યદશ્યમાં ગ્રામ્ય પાત્રોને જ લીધાં હોત તો એ ચિત્ર ઇનામને લાયક બની જાત. (૫) 'ગોંડલ'નું ચિત્ર પાડતાં, કુમારશ્રી વિક્રમસિંહજી (બૅંગલોર)એ આગળનું વધુ જગ્યા રોકી રહેલું

ઝાડ ન આવે એવે ઠેકાણેથી ચિત્ર લીધું હોત તો શહેરનો દેખાવ જોઇએ તેવો લાગત. (૬) 'શત્રુંજયનું શિખર' એ જ ભાઇએ પાડયું છે તેમાં હાલના જમાનાનાં અનાકર્ષક મકાન આગળના ભાગમાં રાખ્યાં છે, તેમ જ નિરુત્સાહ પ્રેરે એવો આગળનો દેખાવ દૂરના સુંદર દૃશ્ય માટે વિઘાતક થાય છે. (૭) 'પ્રમાણિકતા'માં વામનજી રતિલાલ ભટ્ટે (ખાર) મુંબાઇના સર્કલના બગીચામાંનું એક અંગ્રેજ સરદાર આગળ ભેટ ધરી રહેલી હિંદી આકૃતિવાળું પૂતળું પાડયું છે. આવાં સ્થિર દૃશ્યો પાડવામાં સરળતા હોવાથી હજી જે વધુ વિચાર અને યોજના લાવી શકાય તેનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. જરા વધુ દૂર જઇને આસપાસની સ્થિતિનો બરોબર કયાસ રાખી આકર્ષક ચિત્ર બનાવી શકાયું હોત. (૮) 'તાજનું પ્રવેશદ્વાર' હવે તો વારંવાર વપરાઇને બહુ જૂની થઇ ગએલી રીતે–બરોબર વચમાં રહીને–પાલણપુરના સૈયદ આબીદમિયાંએ પાડયું છે. કોઇ નવી રીતે એક બાજુ જઇને સામે આવતાં પાત્રોના અભિનય વધારે સ્પષ્ટ અને ભાવવાહી દેખાય એમ એ લીધું હોત તો એ ઘણું મનોરમ ચિત્ર બની શકત. ભાઇ આબીદમિયાં એક સરસ તક ચૂકયા છે એમ લાગે છે. (૯) 'ચોપાટીને તીરે'માં પાલણપુરના ભાઇ આસદમિયાંની ફોટોગ્રાફી સરસ હોવા છતાં વસ્તુની પસંદગી અને ચિત્રના નામમાં મોટું અંતર પડે છે. કલ્પનાભર્યાં નામને સાર્થક કરે એવા સમુદ્રતીરે વસતા ખલાસીઓ કે મછવા અથવા કોઇ ધાર્મિક ભાવે નમન કરી રહેલ સ્ત્રી કે પુરુષ પાત્રો હોત તો ઉચિત ગણાત. ખટારા ને બળદો આ ઠેકાણે ન શોભે. જરૂર વિનાનાં ક્રિયારહિત પાત્રો કે પ્રાણીઓથી ચિત્ર ભાવશૂન્ય બને છે. પહેલું ઇનામ જીતી જનારો શ્રી જમશેદ સાગરનો ફોટોગ્રાફ 'ગ્રામ્ય નાચગાન' આ અંકની માધુકરીમાં છેલ્લે છાપ્યો છે.

નોંધ--'કુમાર'ની આ હરીફાઇમાં હવેથી એક નવો વર્ગ ખોલવાની અમને અગત્ય જણાય છે. જેમને આ ચાલુ હરીફાઇમાં બેચાર વખત ઇનામ મળી ગયાં હશે તેમને ચાલુ હરીફાઇમાંથી જુદા તારવી લઇને ઉચ્ચ શ્રેણીના હરીફ તરીકે તેમની નોંધ લઇ તે શ્રેણીની એક મોટી હરીફાઇ વર્ષાંકમાં જાહેર કરવામાં આવશે. અલબત્ત ઉચ્ચ શ્રેણી માટે ઈનામની સંખ્યા તેમ જ કિંમત વધુ મોટી રાખવામાં આવશે; એટલે ચાલુ હરીફાઇમાં ઇનામ ન મળતાં જેમને ઉચ્ચ શ્રેણીમાં સ્થાન મળે તેમણે તો ઉલટું નિરાશ ન થતાં વિશેષ સન્માન થયું સમજવું.

જવાહરલાલ નેહરૂના પત્રો

અનુવાદક મોહનલાલ મોરારજી મહેતા પ્રકાશક: ધી જનરલ બુક ડીપો મુંબાઇ–૨. કિંમત ૦–૮–૦

વિજ્ઞાનની માહિતી વધતી જાય છે તેમતેમ એનાં પાઠય પુસ્તકો વધુ ને વધુ ગહન અને એકદેશીય થતાં જાય છે. વકીલાત કે વૈદ્યનો ધંધો કરતા માણસને વિજ્ઞાન કે ઇતિહાસનાં પુસ્તકો વાંચવાને ભાગ્યે જ અવકાશ હોય છે. છતાં ય પેઢી દર પેઢી વધતા અને બદલાતા જતા જ્ઞાનભંડોળની દરકાર કર્યા સિવાય, સારી જિંદગી વિતાવી દેવી એ પ્રભુએ માનવીને આપેલાં મગજ અને વિચારશક્તિની ક્રૂર મશ્કરી છે.

જવાહરલાલ નેહરૂએ લખેલા આ પત્રોના અનુવાદમાં લેખકે પૃથ્વીના આદિ કાળથી માંડીને પ્રજાઓના ઇતિહાસ પુસ્તકાકારે લખાવા માંડયા ત્યાં સુધીના સમયનો—પૃથ્વીની ઉત્ક્રાંતિનો—ઇતિહાસ બહુ જ સરળ ભાષામાં વર્ણવ્યો છે.

ગમે તે વૈજ્ઞાનિક વિષયમાં સામાન્ય વાચકને ખરેખર રસ લેતો બનાવવાને લેખકે માની લેવું ઘટે છે કે વાંચનારને એ વિષયનું મુદ્દલે જ્ઞાન નથી. આ ઉદ્દેશને લક્ષ્યમાં રાખીને ભૂસ્તરવિદ્યાની સાદી અને જિજ્ઞાસા ઉત્પન્ન કરે એવી માહિતી આપ્યા પછી, અવશેષો અને ખડિયેરોની મદદ વડે અબજો વર્ષ પહેલાંની પૃથ્વીનાં ભૂગોળ અને ઇતિહાસ કેમ ઉકેલાયા, જીવ, વનસ્પતિ, પ્રાણી પશુ અને માનવનું આગમન અનુક્રમે આ ગ્રહ ઉપર કેટલી મંદ ગતિએ થયું, અને પાષાણ યુગના બરફમાં રખડતા જંગલી મનુષ્યથી માંડીને પ્રજાઓની સમાજરચના થઇ ત્યાં સુધીની સંસ્કૃતિ કેમ ઘડાઇ તેનું આ સાદું ને સવિસ્તર વર્ણન ખરેખર આલ્હાદક વાંચન છે અને લેખકના, વિજ્ઞાનની બધી શાખાઓના સર્વદેશીય જ્ઞાનની સાક્ષીરૂપ છે.

બને એટલી વધુ માહિતી મગજમાં ભરી દેવી એનું નામ કેળવણી નથી, પરંતુ વિચાર કરવામાં મગજનો ઉપયોગ મનુષ્યે કેવી રીતે યોજવો એનું શિક્ષણ એ જ કેળવણીનો હેતુ છે. આ હેતુ પૂરો પાડતું, જવાહરલાલ નેહરૂના પત્રોનું આ ભાષાંતર ઇતિહાસ, ભૂગોળ કે ભૂસ્તરવિદ્યાનાં પાઠય પુસ્તકોની સાથેસાથે ગુજરાતી શાળાઓમાં દાખલ થાય એ ઈચ્છવાયોગ્ય છે. પણ તે થાય તે પહેલાં આવી સર્વદેશીય કેળવણીથી વંચિત રહેલી ગુજરાતની નાનીમોટી દરેક વ્યક્તિએ આ અનુવાદ એક વાર જરૂર વાંચી લેવો ઘટે છે.

સૃષ્ટિવિજ્ઞાનના વિષયમાં પણ પંડિતજી જે પ્રતિભા ધરાવે છે તેનો આવો લાભ ગુજરાતને આપવા માટે ભાઈ મોહનલાલ મહેતાને ધન્યવાદ આપતાં વાચકોને સાવચેતીનો એક શબ્દ અહીં કહેવો ઘટે છે. અનુક્રમણિકા ઉપર આંખ ફેરવી ગયા પછી ગમે તે એકાદ પ્રકરણ વાંચવાનું શરૂ કરવાની ટેવ ઘણાં લોકોને હોય છે. કહેવાની જરૂર ન હોય કે આ ઊંધી રીત છે. પહેલેથી માંડીને ઉત્તરોત્તરનાં પ્રકરણો વંચાશે એમ ધારીને જ લેખક લખે છે; કારણકે દરેક પ્રકરણ વિગતોની પુનરાવૃત્તિના દોષ સિવાય સંપૂર્ણ થઇ શકે જ નહિ. જ્ઞાનની આ વિશાળ નદીને સામે કાંઠે જવા, માટે વાચકે પૂલની પહેલી પગથીથી શરૂ કરીને દરેક ડગલું ક્રમસર ભરવું જોઇશે.

લાભશંકર ભટ્ટ

જ્ઞાનલીલા

જેઠ માસની જ્ઞાનલીલાના અમને મળેલા ઉત્તરોમાંથી બધા સાચા નીચેના ૧૧ ભાઇઓના છે. તેમાંના જેઓ ગ્રાહક છે તેમને ઇનામ મોકલાશે. (૧) હરિલાલ શાહ-દાહોદ (૨) સુપરિન્ટેન્ડેન્ટ, બોર્ડિંગ હાઉસ-પેટલાદ (૩) અમૃતલાલ દોશી-મહુવા (૪) બાલુભાઇ પટેલ-સાણંદ (૫) ઉમિયાશંકર ઠાકર-આણંદ (૭) ડૉકટર એન.એમ. દલાલ-સુરત (૭) જટાશંકર જોષી-ધારી (૮) માણેકચંદ શાહ-કોચીન (૯) વિનોદિની પરીખ-ઘાટકોપર (૧૦) મણિલાલ આડતિયા-વડોદરા (૧૧) ચંપા ગાજરિયા-કરાચી. ખરા ઉત્તરો નીચે મુજબ:


(૧) ગણિત-ગમ્મત : (૧) ટેકરી તરફ એક કલાકે ૯ માઇલ; ઢોળાવ તરફ કલાકે ૧૮ માઇલ. (૨) પ્રથમ એક આનાનાં ૧૨ લીંબુ; પાછળથી ત્રણ પૈસા-નાં ૧૨ લીંબુ. **(૨) અંક-ગમ્મત :** બાજુએ ગોઠવી બતાવ્યા મુજબ. કેટલાક ભાઇઓએ આંકડાનો અનુક્રમ બદલીને ઉત્તર મેળવી આપ્યો છે તે ચાલે નહિ.

૧ ૨ ૩
૪ ૫
૬
૭ ૮
૯
૨ ૬ ૧

(૩) એ શું? (૧) મગર: તેનું માથું 'મ' કપાય એટલે પાછળ 'ગર' રહે; તેના ઉપર 'અજ' ભૂચર બેસાડીએ એટલે 'અજગર' વનચર બની રહે છે. (૨) સારંગ-સારંગી (૩) સવાલ. જેઓને 'કુમાર' સવારમાં મળ્યું હોય તેમને 'સવાર' શબ્દ પણ પ્રશ્નમાં મૂકેલી બધી શરતો પૂરી પાડે છે એટલે તે પણ સાચો ગણ્યો છે. **(૪) શોધી કાઢો :** ચિત્તરંજન દાસ; મોહનદાસ. **(૫) શબ્દ-ગોઠવણ :** બાજુએ ગોઠવ્યા મુજબ; એમાં પ્રાર્થનાનું ચરણ 'મંગલ મંદિર ખોલો' કાળાં બીબાંથી બતાવ્યું છે **(૬) શબ્દ-ચોરસઃ** **(૭) શબ્દફેરવણુ:** નગર, અગર, અમાત્ય, અગત્ય. **(૮) ચિત્ર-પ્રશ્ન:** બાજુએ બ્લૉકમાં બતાવ્યા પ્રમાણે ચિત્રમાં બધી મળીને ૨૧ લીટીઓ દોરી શકાય. નીચેના સવાલોના ઉત્તર ૧૨મી ઑગસ્ટ સુધીમાં મળવા જોઇએ.

હે **મં** ત
અ **ખો**
મં ત્ર ણા
ર ગ
લો ચ ન
દિ **લ**

જ મ ના
મ યુ ર
ના ર દ



નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: 'આપણાં લગ્ન થયે કેટલાં વરસ થયાં?' પુરુષે પ્રશ્ન કર્યો. તેની સ્ત્રીએ જવાબ આપ્યો: 'મારી જિંદગીનાં $\frac{૨}{૩}$ વરસ થયાં હું તમને પરણી છું, પણ તમે મારા કરતાં એક ડઝન વરસે મોટા છો એટલે તમે તમારી જિંદગીના ૬/૧૧ વરસ થયાં જ મારા પતિ છો.' ત્યારે તમે તે દંપતીની ઉંમર શોધી શકશો? **(૨)** સાત વરસના મનુએ તેના બાપુને પૂછ્યું કે 'બાપુ, મને ઘડિયાળ ક્યારે અપાવશો?' તેના બાપુએ જવાબ આપ્યો કે 'જ્યારે મારી ઉમર તારા કરતાં બરાબર પાંચગણી થશે ત્યારે.' જો તેના બાપુની ઉમર હાલ ૪૮ વર્ષની હોય તો મનુને ઘડિયાળ કેટલાં વર્ષ પછી મળશે? **(૩) અંક-ગમ્મત :** બાજુએ આપેલી ઉપલી બે હારો એવા આંકડા બતાવે છે કે જેમને એકબીજા સાથે ઉમેરતાં અથવા ગુણતાં જવાબ સરખો જ આવે છે; એવી જ રીતે સરવાળા તથા ગુણાકારનો જવાબ સરખો લાવવા માટે બાજુની બે હારોમાં 'ક' અને 'બ'ની આંકડામાં કેટલી કિંમત હોવી જોઇએ?

૨ + ૨ = ૪
૨ × ૨ = ૪
૩ + ક = બ
૩ × ક = બ

(૩) છૂટી પાડો : બે કહેવતો ચાલુ જમાનામાં ખોટી પડવાથી ભેટી પડી છે; તમે તેમને છૂટી પાડી આપશો? ભંર્કસ ગણ બળણુન પત્તા આકાશા બીણ્યો બોટું કૂબે મુંણ. **(૪) એ શું?** (૧) એવું કયું ફળ છે જેની અંદર કિંમત છુપાઇ જાય છે? (૨) એવો કયો રંગ છે જેની અંદર એક ફળ છુપાઇ રહે છે? (૩) એવું કયું ગામ છે જેની અંદર એક ખોરાક સમાઈ જાય છે? **(૫) શબ્દ-ગોઠવણ :** બાજુની આકૃતિમાં નીચે સૂચવ્યા પ્રમાણે બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે ચોકડીથી બતાવેલી બે ત્રાંસી લીટીઓમાં અનુક્રમે એક સામયિક પત્રનું નામ તથા જૂના ગુજરાતી સાક્ષરનું નામ આવી જશે. ઉપલો ચોરસ : પહેલો શબ્દ=કમળ; બીજો શબ્દ=આગેવાન; ત્રીજો શબ્દ=આયુષ્ય: ડાબી બાજુનો ચોરસ: પહેલો શબ્દ=સંભાળ; બીજો શબ્દ=એક મહિનો; ત્રીજો શબ્દ=નકૂટ: જમણી બાજુનો ચોરસ: પહેલો શબ્દ=રત્ન; બીજો શબ્દ=બખ્તર; ત્રીજો શબ્દ=ઢંગ: નીચલો ચોરસ: પહેલો શબ્દ=એક માપ; બીજો શબ્દ=છેલ્લી સંખ્યા; ત્રીજો શબ્દ=મગદૂર.

. . ×
. × .
. . × . . . ×
. × . . × .
× . . . × . .
. × .
× . .

(૬) અક્ષર-પુરવણી : બાજુના કોઠામાં ત્રણત્રણ અક્ષરના છ શબ્દો એકએકની નીચે આપેલા છે તે બધાના વચલા અક્ષરો ભુંસાઇ ગયા છે. તમે તે અક્ષરો સાચા શોધી પૂરી દેશો એટલે વચ્ચેની ઊભી લીટી વાંચતાં આપણા એક દેશભક્તનું નામ વંચાશે. **(૭) શબ્દ-સાંકળી:** નીચેના અર્થ મુજબ છ શબ્દો અનુક્રમે એવા આપો કે દરેકના છેલ્લા બે અક્ષરથી શરૂ થતો નવો શબ્દ બનતો જાય: (૧) ભાઇ (૨) કાળજી (૩) વહીવટ (૪) બોજો (૫) યુદ્ધોત્સાહ (૬) મોજશોખ **(૮) ચિત્ર-પ્રશ્ન:** એક સુતાર પાસે બાજુએ બતાવેલા આકારનું છ ઇંચ પહોળુ ને સોળ ઇંચ લાંબું એક પાટિયું છે; તેમાંથી તેને ચાર ઇંચ પહોળું ને ૨૪ ઇંચ લાંબું પાટિયું બનાવવું છે; તો તે કેવી રીતે વહેરીને બનાવશે?

ક * મ
મ * લ
ક * ટ
વ * ન
ક * ર
ન * ન





માધુકરી

ભલે જગત આજ દૂર જઇ તુજથી બેસતું,
ભલે પતિત પાતકી કહી કહી તને શાસતું,
કદાચ સઘળાં હઠી અલગ એકલો રાખતાં,
રહી અડગ આચરે હૃદયનો ધ્વનિ પારખી.

મહાન પુરુષાર્થથી અવનિ આભ ભેગાં કરી
સદૈવ સુણજે અવાજ ઊઠતો ઊંડા આત્મનો. —**કૃષ્ણલાલ શ્રીધરાણી**

ફાધર એલ્વિન

સ્વાતંત્ર્યપ્રાપ્તિ માટેના હિંદના મંથન પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા જે થોડા ગોરાઓ અને અંગ્રેજોનાં નામ આપણને પરિચિત છે તેમાં, છેલ્લા વર્ષમાં ફાધર વેરીઅર એલ્વિનના નામનો ઉમેરો થયો આપણે જાણીએ છીએ. ૧૯૨૭માં પાદરી થઇને હિંદ આવેલા એ યુવાન ક્રિશ્ચિયન સાધુએ હિંદના દરિદ્રનારાયણોની ખરી હાલત જોઇ, અને તેના ધર્મભીના હૃદય ઉપર તેની એવડી જબરી અસર થઇ કે તેને લાગ્યું કે જે ઢબે મિશનરીઓ હિંદના ગરીબોની સેવા કરે છે તે રીતે નહિ પરંતુ એ ગરીબો માંહેના જ એક બનીને તેમને માટે કરેલા આત્મસમર્પણથી જ તેમની ખરી સેવા થઇ શકે. પોતાના આ આદર્શ અમલમાં મૂકવા તેમણે પૂનામાં ખ્રિસ્ત સેવા સંઘ કાઢ્યો. હિંદના ગરીબોના તારણહાર ગાંધીજી (જેમને એ Citizen of a starving nation–ભૂખે મરતા રાષ્ટ્રના પ્રજાજન–કહે છે)માં ઇશુના આદેશો મૂર્તિમંત થએલા તે જુએ છે ને તેમના સેવા તથા પ્રેમના સિદ્ધાંતોથી મુગ્ધ થઈ તેમના ભક્ત બન્યા છે હિંદના કરોડો ગરીબોના રોટલા-ના તેમજ રાષ્ટ્રની સ્વાધીનતા–સ્વાશ્રય–ના એકમાત્ર સાધન ખાદીના પણ એ સ્વાભાવિકરીતે જ ચુસ્ત અનુમોદક ને પક્ષપાતી બન્યા છે તથા હમણાં સાબરમતી આશ્રમમાં રહીને ખાદીના ઉત્પન્નની બધી વિધિઓનો જાતે ક્રિયાત્મક અભ્યાસ કરે છે.

હિંદ સાથેનો એમનો સંબંધ આજકાલનો નહિ પણ ત્રણ પેઢી જેટલો જૂનો છે. એમના દાદાએ મુરીના હિલ સ્ટેશન –હવા ખાવાના ગિરિનિવાસ–ની સ્થાપના કરેલી. એમના કાકા પણ હિંદી લશ્કરમાં જનરલના હોદ્દા ઉપર હતા. એમનું કુટુંબ હિંદને જ પૈસે પોષાયું ને સમૃદ્ધ થયું છે એવો તેઓ ઋણ-સ્વીકાર કરે છે, ને તેથી જ એ ઋણમુક્તિ ને પ્રાયશ્ચિત્તને માટે હિંદની બને તેટલી સેવા કરવાનો એમણે નિરધાર કર્યો છે.

એમના પિતા આફ્રિકામાં સીએરા લીઓનના મુખ્ય બિશપ હતા. ૧૯૦૨માં વેરીઅર એલ્વિનનો જન્મ થયો. યુરોપનું જગદ્વ્યાપી મહાયુદ્ધ શરૂ થયું ત્યારે એ કુમારવયના વિદ્યાર્થી હતા, એટલે એમને બધી લશ્કરી તાલીમ ફરજિયાત લેવી પડેલી. એ યુદ્ધમાં પહેલો વપરાએલો અને જગબત્રીસીએ ચડેલો પેલો ઝેરી ગૅસ વાપરવામાં પણ તે પાવરધા બન્યા અને બૉમ્બર તરીકે તો એમણે એટલી કારીગરી કેળવેલી કે તે કળાના એ ઉસ્તાદ ગણાતા!

પણ તે દરમ્યાન મહાયુદ્ધ પૂરું થયું અને બીજી બાજુ એમનું શાળાનું શિક્ષણ પણ પૂરું થયું એટલે ઑક્સફર્ડ યૂનિ-વર્સિટીમાં આગળ અભ્યાસ માટે એ દાખલ થયા. મહાયુદ્ધ પછી તેનાં દુઃખમય પરિણામો અને આપત્તિઓને લીધે લોકોનાં મન યુદ્ધ-વિરોધી થતાં ગયાં અને જે શાંતિવાદીઓએ યુદ્ધની શરૂઆતમાં વિરોધનો સૂર ઉઠાવવા માટે ઘણો લોકરોષ વહોરી લીધેલો તેમની શુભ પ્રવૃત્તિના સારાસારની લોકોને અનુભવે સમજણ પડી તથા એ પક્ષ સબળ થતો ગયો. એલ્વિન જેવા સ્વતંત્ર વિચારક જુવાન પર આની અસર થયા વિના રહી નહિ. આ જ સમયે રશિયાના સમાજવાદના વિચારોનું પ્રબળ પૂર પણ સમસ્ત જગત પર ફરી વળતું હતું. ઑક્સફર્ડ યૂનિવર્સિટીનાં બારણાં તેને ખાળી શક્યાં નહિ. એલ્વિન સંપૂર્ણ શાંતિવાદી થવા સાથે સમાજવાદના સમાનવાદી વિચારો-થી પણ રંગાયા.

આ જ સમયે બીજી તરફ ધાર્મિક વિષય પરત્વેનું તેમનું ચિંતન પણ વધતું ગયું. ધર્મ એ તેમને કોઇ અગમ્ય વસ્તુ નહિ પણ તાદશ સાધ્ય જણાવા લાગ્યું. પહેલાં તેમણે સાહિ-ત્યનો અભ્યાસ કર્યો; પછી ઇશ્વરશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન તથા માનસ-શાસ્ત્રનું અધ્યયન કર્યું તથા છેવટે એ વિષયમાં તો તેમણે ઑક્સફર્ડ યૂનિવર્સિટીમાં 'ડબલ ફર્સ્ટ'નું માન મેળવ્યું તથા બીજાં પણ ઘણાં પારિતોષિક પ્રાપ્ત કર્યાં. એમાંનું એક ઇનામ 'ક્રાંતિયુગની કવિતા' પર નિબંધ લખવા માટે હતું.

યૂનિવર્સિટીનું આ માન મેળવ્યા પછી ૧૯૨૬માં તે ઑક્સફર્ડમાં જ 'ઈશ્વરશાસ્ત્ર'ના અધ્યાપક તરીકે નીમાયા અને ૧૯૨૭માં તેમને પ્રીસ્ટ-ધર્મપ્રબોધક (પાદરી) બનાવવામાં આવ્યા. પહેલાં તો તેમનો ઇરાદો ઑક્સફર્ડમાં જ સ્થાયી વસવાટ કરવાનો હતો, પણ પાછળથી, ઉપર જણાવેલા કારણે ઋણમુક્તિની ઇચ્છા ને સેવાબુદ્ધિથી તેમણે હિંદ આવવાનો નિરધાર કર્યો.


૧૯૨૭માં હિંદુસ્તાનમાં આવ્યા બાદ તેમની તબિયત બહુ સારી ન રહી; અને ૧૯૨૯માં તો ગંભીર માંદગીને કારણે તેમને એ વર્ષનો ઘણો ભાગ ઇંગ્લંડમાં ગાળવો પડયો. એ દરમ્યાન એમણે હિંદના ધર્મો તથા તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો.

કદાચ ન મનાય એવું છે, પણ આ સેવાભાવી ધર્મપ્રબોધક કવિ પણ છે અને કાવ્યનાં બે પુસ્તકો એમણે બહાર પાડયાં છે. એ ઉપરાંત 'રિચાર્ડ રોલ' નામના એક મધ્યયુગના નિગૂઢવાદીની ફિલસૂફી વિષેનું તથા 'ક્રિશ્ચિયન ધ્યાન' નામનું એમ બે પુસ્તકો એમણે લખ્યાં છે.

હિંદુસ્તાનની રાજકીય પરિસ્થિતિમાં એ રસ લે છે એટલું જ નહિ પણ સમભાવપૂર્વક હિંદના મુક્તિમંથનમાં બને તેટલા સહાયક પણ થવા ઇંતેજાર છે. ગાંધીજીએ હિંદને-બલ્કે જગતને આપેલા અણમોલ શસ્ત્ર અને ધર્મ સત્યાગ્રહ વિષે એમણે સારી વિચારણા કરી છે તથા 'ક્રાઈસ્ટ અને સત્યાગ્રહ' નામની પત્રિકા લખી છે, જેણે ખ્રિસ્તી પત્રોમાં ખૂબ ચકચાર જગાડી છે. એ ઉપરાંત ગયા વરસના સત્યાગ્રહ યુદ્ધ વખતે ગયા ડિસેમ્બરમાં ગુજરાતનાં હિજરતી ગામડાંઓમાં ફરીને ત્યાંની સ્થિતિનો પોતે જોએલો ચિતાર 'ગુજરાતનાં ત્યજાએલાં ગામોમાં' એ નામની પત્રિકામાં આલેખ્યો છે. આ ઉપરાંત પૂનાના મિશનમાં હતા તે વેળા તેમણે ક્રૉનિકલમાં રાજકીય પ્રશ્નો પર થોડા લેખો લખેલા. આથી તેમના પર સરકાર તરફથી આડકતરું દબાણ થયું. સત્યને દાબવાના આ પ્રયત્નનો ઉત્તર તેમણે ક્રૉનિકલમાં બીજા બાર લેખો લખીને વાળ્યો. તેઓ કહે છે કે આ દબાણ કરીને તો સરકારે ઉલટો મને વધારે ગાંધીભક્ત અને ખાદીભક્ત બનાવ્યો.

ખાદીમાં તેમની કેવી શ્રદ્ધા છે તે ઉપર કહેવાઇ ગયું. પોતે શુદ્ધ ખાદી જ પહેરે છે, અને મહાસભાની પ્રવૃત્તિઓને તેમનો સંપૂર્ણ ટેકો છે. એ ઉપરાંત હિંદનાં સાહિત્ય, કલા અને સંગીત માટે ખૂબ આદર અને રસ ધરાવે છે. હિંદના ગરીબોની સેવા એ તેમનું જીવનકાર્ય છે; પણ બીજા મિશનરીઓ જે રીતે સેવા કરે છે તે રીતે નહિ. તે પોતે ભારપૂર્વક જણાવે છે કે હું 'મિશનરી' નથી. તેમનો આદર્શ દરિદ્રનારાયણોની ખરી સેવા કરવાનો છે અને એ સેવા તથા ખાદીકાર્ય માટે એક આશ્રમ સ્થાપવાની તેમની મનોવાંછના છે.

એમની આ ટૂંકી જીવનરેખા શ્રી મહાદેવભાઇએ નવજીવનમાં આપેલા તેમના પરિચયના ઉતારાથી સમાપ્ત કરીશું.



ફાધર એલ્વિન

'ફાધર એલ્વિન એ ભગવાનના માણસ છે. જ્યારે ગુજરાતમાં જુલમનો દોર પૂર જોશમાં ચાલતો હતો અને ગુજરાતના ઘણાખરા કાર્યકર્તા જેલમાં પડેલા હતા ત્યારે એ ભલા પાદરી બોરસદ-બારડોલીના ગામડેગામડે ફરેલા ને ખેડુતોની હાય તેમણે પ્રગટ કરેલી,—ઠેઠ વિલાયત સુધી પહોંચાડેલી. આનું કારણ એ છે કે તે એક અદ્વિતીય મિશનરી છે. સરકારને ટેકો આપવાનું કર્તવ્ય છે એમ માનનારા મિશનરીઓમાંના તે એક નથી, પણ સરકારનાં કરેલાં પાપ ધોવાય તો ધોવાનું કર્તવ્ય છે એમ માનનારા ગણ્યાગાંઠ્યા મિશનરીઓમાંના એ એક છે. એમને વધુ ખ્રિસ્તીઓ બનાવવાની કશી પડી નથી, પણ ખરું ખ્રિસ્તી જીવન ગાળીને સેવા કરવાની પડી છે. પોતાના કાર્યમાં એમને અનેક વિઘ્નો નડે છે, એમની પ્રવૃત્તિ એમના જ જાતભાઈઓ અને ધર્મભાઇઓ સાંખી નથી શકતા અને એમનો મારગ દોહેલો કરી મૂકે છે. પણ એની જાહેર ચર્ચા તેઓ કરવા ના પાડે છે. "સ્વરાજ આવવા દોની, બધું સરખું થઈ રહેશે. અમારા મિશનરીઓ પણ પોતાનું કર્તવ્ય સમજશે." એમ તેઓ કહે છે.

ઈશુજીવન એટલે પ્રભુપરાયણ જીવન અને પ્રભુપરાયણ જીવન એટલે પવિત્ર ગરીબ જીવન એમ માનતા હોઈ એની શોધમાં એ ભટકે છે. ઈશુના સિદ્ધાંતો ગાંધીજીના જીવનમાં જેવા મૂર્તિમત થતા જુએ છે તેવા બીજા કોઈના જીવનમાં ન જોતા હોવાથી તેઓ ગાંધીજીની સાથે થોડા દિવસ નિકટ પરિચયમાં ગાળવા આવ્યા. એવું ગરીબ જીવન જેને માટે એ

તલસે છે તે કયાં મળી શકે એ પૂછવા અને જાણવા આવ્યા. વેડછી જોઇને એમની આંખ ઠરી, સાથેસાથે બારડોલીનાં બીજાં ગામોમાં ગયા, અને બધાં યે ગામોને તેમણે પોતાની શ્રદ્ધાંજલિ અર્પણ કરી. એ શ્રદ્ધાંજલિથી આપણે ન ફૂલાઇએ પણ આપણે વધારે નમ્ર બનીએ. "મારા દેશબંધુઓના કૃત્યથી હું શરમાઉં છું; પણ તમે ગુસ્સે ન થશો, એમને માફી આપશો" એ એમની વીનવણીને આપણે હૃદયમાં ધરીએ. મહાસભાના તેઓ ભક્ત છે એ વાતને આપણે સંઘરીએ, પણ મહાસભાના તેઓ શા માટે ભક્ત છે એ જાણીને આપણે મહાસભાને તેમના આદર્શની પવિત્ર સંસ્થા બનાવવા માટે દરેક જણ પ્રયત્ન કરીએ, દરેક જણ આપી શકીએ તેટલો હિસ્સો આપીએ. મહાસભા સંપૂર્ણ સ્વરાજ માગે છે એ તેમને ગમે છે, કારણકે તેઓ ગુલામીની સામે થવાનો ધર્મ માને છે એટલો જ પોતાની પ્રજા બીજીને ગુલામ રાખતી હોય તો તેની સામે થવાનો પણ ધર્મ માને છે. સ્વરાજયુદ્ધને એ અપૂર્વ આત્મશુદ્ધિનું ધર્મયુદ્ધ માને છે અને એ દ્વારા જગતની પણ આત્મશુદ્ધિ થશે એમ એ માને છે. આપણે દરેક જેટલી આત્મશુદ્ધિ કરી શકીએ તેટલે જ અંશે એ ધર્મયુદ્ધ રહેશે. વળી સત્યાગ્રહ દ્વારા જગતમાં ચાલતા વિગ્રહો અને અશાંતિ નાબૂદ થશે એ તેમનો વિશ્વાસ છે એટલે સત્યાગ્રહને એ ટેકો આપે છે, અને સ્વરાજ રામરાજ થશે એવી તેમને શ્રદ્ધા છે એટલે સ્વરાજની લડતમાં અપાય તેટલો હિસ્સો એ આપવા માગે છે. એમની શ્રદ્ધા ને આશાને આપણે સો લાયક થઇએ.'

પરપોટા કંપનીઓ

સહકારી યોજનાને નામે ગુજરાતમાં કેટલીક પરપોટા કંપનીઓ ગામડાંના અજ્ઞાન લોકોને ઠગવાનો ધંધો ચલાવી રહી છે, તેની સામે ખૂબ ચેતવણી શરૂ થઇ છે. આ કંપનીઓ ૯૦ દિવસ પછીને મરણપ્રસંગે અથવા બાર કે પંદર વર્ષની ઠરેલી મુદ્દત પૂરી થયે રૂા. ૧૦૦૦-૧૫૦૦ આપવાની લાલચ બતાવીને રૂા. પા દાખલ ફી., વાર્ષિક રૂા. ૧ સભાસદ ફી અને દર માસે અથવા દર મરણે રૂા. ૧, બાર કે પંદર વર્ષ સુધી ભરવાનું જણાવે છે. દીવામાં કુદાં પડે તેમ અજ્ઞાન લોકો આ કંપનીઓની જાળમાં લોભને કારણે ફસાય છે. શરૂઆતમાં ૫-૨૫ રૂપિયા ભરવાથી થોડા સભાસદોને મોટી રકમો મળી હોય, તે ઉપરથી બધાને ય એવી રકમો મળશે એમ માની ગામડાંના સેંકડો લોકો ઠગાયા છે અને ઠગાયે જાય છે. ખોટી જાહેર ખબરોથી, ભોળે ભાવે કે જાણીબૂજીને ઠગવાનો ધંધો લઇ બેઠેલા કેટલાક એજંટોની મીઠી વાણીથી, પદવીધરો અને અન્ય ખ્યાતિવાળા, કર્તવ્યથી વિમુખ બનેલા મોટા ગણાતા માણસોના ડિરેક્ટરો તરીકેના નામથી, ફીની લાલચે કાયદાની સલાહ આપવાનું સ્વીકારનાર જાણીતા વકીલો વા હિસાબ તપાસનાર ઑડિટરોની પ્રતિષ્ઠાથી તમે કોઇ ઠગાશો નહિ. 'લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે' એ ન્યાયે નવા સભાસદો થાય છે. અને ગુજરાતમાં અત્યારે ૫-૧૫ નહિ, પણ ૨૫-૫૦ કંપનીઓ આ જાતનું કામ કરવાનું —જિંદગીનો મફત વીમો ઉતારી પાછળનાં માણસોને મોટી મદદ આપવાનું જાહેર કરે છે અને ઠગે છે. આ કંપનીઓનું કામ એકદમ બંધ કરવામાં આવે તો તેમાંની થોડીક જ કંપનીઓ એવી હશે જે દરેકને રીઝર્વ ફંડમાંથી ભરેલી રકમના દોઢા પૈસા આપી શકે. પૈસા ભરતાં થાકે વા વસ્તુસ્થિતિ સમજે તે હપ્તા ભરવાનું છોડી દે, છતાં નવાનવા માણસો ફસાયે જાય; એટલે આ રીતે આ કંપનીઓનો ધંધો ચાલે છે. તમે ડાહ્યા હો તો આ પરપોટા કંપનીઓથી તમે જાતે બચો અને ચેતવણી આપીને તમારા મિત્રોને અને સંબંધીઓને બચાવી લો. સેવાભાવી હો તો આ કંપનીઓની સામે પ્રચારકાર્ય કરો અને તેમની ઠગાઇ ઉઘાડી પાડો.

—મોતીભાઈ ન. અમીન.

થર્મૉમીટર

'કુમાર'ના ૮૪મા અંકને છેલ્લે પાને થર્મૉમીટર વિષે માહિતી આપી છે કે તે ગરમી માપવાનું યંત્ર છે એટલે ગરમી લાગવાથી પારો ચડે; છતાં એને ગરમ પાણીમાં મૂકી જોવાથી પારો એકદમ નીચે ઊતરી જશે. આ પ્રયોગ કરવો જોખમભર્યો તો છે, કેમકે એમાં થર્મૉમીટર તૂટી જવાનો ભય છે. બાકી તે વાત ખરી છે. એ કેમ બને છે તેનું સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે: ઠંડીથી સંકોચ (આકુંચન) અને ગરમીથી વૃદ્ધિ એ ભૌતિકશાસ્ત્રનો નિયમ છે. થર્મૉમીટરને એકાએક ગરમ પાણીમાં મૂકવાથી કાચની નળીની એકદમ વૃદ્ધિ થાય છે. તેથી અંદરની જગ્યા વધે છે, નળીનું રંધ્ર એકદમ મોટું થાય છે અને આમ એકાએક જગ્યામાં વૃદ્ધિ થવાથી પારો એકદમ નીચે ઊતરે છે.

પણ પછી તરત જ, એટલે કે એક વાર પૂરતું expansion થઇ ગયા પછી, પારાના ગુણધર્મ પ્રમાણે પારો ઊંચે ચઢવા માંડે છે અને યોગ્ય ગરમી બતાવે છે. —શંકર દ. કાલેલકર

બે દાન

વર્તમાન રાજકીય ચળવળની અપૂર્વ ધમાલને લીધે વધારે અગત્યના બનાવોની નોંધ જેવી લેવાવી જોઇએ તેવી લેવામાં ક્વચિત્ નથી આવતી. દા. ત. કલકત્તા યૂનિવર્સિટીને સ્વ. સર તારકનાથ પાલિતે રૂ. ૧૦ લાખ અને સર રાસબિહારી ઘોષે રૂ. ૧૫ લાખ વિજ્ઞાનની કૉલેજ માટે દાન આપેલા તથા મરહૂમ જમશેદજી એન. તાતાએ બૅંગલોરમાં વિજ્ઞાનની સંસ્થા માટે રૂ. ૩૦ લાખ તેમજ રાજા સર અન્નામલાઇ ચેટીએ ચિદંબરમ યૂનિવર્સિટી સ્થાપવા સારૂ રૂ. ૩૫ લાખ આપેલા ત્યારે તેમની જે પ્રશંસા તે વખતે કરવામાં આવેલી તેથી અરધી પ્રશંસા પણ થોડા વખત પર થએલ અપૂર્વ દાન માટે થએલી જોવામાં આવતી નથી. મધ્યપ્રાંતના કાંઠીના વતની

સ્વ. રા. બ. લક્ષ્મીનારાયણ જેઓ મૅંગેનીઝના મોટા વેપારી હતા તેમણે પોતાના વિલ પ્રમાણે રૂ. ૪૦ લાખ ધર્માદા કર્યા છે જેમાંથી રૂ. ૩૭ લાખ નાગપુરની યૂનિવર્સિટીને વિજ્ઞાનના શિક્ષણ સારૂ આપ્યા છે. ધન્ય છે એ દાનવીરને!

એક બીજા સાહિત્યિક દાનની નોંધઃ બનૈલી-રાજ્યાધિપતિ કુમાર કૃષ્ણાનંદસિંહજીએ પોતાના બીજા રાજકુમારના જન્મોપલક્ષમાં 'ગંગા' નામના હિંદી માસિકને રૂ. ચાળીસ હજારનું દાન એવા ઉદ્દેશથી કર્યું છે કે બે વર્ષ સુધી વીસ હજાર અસમર્થ વ્યક્તિઓ (ગરીબ વિદ્યાર્થીઓ, ખેડુતો, મજૂરો, અંત્યજો, વગેરે) તથા પુસ્તકાલયોને એ માસિક બે રૂપિયે ઓછે (તેનું વાર્ષિક લવાજમ રૂ. પાંચ છે તેને બદલે રૂ. ત્રણમાં) મળે.

વાદળાંના રંગ

વાદળાં કેટલીકવાર સફેદ, કોઇવાર ભૂખરાં ને કદિક શ્યામ કાળાં જણાય છે એ કાંઇ તેમના અસલ રંગ નથી હોતા. ખરી રીતે તો વાદળાં એટલે વરાળના ગોટા, એ તો વિજ્ઞાન જાણનારા સૌકોઇ સમજે છે. એ ગોટા ઉપર સૂર્યનો પ્રકાશ જુદીજુદી રીતે પડવાને લીધે જ તેને એવા વિવિધ રંગ મળે છે. વાદળું આકાશમાં અતિશય ઊંચે હોય અને સૂર્યનાં કિરણો તેની નીચેથી તેના પર પડતાં હોય ત્યારે તે સફેદ રંગનું દેખાય છે. વાદળું નીચું હોય ત્યારે પ્રકાશ તેના મથાળેથી પડતો હોવાને લીધે નીચલો ભાગ પડછાયામાં હોવાથી તે કાળો દેખાય. સૂર્યપ્રકાશ ન હોય ત્યારે વાદળાં ભૂખરા રંગનાં દેખાય છે તે પૃથ્વીના રંગની પ્રતિચ્છાયા છે.

સવારે અને સાંજે વાદળાં રતાશ પડતાં, કેસરી, ભગવાં ગુલાબી—એમ વિવિધરંગી જણાય છે. આનું કારણ એ છે કે એ સમયે સૂર્યનાં કિરણો દૂરથી પડતાં હોય છે અને જરા ત્રાંસમાં આવતાં હોય છે. આ કિરણો અનંતકોટિ રજનાં પરમાણુઓમાંથી પસાર થવાને લીધે તેમાં મેઘધનુષ્યના વિવિધ રંગો ઉપજે છે; અને આ રંગો (જેમાં લાલ ઘણું પ્રાધાન્ય ભોગવે છે) વાદળાંને મળવાથી તેઓ વિવિધરંગી બને છે.

ભૂલનાં પણ નાણાં ઉપજે છે!

ટિકિટો સંઘરનારાઓને રસ પડે એવી આ વાત છે. અમેરિકાની ટિકિટો છાપનારા વૉશિંગ્ટનના સરકારી છાપખાનામાં ૨૪ સેન્ટની કિંમતની એર મેઇલની ટિકિટો છાપતાં એક ભૂલ થઇ ગઇ! આવાં સરકારી ખાતાંઓ એટલાં ચોક્કસ હોય છે કે હરગીઝ ભૂલ થવા ન દે; પણ ટિકિટમાંનો ઍરોપ્લેનનો બ્લૉક અતિશય ઝીણો એટલે અવળો મુકાઈ ગયો, અને ૧૦૦ ટિકિટોનું એક પાનું એ રીતે છપાઇને ભૂલ પકડાય તે પહેલાં ચલણમાં જતું રહ્યું. પછી તો અલબત્ત, તરત ભૂલ સુધારી લેવામાં આવી; પણ ચલણમાં ચાલી ગએલી પેલી ૧૦૦ ટિકિટોમાંની એક ટિકિટ હમણાં એક ફિલેટેલિસ્ટ (ટિકિટ-સંગ્રહ-શોખી) યૂજિન કલેઇને ૨૩૬૦ ડૉલર (આશરે સાડા છ હજાર રૂપિયા)ની કિંમતે વેચી! બાકીની ૯૯ ટિકિટોનું શું થયું તેનો પત્તો હજી લાગ્યો નથી.

નવી નવાઈ

ન્યૂ યૉર્કનો એક જુવાન ફોટોગ્રાફર એક એવો કૅમેરા બનાવે છે કે જેમાં માત્ર ½ ઇંચ પહોળાઇની ફિલ્મ ચડાવી શકાશે, અને એવી ફિલ્મના એક સ્પૂલમાં એક હજારથી વધુ ચિત્રો પાડી શકાશે. તેની જ સાથોસાથ પાછું તેણે એ ચિત્રોની મોટી છાપ લેવાનું એન્લાર્જર એવું બનાવ્યું છે કે જે ૪૮ ગણાં મોટાં ચિત્રો ઉતારી આપે. એ કૅમેરાની આશરે ૨૦૦ પૌંડ કિંમત અંદાજાઈ છે.



આ અંકની ફોટોહરીફાઇમાં પહેલું ઇનામ જીતનાર શ્રી જમશેદ સાગરનો ફોટોગ્રાફ 'ગ્રામ્ય નાચરંગ'


❀ સ્વીકારેલો પથ ન તજવો સંતની એ સુનીતિ

જર્મનીને મહત્તાના શિખરે પહોંચાડનાર પ્રુશિયાનો જગનામી નરેશ ફ્રેડરિક નાનપણમાં વાચન ને રખડપાટનો બહુ શોખીન હતો. અસાધારણ યોદ્ધા તરીકે પંકાએલા તેના યુદ્ધપ્રિય પિતાએ પુત્રને લશ્કરી તાલીમ માટે યુરોપભરમાં અદ્વિતીય ગણાતા પોતાના સૈન્યમાં મૂક્યો. એક વાર એ રસહીન લાગતા કામમાંથી ગચ્છંતી કરી ગએલા ફ્રેડરિકને કાંડે ઝાલીને પકડીને તેના પિતાએ લશ્કરી વડા સન્મુખ હાજર કર્યો ને એ ગુના માટે જે કાંઈ સજા હોય તે કરવાનો હુકમ કર્યો. રાજાનો આ નિરધાર સાંભળી પ્રજા તથા અધિકારીવર્ગ કંપી ઊઠ્યાં, કેમકે લશ્કર છોડી જનારને ગોળીની જ સજા હોય છે. અંતે સૌની આજીજીને પરિણામે ફ્રેડરિકને દોઢ માસની એકાંત કેદની સજા આપ્યે જ એના શિસ્તપ્રિય પિતાએ છૂટકો કર્યો.

ફ્લૉરેન્સ (ઇટાલી)ના કવિ બાર્ટોલોમિયો ફ્રેસ્કોબાલ્ડીની પત્ની ડાયાનોરા સાલ્વીઆટીએ તેના જીવનમાં બાવન પુત્રોને જન્મ આપ્યો હતો. ફ્લૉરેન્સમાં એ કુટુંબ પ્રખ્યાત છે, અને આ મહાન માતાને ઈટાલિયન સાહિત્યમાં પણ અમર કરવામાં આવી છે.

સૅકેરિન સામાન્ય સાકર કરતાં ૫૫૦ ગણું મીઠું હોય છે; ગળપણની એ અતિશયતાને લીધે તે સ્વાદે કડવું લાગે છે!

ડેથ વૅલીમાં ફરનેસ ક્રીકમાં એટલી બધી ગરમી પડે છે કે ત્યાં છાંયામાં પણ પારો થર્મોમીટરમાં ૧૩૪ ડિગ્રી ચડે છે!



હંપીની એક ભેંશનાં શીંગડાં આટલાં લાંબાં–ઠેઠ આઉ લગભગ પહોંચે એવડાં છે. (ડી. આનાજીરાવના ફોટો ઉપરથી)

• જૂનાં પીળાં પડી ગએલાં બટેટાંને બાફવાના પાણીમાં થોડો સુરકો નાખવો. સફેદાઇ આવશે ને બેસ્વાદપણું ચાલ્યું જશે.

• વીંછીના ડંખ ઉપર ભાંગેલી કે જૂની ગ્રામોફોન રેકર્ડનો કટકો પાણીમાં ઘસીને લગાડવાથી ઊતરી જશે.

• દીવાળીમાં દેશી ફુલખરણીઓ સળગાવતાં તેનો ધગધગતો રસ જે નીચે પડે છે તે ઠરી ગએલા ગલને પાણીમાં ઘસી વીંછીના ડંખ પર ચોપડવાથી પણ વીંછી ઊતરી જશે.

• ઉકાળેલી ચાનો કૂચો ફેંકી ન દેતા; એનાથી લાકડાનું ફરનિચર સાફ થશે.

• ખાદીનાં કપડાંને ધોતાં પહેલાં પા કલાક છાશમાં બોળી રાખજો; કુમાશ આવશે.



સરદાર ભગતસિંહનો નાનો ભાઈ કુલતાર તેના પિતા સ. કિસનસિંહ સાથે.

૧૮ વર્ષની જર્મન કન્યા હિલ્ડા મિટ્ઝ ૧૧ કલાકમાં ૭૫ માઈલ ડાન્યુબ નદીમાં મેલ્કથી વીએના સુધી તરી હતી.



આયર્લાંડે સ્વરાજ મેળવ્યું તેની સાથે જ તેના સિક્કા પણ નવા પડ્યા, જે પર આયર્લાંડનાં મુખ્ય પ્રાણીઓને દેશના પ્રતીક તરીકે સ્થાન આપ્યું છે: મથાળેથી ડાબી બાજુએથી લેતાં: ૧ પેન્સ પર બચ્ચાં સાથે મુરઘી; ૦॥ પેન્સ પર બચ્ચાં સાથે ભૂંડ; ૦। પેન્સ પર લક્કડખોદ પક્ષી, ૩ પેન્સ પર સસલું; ૬ પેન્સ પર વરૂ-કૂતરો; ૧ શિલિંગ પર ગોધો, બે શિ. પર સાલમન માછલી; ને છેલ્લે ૨॥ શિલિંગ (૦॥ ક્રાઉન)ના સિક્કાની બંને બાજુ બતાવી છે, જેમાં એક તરફ આઇરિશ ઘોડો ને પાછલી બાજુ 'હાર્પ' નામનું તંતુવાદ્ય છે જે ઉપર જણાવેલા દરેક સિક્કાની પાછલી બાજુ એકસરખું રાખવામાં આવ્યું છે.